
# આરાધના

## પ્રતિક્રમણ સૂત્ર પ્રકાશ

श्री कैलाशसागर सूरि ज्ञानमं...
महावीर जैन आराधना केन्द्र, ...
गांधीनगर, पिन-382009.



પ.પૂ. આચાર્ય શ્રી વિજયભુવનભાનુસૂરીજી

—: પ્રકાશક :—
**દિવ્ય દર્શન ટ્રસ્ટ**
૬૮, ગુલાલવાડી, ત્રીજે માળે, મુંબઈ-૪૦૦૦૦૪

# આરાધના

## ચૈત્યવંદન સૂત્ર પ્રકાશ

: લેખક :

પ. પૂ. આચાર્ય શ્રી વિજયભુવનભાનુસૂરિજી

પ્રાપ્તિસ્થાન

**કુમારપાળ વિ. શાહ**

૬૮, ગુલાલવાડી, ૩ જે માળે

મુંબઈ ૪૦૦ ૦૦૪

પ્રકાશક :–
દિવ્યદર્શન ટ્રસ્ટ
૬૮ ગુલાલવાડી,
ત્રીજે માળે
મુંબઈ ૪૦૦ ૦૦૪

પ્રત : ૩૦૦૦

કિંમત : પાંચ રૂપિયા

[ સર્વાધિકાર સુરક્ષિત ]

મુદ્રક :–
જુગલદાસ સી. મહેતા
શ્રી પ્રવીણ પ્રિન્ટરી
સ્ટેશન રોડ,
સોનગઢ ૩૬૪૨૫૦

विજયભુવનભાનુસૂરીશ્વરજી મહારાજનું

## પ્રેરક તાર્કિક અને તાત્વિક સાહિત્ય

| પુસ્તકનું નામ | ભાષા | કિંમત |
|---|---|---|
| પરમતેજ ભાગ-૧ | ગુજરાતી | ૯-૦૦ |
| પરમતેજ ભાગ-૨ | ,, | ૧૫-૦૦ |
| પ્રતિક્રમણ સૂત્ર-ચિત્ર આલ્બમ | ,, | ૧૨-૦૦ |
| જાલિની અને શિખીકુમાર | ,, | ૭-૫૦ |
| સીતાજીના પગલે પગલે ભાગ-૧ | ,, | ૭-૫૦ |
| સીતાજીના પગલે પગલે ભાગ-૨ | ,, | ૭-૫૦ |
| ધ્યાન અને જીવન ભાગ-૧ | ,, | ૭-૫૦ |
| ધ્યાન અને જીવન ભાગ-૨ | ,, | ૭-૫૦ |
| રુકમી રાજાનું પતન અને ઉત્થાન ભા.-૧ | ,, | ૫-૦૦ |
| રુકમી રાજાનું પતન અને ઉત્થાન ભા.-૨ | ,, | ૭-૫૦ |
| ઉચ્ચ પ્રકાશના પંથે | ,, | ૬-૦૦ |
| ઉચ્ચ પ્રકાશના પંથે (પંચસૂત્ર) | ,, | ૩-૦૦ |
| સિંહ અને આનંદ | ,, | ૬-૦૦ |
| ધ્યાન શતક | ,, | ૫-૦૦ |
| જૈન ધર્મનો પરિચય (શિબિર ટેક્સ) | ,, | ૫-૦૦ |
| નિશ્ચય-વ્યવહાર | ,, | ૩-૦૦ |
| યોગદૃષ્ટિ સમુચ્ચય | ,, | ૩-૦૦ |

**પુસ્તક મંગાવનારને પોસ્ટેજ ખર્ચ અલગ લાગશે.**
**પુસ્તકની રકમ મનીઓર્ડર દ્વારા મોકલવી.**

દિવ્ય દર્શન કાર્યાલય
C/o કુમારપાળ વિ. શાહ
૬૮, ગુલાલવાડી, ત્રીજે માળે
મુંબઈ-૪૦૦૦૦૪

# પ્રકાશકીય નિવેદન....

સિદ્ધિ માટે સાધન અને સાધના બંનેની અનિવાર્ય જરૂર છે. જ્ઞાન અને ક્રિયા બંને સાધના માટે આવશ્યક છે. જ્ઞાન સહિતની ક્રિયા મોક્ષ માર્ગ છે. મોક્ષ માટે જ્ઞાન અને ક્રિયા આવશ્યક જ નહિ, અનિવાર્ય પણ છે.

જ્ઞાન એટલે શ્રુતજ્ઞાન. આ શ્રુતજ્ઞાન માટે કહેવાયું છે કે ' શ્રી અરિહંતો અર્થને કહે છે. ભવ્યાત્માઓના કલ્યાણ માટે ગણધર ભગવંતો તેને નિપુણ રીતે સૂત્રરૂપે રચે છે અને તેથી શ્રુત પ્રવર્તે છે. '

શ્રી ભદ્રબાહુસ્વામીજી શ્રુતજ્ઞાનનો પરિચય આપતાં જણાવે છે કે " સામાયિકથી માંડીને બિન્દુસાર [ચૌદમું પૂર્વ] સુધી શ્રુતજ્ઞાન છે. આ શ્રુતજ્ઞાનનો સાર ચારિત્ર છે. અને ચારિત્રનો સાર નિર્વાણ [મોક્ષસુખ] છે."

શ્રી તીર્થંકર પરમાત્માઓએ ભવ્ય જીવોને નિર્વાણ પ્રાપ્ત કરાવે એવા અર્થ કહ્યા તેથી તેઓ આપણા સર્વ પ્રથમ ઉપકારી છે. શ્રી ગણધર ભગવંતોએ અર્થને સૂત્રરૂપે આપણને આપ્યા અને શ્રી ગુરુ ભગવંતોએ એ સૂત્રોના અર્થ, ભાવાર્થ અને મહિમા આપણને સમજાવ્યા તેથી તેઓ પણ આપણા ઉપકારી છે. આ ઉપકારી ભગવંતોની વંદના, સ્તુતિ, પૂજા કરવામાં આપણા જ આત્માનું કલ્યાણ છે.

પ્રતિદિન શ્રાવકે જિનપૂજા-દર્શન-વંદન, ચૈત્યવંદન, ગુરુવંદન અને સામાયિક વગેરે ક્રિયા શુદ્ધ વિધિ અને શુભભાવપૂર્વક અવશ્ય કરવાની

હોય છે. આ ભાવપૂર્વકની ક્રિયાઓ ભવનાશ કરનારી જ્ઞાનીઓએ કહી છે. આ પુસ્તક પણ આ ઉપરોક્ત ક્રિયાઓ માટે ઉપયોગી આધારરૂપ બની રહે તેવું સુયોગ્ય આલંબન રૂપ છે.

આ ઉપયોગી પુસ્તકનાં પૃષ્ઠોમાં આગમસૂત્રોના આકંઠ અભ્યાસી તપ અને વિશુદ્ધક્રિયાથી એ શ્રુતજ્ઞાનને પોતાના જીવનમાં ચરિતાર્થ કરનાર પૂજ્યપાદ આચાર્ય દેવ શ્રીમદ્‌વિજય **ભુવનભાનુસૂરીશ્વરજી** મહારાજ સાહેબે મનનીય અભ્યાસપૂર્ણ વિવેચન પ્રસ્તુત કર્યું છે. શાળા કોલેજના વિદ્યાર્થીઓ જ નહિ, પણ વાંચી સમજી શકતાં સૌ કોઈ આ નિર્વાણપ્રદાયક સૂત્રોનું ગહન ગંભીર રહસ્ય સમજી શકે તે રીતે તેના અર્થ અને ભાવાર્થ ઉપરાંત આ પુસ્તકમાં ગુરુવંદન, ચૈત્યવંદન અને સામાયિક લેવા પારવાની વિધિ અને એનું મહત્ત્વ તથા ફળ સમજાવ્યું છે. આ સિવાય પૂર્વાચાર્યોરચિત ભાવભર્યાં સ્તવન, ચૈત્યવંદન, સજ્ઝાય, થોય તથા સ્તુતિઓ પણ પુસ્તકારૂઢ કરાયાં છે.

આ પુસ્તક પ્રકાશનનો હેતુ એ છેકે મેટ્રીક-કોલેજના જૈન યુવાનોના જીવનઘડતર અર્થે છેલ્લા પંદરેક વરસથી જૈન ધાર્મિક શિક્ષણ શિબિરનું આયોજન થાય છે, આ શિબિરોમાં યુવાનોને પૂજ્યપાદ આચાર્ય શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ ૫-૫ વિષયોની તાર્કિક અને મર્મભરી વાચનાઓ આપે છે. શિબિરમાં પ્રવેશ મેળવતા યુવાનોને ૨૧ દિવસના સમય દરમ્યાન સામાયિક, ગુરુવંદન, અને ચૈત્યવંદનસૂત્રો તથા સ્તવન, સ્તુતિ, સજ્ઝાય, ચૈત્યવંદન થોય ઇત્યાદિ ફરજિયાત કંઠસ્થ કરવાનાં હોય છે. આ સૂત્રો, અર્થ, ભાવાર્થ, વિધિ અને સ્તવન ઇત્યાદિના સંકલનના પાઠ્યસ્પુતકનો અભાવ હતો. પૂજ્યપાદ શ્રીની કલમ દ્વારા તૈયાર થયેલ આ પુસ્તકથી તે પૂર્ણ થાય છે. દેખીતી રીતે જ આ પુસ્તક શિબિરાર્થીઓ માટે, પ્રારંભથી અભ્યાસ કરવા ઇચ્છતા આરાધકો માટે, પાઠશાળાઓનાં બાળક બાળિકાઓ માટે તથા આ ક્રિયાઓમાં રસરુચિ ધરાવતા સર્વ કોઈ માટે તેટલું જ ઉપયોગી છે.

આ પાઠ્યપુસ્તકની વિશિષ્ટતા અને વિમળતા એ છે કે પૂજ્યપાદ

આચાર્યશ્રી વિજયભુવનભાનુસૂરીશ્વરજી મહારાજસાહેબે, પોતાની અનેકવિધ સમ્યક્ શાસન સેવાઓની જવાબદારીમાંથી સમય ફાળવી સૂત્રોના અર્થ અને ભાવાર્થ સવિસ્તાર લખી આપ્યા છે. પૂજ્યપાદશ્રીની અનુભવપૂત કલમનો આ પાઠ્યપુસ્તકને સ્પર્શ થયો હોવાથી તે વધુ પ્રમાણભૂત બન્યું છે. અમો પૂજ્યપાદશ્રીએ લીધેલ શ્રમ અને કરેલા ઉપકારો માટે અનહદ ઋણી છીએ.

આ અત્યંત ઉપયોગી પુસ્તકના પ્રકાશન માટે અમને મુંબઈ નિવાસી શ્રી દિનેશભાઈ કાન્તીલાલ કોઠારી (અમદાવાદ)નો પ્રેમાળ અને પ્રોત્સાહક સહયોગ પ્રાપ્ત થયો. તેઓશ્રીની ભાવના આવા ઉપયોગી પુસ્તકોનું પ્રકાશન કરી કરાવીને ઘેર ઘેર લોકો સુધી સમ્યગ્જ્ઞાનને પ્રસારવા અને પ્રચારવાની રહી છે. એમની આ ઝળકતી ધર્મભાવના અને જ્ઞાનભક્તિની અમે અંતરનાય અંતરથી અનુમોદન કરીએ છીએ.

અમને આશા જ નહિ પણ પૂર્ણ આસ્થા છે કે આ પાઠ્યપુસ્તક શિબિરાર્થીઓ ઉપરાંત અન્ય જિજ્ઞાસુ અને ભાવિકોને પણ આવશ્યકક્રિયામાં વધુ રસ અને ભાવ જાગ્રત કરવામાં અને વધારવામાં સહાયક બનશે. પૂજ્ય મુનિશ્રી **જયસુંદરવિજયજી** મહારાજે આ પુસ્તકનાં પ્રુફસંશોધનમાં બહુમુલ્યફાળો આપ્યો છે. તેમના અમો ઋણી છીએ.

પુસ્તકનાં પ્રૂફ વાંચનમાં શક્ય બધી જ કાળજી રાખી હોવા છતાંય છાપકામ સમયે, કાનો, માત્ર, હ્રસ્વ, અનુસ્વાર વગેરે ઊડી જતાં જે કંઈ અશુદ્ધિ રહી ગઈ હોય તો તે સુધારીને વાંચવા આગ્રહ–વિનંતી કરીએ છીએ અને અન્ય અશુદ્ધિઓ માટે ક્ષમા સહ વિરમીએ છીએ.

લિ.

**દિવ્યદર્શન સાહિત્ય પ્રકાશન સમિતિ**
**કુમારપાળ વિ. શાહ, મુંબઈ**

વીરસંવત ૨૫૦૫
વિ. સ. ૨૦૩૫
વૈશાખ સુદ ત્રીજ

# વંદના સૌરભ

## આપણા

આત્માના કલ્યાણ માટે
અને આપણને
અક્ષય, અનંત, અવ્યાબાધ એવું
મોક્ષસુખ મળે
તે માટે
અર્થનો પ્રકાશ કરનાર
**શ્રી અરિહંત ભગવંતોના**
તેમ જ
એ ગહન અર્થોને
સૂત્રોમાં સુગ્રથિત કરનાર
**શ્રી ગણધર ભગવંતોના**
આ
પ
ણે
અત્યંત ઋણી છીએ.
આ પરમ ઉપકારી ભગવંતોને

**અમારી**

**ભાવભીની ત્રિવિધે વંદના**

દિનેશભાઈ કાન્તીલાલ કોઠારી
તારદેવ રોડ,
મુંબઈ-૩૪

અરિહંતા મે શરણં
સિદ્ધા મે શરણં
સાહૂ મે શરણં
કેવલિપન્નત્તો ધમ્મો મે શરણં
ગરીહામિ સવ્વાઈ દુક્કડાઈ
અણુમોએમિ સવ્વેસિં સુક્કડાઈ

અરિહંત ભગવંતોનું શરણ લઉં છું,
સિદ્ધ ભગવંતોનું શરણ લઉં છું,
સાધુ ભગવંતોનું શરણ લઉં છું,
કેવલી ભગવંતોએ પ્રકાશેલ ધર્મનું શરણ લઉં છું,
સર્વ દુષ્કૃત્યોની નિંદા કરું છું,
સર્વ સુકૃત્યોની હું અનુમોદના કરું છું.

## આરાધના પુસ્તક-પ્રકાશનના પ્રેરણાસ્રોત





**સૌજન્યશીલ શ્રી કાન્તીલાલ મણીલાલ કોઠારી**

અને

**સુશ્રાવિકા શ્રીમતી વિદ્યાબેન કાન્તીલાલ કોઠારી**

અમદાવાદ

# આપણી રોજની
# મંગળ પ્રાર્થના

**▣ વંદના ▣**

નમો અરિહંતાણં
નમો સિદ્ધાણં
નમો આયરિયાણં
નમો ઉવજ્ઝાયાણં
નમો લોએ સવ્વસાહૂણં

એસો પંચ નમુક્કારો, સવ્વપાવપ્પણાસણો;
મંગલાણં ચ સવ્વેસિં, પઢમં હવઈ મંગલં.

અરિહંતોને નમસ્કાર કરું છું.
સિદ્ધોને નમસ્કાર કરું છું.
આચાર્યોને નમસ્કાર કરું છું.
ઉપાધ્યાયોને નમસ્કાર કરું છું.
લોકવર્તી સર્વ સાધુઓને નમસ્કાર કરું છું.

આ પાંચ નમસ્કાર તમામ પાપોનો વિનાશ કરનારા છે અને તમામ મંગલોમાં પ્રથમ મંગલ છે.

## ◘ ચાર મંગલ ◘

ચત્તારિ મંગલં.
અરિહંતા મંગલં, સિદ્ધા મંગલં.
સાહૂ મંગલં, કેવલિપણ્ણત્તો ધમ્મો મંગલં.
અરિહંત મંગળ છે.
સિદ્ધ મંગળ છે.
સાધુ મંગળ છે.
કેવલિ પ્રણીત ધર્મ મંગલ છે.
આ ચાર મંગલ છે.

## ◘ ચાર લોકોત્તમ ◘

ચત્તારિ લોગુત્તમા
અરિહંતા લોગુત્તમા, સિદ્ધા લોગુત્તમા.
સાહૂ લોગુત્તમા, કેવલિપણ્ણત્તો ધમ્મો લોગુત્તમો.

અરિહંત લોકોત્તમ છે.
સિદ્ધ લોકોત્તમ છે.
સાધુ લોકોત્તમ છે.
કેવલિ પ્રણીત ધર્મ લોકોત્તમ છે.
આ ચાર લોકોત્તમ છે.

## ☆ ચાર શરણ ☆

ચત્તારિ સરણં પવજ્જામિ.
અરિહંતે સરણં પવજ્જામિ, સિદ્ધે સરણં પવજ્જામિ.
સાહૂ સરણં પવજ્જામિ
કેવલિપણ્ણત્તં ધમ્મં સરણં પવજ્જામિ

અરિહંતોનું શરણ લઉં છું.
સિદ્ધોનું શરણ લઉં છું.
સાધુઓનું શરણ લઉં છું.
કેવલિ પ્રણીત ધર્મનું શરણ લઉં છું.
આ ચાર શરણ છે.

# શ્રી નવપદ સ્તુતિ

[ રાગ : મન્દાક્રાન્તા ]

શ્રી અરિહંતો સકલહિતદા ઉચ્ચ પુણ્યોપકારા,
સિદ્ધો સર્વે મુગતિપુરીના ગામીને ધ્રુવતારા....૧
આચાર્યો છે જિનધરમના દક્ષ વ્યાપારી શૂરા,
ઉપાધ્યાયો ગણધરતણાં સૂત્રદાને ચકોરા....૨
સાધુ આંતર અરિસમૂહને વિક્રમી થઈ ય દંડે,
દર્શનજ્ઞાનં હૃદયમળ ને મોહ અન્ધાર ખંડે....૩
ચારિત્રે છે અઘ[1]રહિત હો જિંદગી જીવ ઠારે,
નવપદમાંહે અનુપતપ છે જે સમાધિ પ્રસારે....૪
વન્દું ભાવે નવપદ સદા પામવા આત્મશુદ્ધિ
આલંબન હો મુજ હૃદયમાં દ્યો સદા સ્વચ્છ બુદ્ધિ....૫

▣ રચયિતા

આચાર્ય શ્રી વિજયભુવનભાનુસૂરિજી મહારાજ

---

૧. પાપ

## ❈ ભાવાર્થ ❈

શિવમસ્તુ સર્વજગતઃ,
પરહિતનિરતા ભવન્તુ ભૂતગણાઃ;
દોષા : પ્રયાન્તુ નાશં,
સર્વત્ર સુખી ભવતુ લોકઃ

સર્વ જગતનું કલ્યાણ થાઓ !
પ્રાણીઓ બીજાઓનું કલ્યાણ કરવામાં તત્પર રહો !
દોષો નાશ પામો !
સર્વત્ર સર્વ જીવો સુખી થાઓ !

## ❈ ક્ષમાપન ❈

ખામેમિ સવ્વજીવે, સવ્વે જીવા ખમંતુ મે;
મિત્તી મે સવ્વભૂએસુ, વેરં મજ્ઝં ન કેણઈ.

હું તમામ જીવોની માફી માગું છું.
તમામ જીવો મને માફી આપે.
પ્રાણીમાત્ર સાથે મારે મૈત્રી છે,
કોઈની ય સાથે મને વૈર નથી.

## ✠ જૈન શાસન ✠

સર્વ મંગલ માંગલ્યં, સર્વ કલ્યાણકારણમ્;
પ્રધાનં સર્વધર્માણાં, જૈન જયતિ શાસનમ્.

સર્વ મંગલોમાં માંગલ્યભૂત,
સર્વ કલ્યાણનું કારણ,
સર્વ ધર્મોમાં પ્રધાન,
[આવું] જૈન શાસન જય પામે છે.
(જયવંતુ વર્તે છે.)

# પ્રભુ સન્મુખ બોલવાની સ્તુતિઓ

( ૧ )

પૂર્ણાનન્દમયં મહોદયમયં કૈવલ્ય ચિદ્દૃઙ્મયં
રૂપાતીતમયં સ્વરૂપરમણં, સ્વાભાવિક શ્રીમયમ્
જ્ઞાનોદ્યોતમયં કૃપારસમયં, સ્યાદ્વાદ વિદ્યાલયમ્
શ્રી સિદ્ધાચલતીર્થ રાજમનિશં, વન્દેઽહમાદીશ્વરમ્॥

( ૨ )

શ્રી આદીશ્વર શાંતિ નેમિજિન ને શ્રીપાર્શ્વ વીરં પ્રભો;
એ પાંચે જિનરાજ આજ પ્રણમું હેતે ધરી હે વિભો.

( ૩ )

કલ્યાણે કમલા સદૈવ વિમલા વૃદ્ધિ પમાડો અતિ,
એવા ગૌતમ સ્વામી લબ્ધિ ભરિયા આપો સદા સન્મતિ.

( ૪ )

આવ્યો શરણે તુમારા જિનવર કરજો આશ પૂરી અમારી
નાવ્યો ભવપાર મારો, તુમ વિણ જગમાં સાર લે કોણ મારી,
ગાયો જિનરાજ આજે હરખ અધિકથી પરમ આનંદકારી
પાયો તુમ દર્શ નાસે ભવભય-ભ્રમણા નાથ સર્વે અમારી.

( ૫ )

તારાથી ના સમર્થ અન્ય દીનનો ઉદ્ધારનારો પ્રભુ !
મારાથી નહિ અન્ય પાત્ર જગમાં જોતાં જડે હે વિભુ !
મુક્તિ મંગલ સ્થાન ! તોય મુજને ઇચ્છા ન લક્ષ્મી તણી
આપો સમ્યગ્રત્ન શ્યામ જીવને તો તૃપ્તિ થાયે ઘણી.

(૬)

હે પ્રભો આનંદદાતા જ્ઞાન હમકો દીજિએ
શીઘ્ર સારે દુર્ગુણોંકો દૂર હમસે કીજિએ,
લીજિએ હમકો શરણમેં હમ સદાચારી બનેં
બ્રહ્મચારી ધર્મ-રક્ષક વીર વ્રતધારી બનેં !

(૭)

વીતરાગ હે જિનરાજ ! તુજ પદપદ્મસેવા મુજ હોજો !
ભવ ભવ વિષે અનિમેષ નયને આપનું દર્શન થજો.
દયાસિન્ધુ વિશ્વબન્ધુ દિવ્યદષ્ટિ આપજો
કરી આપ સમ સેવક તણા સંસાર બંધન કાપજો.

(૮)

બહુકાળ આ સંસાર સાગરમાં પ્રભુ હું સંચર્યો,
થઈ પુણ્યરાશિ એકઠી ત્યારે જિનેશ્વર તું મળ્યો.
પણ પાપકર્મ ભરેલ મેં સેવા સરસ નવ આદરી
શુભયોગને પામ્યા છતાં મેં મૂર્ખતા બહુએ કરી.

(૯)

ભવજલધિમાંથી હે પ્રભો ! કરુણા કરીને તારજો
ને નિર્ગુણીને શિવનગરનાં શુભસદનમાં ધારજો.
આ ગુણી આ નિર્ગુણી એમ ભેદ મોટા નવ કરે,
શશિ સૂર્ય મેઘ પરે દયાલુ સર્વનાં દુઃખ દૂર હરે.

(૧૦)

હે નાથ ! આ સંસાર સાગરે ડુબતા એવા મને
મુક્તિપુરીમાં લઈ જવાને જહાજરૂપે છો તમે.
શિવ રમણીના શુભસંગથી અભિરામ એવા હે પ્રભો !
મુજ સર્વ સુખનું મુખ્ય કારણ છો તમે નિત્યે પ્રભુ.

(૧૧)

અંગૂઠે અમૃત વસે લબ્ધિતણા ભંડાર,
શ્રી ગુરુ ગૌતમ સમરીએ વાંછિત ફલ દાતાર.

(૧૨)

અન્યથા શરણં નાસ્તિ ત્વમેવ શરણં મમ,
તસ્માત્ કારુણ્યભાવેન, રક્ષ રક્ષ જિનેશ્વર.

(૧૩)

સેવા માટે સુરનગરથી, દેવનો સંઘ આવે,
ભક્તિ ભાવે સુર ગિરિ વરે, સ્નાત્ર પૂજા રચાવે.
નાટચારંભે નમન કરીને, પૂર્ણ આનંદ પાવે,
સેવા સારી વીર પ્રભુની કો નવિ ચિત્ત લાવે.

(૧૪)

સંસારાંભોનિધિ જળ વિષે બૂડતો હું જિનેન્દ્ર,
તારો સારો સુખકર ભલો ધર્મ પામ્યો મુનીન્દ્ર,
લાખો યત્નો યદિ જન કરે તોય તે ના હું છોડું,
નિત્યે ધર્મ પ્રભુ તુજ કને ભક્તિથી હાથ જોડું.

## ❀ ગુરુવંદન ❀

ગુરુવંદન ત્રણ પ્રકારે થાય છે. એક ફિટ્ટાવંદન, બીજું થોભવંદન અને ત્રીજું દ્વાદશાવર્ત્તવંદન. પહેલું ફિટ્ટાવંદન મસ્તક વગેરે નમાવવાથી, બીજું થોભવંદન પાંચેય અંગથી બે ખમાસમણ દેવાથી, અને ત્રીજું દ્વાદશાવર્ત્તવંદન બે વાંદણાં દેવાથી થાય છે.

[ગુરુવંદન ભાષ્ય]

આચાર્ય, ઉપાધ્યાય, પ્રવર્તક, સ્થવિર અને રત્નાધિક, એ પાંચને કર્મની નિર્જરા કરવા માટે વંદન કરવું.

[પ્રવચન સારોદ્ધાર]

## ❀ ગુરુવંદનનું ફળ ❀

પૂજ્ય વંદનીય શ્રી ગૌતમસ્વામીએ ભગવાન શ્રી મહાવીર પરમાત્માને વિનયથી પૂછ્યું : 'હે ભગવંત! ગુરુવંદન કરવાથી જીવને શું ફળ મળે છે?'

તરણતારણ ભગવાનશ્રીએ કહ્યું : 'હે ગૌતમ! જ્ઞાનાવરણીયાદિ આઠ કર્મો ગાઢ બંધનથી બાંધ્યાં હોય તે ઢીલા બંધનવાળાં, દીર્ઘ સ્થિતિવાળા બાંધેલાં હોય તે અલ્પ મુદતવાળાં, તીવ્ર રસવાળા બાંધેલાં અશુભ કર્મોને મંદ રસવાળાં, અને ઘણાં પ્રદેશવાળાં બાંધ્યા હોય તેને

અલ્પ પ્રદેશવાળાં કરે છે અને તેથી જીવ અનાદિ અનંત સંસારરૂપી અટવીમાં લાંબો કાળ પરિભ્રમણ કરતો નથી.

હે ગૌતમ ! ગુરુવંદન કરવાથી જીવ નીચ ગોત્રકર્મ ખપાવે છે, ઉચ્ચગોત્ર કર્મનો બંધ કરે છે અને અપ્રતિહત આજ્ઞાવાળું એટલે જેની આજ્ઞા કોઈ ઉલ્લંઘી શકે નહિ તેવા ફળવાળું 'સૌભાગ્ય' નામકર્મ પણ બાંધે છે.

[ ધર્મસંગ્રહ ]

## ✠ ગુરુવંદનનું ફળ ✠

શુદ્ધ ધર્મના જાણકાર, એને આચરનાર, હંમેશા શુદ્ધ ધર્મમાં જ પરાયણ અને જીવોને શુદ્ધ ધર્મનો જ ઉપદેશ આપનારા હોય તેને 'ગુરુ' કહેવાય છે.

જેઓ સર્વથા અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ વ્રતોનું જીવનભર પાલન કરે છે તેને પણ 'ગુરુ' કહેવાય છે.

આવા પાંચ મહાવ્રતધારી ગુરુ ધર્મજ્ઞ, ધર્મકર્તા ધર્મપરાયણ અને પરમગુરુ પરમાત્માએ બતાવેલ તત્ત્વ તથા મોક્ષમાર્ગરૂપ ધર્મના ઉપદેશક હોય છે.

આપણા અજ્ઞાનને દૂર કરનાર, આપણને ધર્મ કરવાની પ્રેરણા આપનાર, આપણા આત્માની ઉન્નતિ કરવા માટે માર્ગદિશા બતાવનાર આવા ઉપકારી ગુરુ ભગવંતને વિનયપૂર્વક અને શાસ્ત્રોએ બતાવેલ વિધિપૂર્વક સવારે અને સાંજે વંદન કરવું જોઈએ.

પરમગુરુએ બતાવેલા આવા ગુરુને વંદન કરવાથી, તેમનો વિનય કરવાથી, તેમ જ તેમની સેવાભક્તિ કરવાથી પરમગુરુ પરમાત્માની નિકટ થવાય છે, સાધનાની પ્રેરણા મળે છે અને ગુરુના નિર્મળ આશીર્વાદ પ્રાપ્ત થાય છે. આ સાધના અને આશીર્વાદથી મન પવિત્ર અને પ્રસન્ન બને છે. આ ઉપરાંત ગુરુના આશીર્વાદથી આપણું મનોબળ દૃઢ બને છે અને દરેક શુભ કામમાં સફળતા પ્રાપ્ત થાય છે.

પરમોપકારી ગુરુ ભગવંતને

મન – વચન – કાયાથી

વારંવાર નમસ્કાર હો !

## શ્રી નવકાર મહામંત્ર

નમો અરિહંતાણં.
નમો સિદ્ધાણં.
નમો આયરિયાણં.
નમો ઉવજ્ઝાયાણં.
નમો લોએ સવ્વસાહૂણં.
એસો પંચ નમુક્કારો,
સવ્વ પાવપ્પણાસણો;
મંગલાણં ચ સવ્વેસિં,
પઢમં હવઈ મંગલં.

## ✠ શબ્દાર્થ ✠

નમો-નમસ્કાર કરું છું.

અરિહંતાણં-અરિહંતોને

સિદ્ધાણં-સિદ્ધોને

આયરિયાણં-આચાર્યોને

ઉવજ્ઝાયાણં-ઉપાધ્યાયોને.

લોએ-લોકમાં ( અઢી દ્વીપમાં રહેલા )

સવ્વસાહૂણં-સર્વ સાધુઓને.

એસો-આ

પંચ નમુક્કારો-પાંચ નમસ્કાર.

સવ્વ-સર્વ

પાવ-પાપનો

પ્પણાસણો-અત્યંત નાશ કરનાર.

મંગલાણં-મગલોમાં.

ચ-અને

સવ્વેસિં-સર્વ

પઢમં-પ્રથમ

હવઇ-છે

મંગલં-મંગલ

### ❈ ભાવાર્થ ❈

અરિહંત ભગવંતોને નમસ્કાર કરું છું. સિદ્ધ ભગવંતોને નમસ્કાર કરું છું. આચાર્ય ભગવંતોને નમસ્કાર કરું છું. ઉપાધ્યાય ભગવંતોને નમસ્કાર કરું છું. મનુષ્યલોકમાં રહેલા બધા જ સાધુ ભગવંતોને નમસ્કાર કરું છું.

આ પાંચ નમસ્કાર તમામ પાપોનો નાશ કરનાર છે અને બધાં મંગલોમાં તે સર્વશ્રેષ્ઠ મંગલ છે.

## ✠ સૂત્ર પરિચય ✠

આ સૂત્ર મહા પ્રભાવવંતું છે....કેમકે

(૧) દરેકે દરેક જૈન શાસ્ત્રને ભણતાં પ્રારંભે આને યાદ કરવું પડે....

(૨) એ સમસ્ત મંત્રોથી ચડિયાતો મંત્ર હોઈ મહામંત્ર છે....

(૩) એને એક વાર પણ રટતાં પાપકર્મોની કાળ-સ્થિતિ ૫૦૦ સાગરોપમ કાળ જેટલી તૂટે છે, અને

(૪) જેના દિલમાં પરભવ જતાં મૈત્રીભાવ અને નમસ્કાર મહામંત્ર હોય એની સદ્‌ગતિ જ થાય...વગેરે આનો પ્રભાવ છે.

આ સૂત્રમાં નમો પદથી પંચ પરમેષ્ઠીને નમસ્કાર કરવામાં આવ્યો છે. પરમેષ્ઠીને નમસ્કાર એટલે નમન; એ કરતાં હૃદયમાં નમ્રતા લાવી પરમેષ્ઠીને ભક્તિપૂર્વક વસાવવા જોઈએ. પરમેષ્ઠી એટલે પરમ ઉચ્ચ સ્થાને રહેલા. કેમકે એ પ્રતિજ્ઞાપૂર્વક સર્વ પાપના ત્યાગી એવા પાંચ પરમેષ્ઠી છે, અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ, એમને ભાવથી નમસ્કાર કરાય એ સર્વ પાપનો અત્યંત નાશ કરે છે. એ શ્રેષ્ઠ મંગળ છે.

એમાં અરિહંત એટલે આઠ મહા પ્રતિહાર્યની શોભા ને યોગ્ય વીતરાગ સર્વજ્ઞ તીર્થંકર ભગવાન જે ધર્મ-શાસન અને સંઘ સ્થાપે છે.

સિદ્ધ એટલે સર્વ કર્મનો ક્ષય કરીને મોક્ષ પામેલા [ સંસારના જન્મ–મરણથી છુટકારો પામેલા. ] આચાર્ય એટલે પંચાચારને સ્વયં પાળી એનો પ્રચાર કરનારા. ઉપાધ્યાય એટલે જિનાગમ ભણાવનારા, સાધુ એટલે મોક્ષમાર્ગ જ્ઞાન દર્શન ચારિત્રને જ સાધનારા.

આ પાંચ પરમેષ્ઠીને નમસ્કારમાં એમના ગુણોની ભારોભાર અનુમોદના થાય. અને એથી વિપરીત હિંસાદિ રાગાદિ પાપોની ઘૃણા થાય.

એનું ફળ શું ? આ—સર્વ રાગાદિ પાપનો નાશ.

એનો પ્રભાવ-મહિમા શો ? સમસ્ત મંગલોમાં શ્રેષ્ઠ મંગળ.

માટે નમસ્કાર મંત્ર દરેક શુભ કાર્યના પ્રારંભે યાદ કરવાનો.

## ૨-પંચિંદિઅ. ( ગુરુસ્થાપના ) સૂત્ર.

પંચિંદિઅ-સંવરણો,
તહ નવવિહ-બંભચેર-ગુત્તિ-ધરો;
ચઉવ્વિહ-કસાય-મુક્કો,
ઈઅ અટ્ઠારસ-ગુણેહિં સંજુત્તો ॥ ૧ ॥
પંચ-મહવ્વય-જુત્તો,
પંચવિહા-યાર-પાલણ-સમત્થો;
પંચ-સમિઓ તિ-ગુત્તો,
છત્તીસ-ગુણો ગુરુ મજ્ઝ ॥ ૨ ॥

### ✠ શબ્દાર્થ ✠

પંચિંદિય-પાંચ ઈન્દ્રિયોનો
સંવરણો-નિગ્રહ કરનાર
તહ-તથા
નવવિહ-નવ પ્રકારની
બંભચેર-બ્રહ્મચર્યની
ગુત્તિ-ગુપ્ત, વાડને
ધરો-ધારણ કરનાર
ચઉવ્વિહ-ચાર પ્રકારના
કસાય-કષાયથી ( ક્રોધ, માન, માયા અને લોભ )
મુક્કો-મુક્ત
ઈઅ-આ પ્રકારના
અટ્ઠારસ ગુણેહિં-અઢાર ગુણોથી
સંજુત્તો-યુક્ત
પંચમહવ્વયજુત્તો-પાંચ મહાવ્રતથી યુક્ત
પંચવિહાયાર પાલણ સમત્થો-પાંચ પ્રકારના આચારનું પાલન કરવામાં સમર્થ
પંચસમિઓ-પાંચ સમિતિઓના ધારક
તિગુત્તો-ત્રણ ગુપ્તિના ધારક
છત્તીસ ગુણો-છત્રીશ ગુણવાળા
ગુરુ મજ્ઝ-મારા ગુરુ છે.

卐 **ભાવાર્થ** 卐

પાંચે ઇન્દ્રિયોના વિષયોને રોકનાર, નવ પ્રકારની (વાડ) મર્યાદાઓથી બ્રહ્મચર્યનું પાલન કરનાર, ચાર પ્રકારના [ક્રોધ–માન–માયા–લોભ] કષાયોથી મુક્ત. આ રીતે ૧૮ ગુણવાળા;

અને (અહિંસાદિ) પાંચ મહાવ્રતોનું પાલન કરનારા, (જ્ઞાનાચારાદિ) પાંચ પ્રકારના આચારનું પાલન કરવામાં શક્તિવાળા, (ઈર્યાસમિતિ આદિ) પાંચ સમિતિ અને (મનોગુપ્તિ આદિ) ત્રણ ગુપ્તિના ધારક–

આ રીતે કુલ છત્રીશ ગુણોવાળા મારા ગુરુ છે.

## ❋ સૂત્ર પરિચય ❋

સામાયિક-પ્રતિક્રમણ-પૌષધ-ઉપધાન વગેરે એ ધર્મ-અનુષ્ઠાન [ ધર્મક્રિયા ] છે. અને એ ગુરુની હાજરીમાં, ગુરુની આજ્ઞા પૂર્વક, અને ગુરુનો વિનય જાળવીને જ કરવા જોઈએ.... ગુરુની ગેરહાજરીમાં ધર્મક્રિયા છોડી ન દેવાય, કારણ કે આત્મહિત માટે એ જ સમર્થ હોય છે.... આથી શાસ્ત્રકારોએ ‘ ગુરુવિરહંમિ ગુરુ ઠવણા....’ એ સૂત્રથી ગુરુભગવંતની ગેરહાજરીમાં જ્ઞાન-દર્શન-ચારિત્રના કોઈ ઉપકરણમાં ગુરુની સ્થાપના કરવાનું કહ્યું છે. એ કરીને એ સ્થાપનાગુરુ સમક્ષ, ગુરુ સાક્ષાત્ બેઠા છે એમ સમજી આજ્ઞા માંગીને તેમજ યોગ્ય વિનય સાચવીને ધર્માનુષ્ઠાન-ધર્મક્રિયા કરવી....

એક સાપડા ઉપર ધર્મપુસ્તક યા નવકારવાળી મૂકીને એમાં ગુરુને આમંત્રણ, ગુરુનું આગમન–સ્થાપન કરવાના ઉદ્દેશ્યથી એની તરફ હાથ સવળો રાખી નવકાર-મંત્ર અને પચિંદિયસૂત્ર બોલવું એટલે ગુરુસ્થાપના થાય. ‘ ગુરુ સ્થાપના ’ માટે આ સૂત્ર બોલાતું હોવાથી આને ‘ ગુરુ સ્થાપના સૂત્ર ’ પણ કહેવાય છે....

આ સૂત્રમાં ગુરુના નિવૃત્તિધર્મના ૧૮ ગુણો, અને પ્રવૃત્તિધર્મના ૧૮ ગુણો એમ ૩૬ ગુણોનો નિર્દેશ છે.

( ૧ ) ૧૮ નિવૃત્તિધર્મ આ,– પાંચ ઇન્દ્રિયસંવર એટલે કે પાંચ ઈન્દ્રિયોને એના ઇષ્ટ વિષયોમાં ઠરતી અને

અનિષ્ટ વિષયોમાં ઉભગતી અટકાવવી, ૯ બ્રહ્મચર્યવાડમાં સ્ત્રી-પશુ-નપુંસકવાળા મુકામનો ત્યાગ વગેરે....નવનો ત્યાગ કરવો, ૪ કષાયને અટકાવવા, (૨) ૧૮ **પ્રવૃત્તિધર્મ** આ, ૫ મહાવ્રત યુક્ત અર્થાત્ એકેકની ૫-૫ એમ ૨૫ ભાવના સહિત મહાવ્રતના પાલનમાં પ્રવૃત્તિ રાખવી.... એમ ૮ જ્ઞાનાચાર, ૮ દર્શનાચાર આદિ પંચાચારના પ્રકારોમાં પ્રવૃત્તિ રાખવી...., એમ ઈર્યાસમિતિઆદિ પાંચ સમિતિ અને મનોગુપ્તિ આદિ ત્રણ ગુપ્તિના પાલનમાં પ્રવૃત્તિ રાખવી....

## ૩-ખમાસમણ (પ્રણિપાત) સૂત્ર

ઈચ્છામિ ખમાસમણો ! વંદિઉં,
જાવણિજ્જાએ નિસીહિઆએ,
મત્થએણ વંદામિ.

### ✽ શબ્દાર્થ ✽

ઇચ્છામિ-ઇચ્છું છું.

ખમાસમણો—હે ક્ષમા શ્રમણ !

વંદિઉં-વંદન કરવા માટે (યાપનીયાથી આપને કુશળતા પૃચ્છા વડે)

જાવણિજ્જાએ—બધી શક્તિ વાપરીને

નિસીહિઆએ-આપની પ્રત્યેના દોષોનો ત્યાગ કરીને

### ❋ ભાવાર્થ ❋

હે ક્ષમાશ્રમણ ! હું આપની કુશળતા આદિની પૃચ્છા અને આપની પ્રત્યેના મારા દોષનો ત્યાગ કરવા દ્વારા આપને વંદન કરવાને ઇચ્છું છું.

મસ્તકાદિ પાંચે અંગોને નમાવીને હું આપને પ્રણામ કરું છું.

## ❊ સૂત્ર પરિચય ❊

આ સૂત્ર દ્વારા 'ક્ષમાશ્રમણ'ને વંદન કરવામાં આવે છે 'ક્ષમાશ્રમણ' એટલે ક્ષમાદિ ગુણવાળા મહાતપસ્વી ગુરુ અથવા ભાવાર્થથી તીર્થંકર–ગણધર વગેરે. આ સૂત્રમાંથી ગુરુને તેમજ શ્રી તીર્થંકર પરમાત્માને વંદન કરાય છે.... સૂત્રમાં વંદન અર્થાત્ પંચાંગ પ્રણિપાત મુખ્ય હોવાથી તેને 'પ્રણિપાત સૂત્ર' કહેવાય છે....

આના પહેલા ઊભા રહીને બે હાથ જોડી "ઇચ્છામિ ખમાસમણો ! વંદિઉં; જાવણિજ્જાએ નિસીહિઆએ;" બોલી પછી નીચે ઢીંચણ પર પડી, બે ઢીંચણ એની વચમાં બે હાથ અને આગળ મસ્તક,–આ પાંચ અંગો ભૂમિને અડાડી "મત્થએણ વંદામિ" બોલીને વંદન કરવામાં આવે છે. આને 'સ્તોભવંદન સૂત્ર' કહે છે.

[ આગળ 'વાંદણા સૂત્ર' આવે છે એને 'બૃહદ્વંદન સૂત્ર' કહે છે. એમાં વિસ્તારથી જાવણિજ્જા [२]નિસીહિયા છે. (૧) 'અહો કાયં કાય સંફાસં'થી ગુરુચરણે માથું અડાડી વંદન કરીને 'ખમણિજ્જો ભે'થી 'જવણિજ્જં ચ ભે' સુધી 'જાવણિજ્જા–યાપનીયા' કહીને. પછી (૨) 'ખામેમિ ખમા૦થી....વોસિરામિ....' સુધીમાં 'નિસીહિયા કહી અર્થાત્ ગુરુ પ્રત્યે લાગેલા દોષોનો નિષેધ એટલે કે ત્યાગ યાને પ્રતિક્રમણ–નિંદા–ગર્હા કરવામાં આવે છે. આનું ટૂંકું સ્વરૂપ આ સ્તોભવંદન સૂત્રમાં છે. ]

## ગુરુને સુખ-શાતા પૃચ્છા

ઇચ્છકાર સુહ-રાઈ? સુહ-દેવસિ?

સુખ-તપ? શરીર-નિરાબાધ?

સુખસંજમ-જાત્રા નિર્વહો છો જી?

સ્વામિ! શાતા છે જી?

ભાત-પાણીનો લાભ દેજો જી.

## ❋ શબ્દાર્થ ❋

ઇચ્છકાર–હે ગુરુમહારાજ ! આપની ઇચ્છા હોય તો પૂછું.

( ૧ )સુહરાઈ – આપની રાત્રિ સુખપૂર્વક પસાર થઈ ?

( ૨ ) સુહદેવસિ – આપનો દિવસ સુખ પૂર્વક પસાર થયો ?

( ૩ ) સુખતપ – તપશ્ચર્યા સુખપૂર્વક થાય છે ?

( ૪ ) શરીર નિરાબાધ – શરીર પીડા રહિત છે ?

( ૫ ) સુખ સંયમ યાત્રા નિર્વહો છો જી ? – આપની સંયમયાત્રા–ચારિત્રપાલન સુખરૂપ ચાલી રહેલ છે ?

( ૬ ) સ્વામી ! શાતા છે જી ? - હે સ્વામી ! આપને સર્વ વાતે સુખશાંતિ છે ?

ભાત–પાણીનો લાભ દેજોજી – મને ગોચરી – આહાર પાણીનો લાભ આપવા કૃપા કરશો.

## ☐ ભાવાર્થ અને સૂત્રપરિચય.... ☐

### —: ગુરુને સુખ–શાતા પૃચ્છા :—

આ સૂત્ર દ્વારા ત્યાગી ગુરુમહારાજની સાધના અને શરીરની સુખરૂપતા સાથે સર્વાંગીણ સુખશાતા પૂછવામાં આવે છે અને તેમને પોતાને ત્યાં પધારી આહાર-પાણી વ્હોરવા [ગ્રહણ કરવા] વિનંતી કરવામાં આવે છે. આથી તેનું એક નામ 'સુગુરુ-સુખશાતા પૃચ્છા સૂત્ર....' છે અને બીજું નામ 'ગુરુ નિમંત્રણ સૂત્ર....' છે.

આમાં 'ઈચ્છકાર' એટલે 'ઈચ્છાકાર.' ગુરુને પૃચ્છા કરવી છે તો તે પૂછવા માટે ગુરુની ઇચ્છા જાણવી જોઈએ, પછી પૃચ્છા કરાય.' આમ ઇચ્છા પૂછવી એને ઈચ્છાકાર સામાચારી (આચાર) કહે છે.

હે ગુરુદેવ! આપની [આજ્ઞા] ઇચ્છા હોય તો પૂછું, કે (૧) 'આપની ગઈરાત સુખેથી પસાર થઈ ?' આપનો દિવસ સુખેથી પસાર થયો ? [સવારના ૧૨ વાગ્યા સુધીમાં પૂછવું હોય તો 'સુહરાઈ' બોલાય, તે પછી પૂછવું હોય તો 'સુહદેવસિ' પુછાય] આવા પાંચ પ્રશ્ન છે. (હવે પ્રશ્ન–૨) આપની તપશ્ચર્યા સુખેથી થાય છે? (પ્રશ્ન–૩) આપના શરીરે કોઈપણ પ્રકારની તકલીફ–કોઈ દુઃખ કે દર્દ તો નથી ને ? (પ્રશ્ન–૪) આપની સંયમની સાધના [યાત્રા] સુખેથી થાય છે ને ? (પ્રશ્ન-૫) હે સ્વામી! [હે ગુરુ-દેવ!] આપને બધી રીતે સુખશાંતિ [શાતા] છે ને ?

આ પ્રશ્નો પૂછવાનો હેતુ એ છે કે દિવસ યા રાત્રિમાં કોઈ વિઘ્ન-આપત્તિ આવી હોય, તપમાં કોઈ બાધા નડતી હોય, શરીરે કોઈ રોગાદિ પીડા હોય, સંયમ સાધનામાં વિરોધીઓ તરફથી નડતર હોય, તો એના નિરાકરણનો શ્રાવક પ્રયત્ન કરે અને સાધુસેવાનો મહાન લાભ પામે.

[પોતાના માટે શિષ્યની (કે ભકતની) આ સુખ-ચિંતા જાણી ગુરુદેવ જવાબ આપે છે કે 'દેવ–ગુરુ પસાયે,' અર્થાત્ દેવ અને ગુરુની કૃપાથી–પ્રભાવથી સુખ–શાંતિ (શાતા) છે.]

ગુરુને કોઈ પણ પ્રકારની અ–શાતા [અ–સુખ કે અશાંતિ] નથી તે જાણી શિષ્ય કે ભક્ત ભાવપૂર્વક ગુરુને વિનંતિ કરે છે કે હે ગુરુદેવ! આપ મારે ત્યાં પધારો અને આહાર–પાણી ગ્રહણ કરીને મને ધર્મનો લાભ આપવા કૃપા કરો.

ગુરુ મહારાજ તેના જવાબમાં કહે કે 'વર્તમાન જોગ' અર્થાત્ સંયોગ વર્તવા પ્રમાણે....

## ૩૬–અબ્ભુટ્ઠિઓ [ ક્ષામણક ] સૂત્ર.

ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ !
અબ્ભુટ્ઠિઓ હં અબ્ભિંતરદેવસિઅં
ખામેઉં ?

ઈચ્છં, ખામેમિ દેવસિઅં, જંકિંચિ
અપત્તિઅં પરપત્તિઅં, ભત્તે, પાણે,
વિણએ, વેયાવચ્ચે, આલાવે, સલાવે.
ઉચ્ચાસણે, સમાસણે,
અંતરભાસાએ, ઉવરિ-ભાસાએ,
જં કિંચિ, મજ્ઝ વિણય--પરિહીણં,
સુહુમં વા બાયરં વા,
તુબ્ભે જાણહ, અહં ન જાણામિ,
તસ્સ મિચ્છામિ દુક્કડં.

## ❋ શબ્દાર્થ ❋

ઇચ્છાકારેણ-આપની ઇચ્છાથી
સંદિસહ-આદેશ આપો.
ભગવન્-હે ભગવંત !
અબ્ભુટ્ઠિઓ-હું તૈયાર થયો છું
અબ્ભિંતર દેવસિઅં-દિવસ સમય સંબંધી અપરાધની
અબ્ભિંતર રાઈઅં-રાત્રિ સમય સંબંધી અપરાધની
ખામેઉં-ક્ષમા માગવા
ઇચ્છં-સ્વીકારું છું.
ખામેમિ-ખમાવું છું.
દેવસિઅં-દિવસ સંબંધી દોષ
જં કિંચિ-જે કોઈ
અપત્તિઅં-અપ્રીતિ કરનારું
પરપ્પત્તિઅં-અત્યંત અપ્રીતિ કરનારું
ભત્તે-આહાર સંબંધી
પાણે-પાણી સંબંધી
વિણયે-વિનયમાં
વેયાવચ્ચે-સેવામાં
આલાવે-એકવારની વાતચીતમાં
સંલાવે-અનેકવારની વાતમાં
ઉચ્ચાસણે-આપથી ઊંચા આસનમાં
સમાસણે-સમાન આસનમાં

અંતરભાસાએ-આપના બોલવાની વચ્ચે બોલવામાં
ઉવરિભાસાએ-ઉપર વધારાનું બોલવામાં
જં કિંચિ-જે કોઈ
મજ્ઝ-મારો
વિણય પરિહીણં-વિનયભંગ કરીને
સુહુમં વા બાયરં વા-સૂક્ષ્મ અથવા સ્થૂલ ( દોષ અપરાધ
થયેલો, જે )
તુબ્ભે જાણહ-તમે જાણતા હો
અહં ન જાણામિ-હું ન જાણતો હોઉં
તસ્સ મિચ્છામિ દુક્કડં-તે મારા અપરાધનો મિથ્યા
દુષ્કૃત થાઓ

## ◘ ભાવાર્થ ◘

હે ગુરુ ભગવંત ! દિવસ [ રાત્રિ ] દરમ્યાન મારાથી થયેલા અપરાધોની ક્ષમા માંગવા હું તૈયાર થયો છું તો આપની ઇચ્છાથી આજ્ઞા આપો તો મારા અપરાધો હું ખમાવું – મારા અપરાધોની માફી માંગું.

ગુરુ મહારાજ : ' ખમાવો. '

ગુરુ ભગવંતની આજ્ઞા મળતાં શિષ્ય-ભક્ત કહે છે : દિવસ [ રાત્રિ ] દરમ્યાન મારાથી જે કંઈ અપ્રીતિકર [ આપને ન ગમતું ], વિશેષ અપ્રીતિકર, થયું હોય, તેમ જ ભોજન સંબંધમાં, પાણી સંબંધમાં, વિનય સાચવવાના પ્રસંગમાં સેવા [ વૈયાવૃત્ય ] કરવા સંબંધે, એક યા અનેકવાર વાતચીત કરવામાં, [ આપના કરતાં ] ઊંચા આસને બેસવામાં, સમાન આસને બેસવામાં, આપ બીજા સાથે વાત કરતાં એની વચ્ચે બોલવામાં, ઉપરવટ જઈ બોલવામાં, એમ મારાથી વિનયભંગ કરીને જે કંઈ નાનો કે મોટો [ સૂક્ષ્મ કે બાદર ] અપરાધ થયો હોય,

અને આવો આપનો વિનય ચૂકીને અપરાધ કર્યાની મને ખબર ન હોય અને આપ તે જાણતા હો, મારા એ અપરાધોની હું આપની પાસે માફી માંગું છું [ ખમાવું છું ]. મારા એ અપરાધો – અવિનયો મિથ્યા થાય તેમ ઇચ્છું છું.

## ✽ સૂત્ર પરિચય ✽

શિષ્ય કે ભક્ત પોતાની સ્વયં પ્રેરણાથી આદર-પૂર્વક ગુરુ સમક્ષ હાથ જોડીને ઊભો રહે છે, આથી આ સૂત્રને 'અબ્ભુટ્ઠિઓમિ સૂત્ર' કહે છે.

આ સૂત્ર દ્વારા શિષ્ય કે ભક્ત ગુરુ પાસે પોતાના અપરાધોની ક્ષમા માંગે છે, આથી તેને ગુરુ-ક્ષમાપના સૂત્ર' પણ કહે છે.

'ખામેઉં' શબ્દ આ સૂત્રનો પ્રાણ શબ્દ છે. ખામેઉં એટલે હું ખમાવું? ક્ષમા માગું? 'ખામેમિ' એટલે હું ખમાવું છું, અર્થાત્ ક્ષમા માંગું છું.

ખમવું એટલે બીજાના અપરાધ પર સમતાથી સહન કરી લેવું, ધીરજ ધરવી, ઉદારતા રાખવી, કરુણા દાખવવી, વૈર વાળવાની વૃત્તિનો ત્યાગ કરવો.

ખમાવવું એટલે સામી વ્યક્તિ પાસેથી આપણો અપરાધ માફ કરવાની માંગણી કરવી, પોતાના પ્રત્યે કરુણા-દયાની યાચના કરવી અને પોતાના અપરાધોનું સામી વ્યક્તિ વૈર ન વાળે પણ ક્ષમા કરે તેવી પ્રાર્થના કરવી.

આ સૂત્ર દ્વારા પોતાના અપરાધોને યાદ કરીને, ગુરુને ગણાવીને ગુરુ સમક્ષ તેનો નિખાલસ એકરાર કરીને, પસ્તાવાથી, દુખતા દિલે માફી માંગે છે અને પછી તેવા અપરાધોને દૂર કરવા, વિનયમાં આવેલ ઊણપને દૂર કરવા અને ગુરુનો ઉચિત વિનય જાળવવા પ્રયત્ન થાય છે.

## ☆ ગુરુ વંદનની વિધિ ☆

ગુરુ મહારાજને વિનયપૂર્વક બે વાર 'ખમાસમણ સૂત્ર' બોલી વંદન કરવું.

પછી 'સુગુરુ-સુખશાતાપૃચ્છા સૂત્ર' બોલી ગુરુ ભગવંતને પાંચ પ્રશ્નોપૂર્વક સુખશાતાદિ પૂછવું.

ત્યારબાદ 'અબ્ભુટ્ઠિઓમિ સૂત્ર' બોલી ગુરુની ક્ષમાપના માંગવી.

[ નોંધ : ગુરુ ભગવંત ગણિ, પંન્યાસ, ઉપાધ્યાય કે આચાર્ય હોય તો સુખ-શાતા પૂછી ફરી 'ખમાસમણ સૂત્ર' બોલી વંદન કરીને પછી 'અબ્ભુટ્ઠિઓ' ખામવું. ]

આમ ગુરુવંદન વિધિપૂર્વક કર્યા બાદ ગુરુ ભગવંત પાસે નવકારશી વગેરે યથાશક્તિ તપનું, 'ઈચ્છકારી ભગવન્ પસાય કરી પચ્ચક્ખાણનો આદેશ દેશોજી' બોલી જે પચ્ચક્ખાણ જોઈતું હોય તે નામ દઈ માગવું, ને ગુરુ પચ્ચક્ખાણ આપે તે હાથ જોડી મનમાં ધારવું ને સ્વીકારવું.

## ❋ સામાયિક ❋

સાવદ્યકર્મમુક્તસ્ય, દુર્ધ્યાનરહિતસ્ય ચ;
સમભાવો મુહૂર્ત્તં તદ્, વ્રતં સામાયિકં મતમ્ ॥

પાપવ્યાપારથી મુક્ત અને દુર્ધ્યાનથી રહિત એવા આત્માનો જે મુહૂર્ત ( બે ઘડી ) પ્રમાણ સમભાવ, તે સામાયિક નામનું વ્રત છે.

[ આવશ્યક સૂત્ર ટીકા ]

જે કોઈ મોક્ષમાં ગયા, જાય છે અને જશે; તે બધા જ સામાયિકના મહિમાથી જ ગયા છે, જાય છે અને જશે – એમ જાણવું.

[ સંબોધ પ્રકરણ ]

### સામાયિકનું ફળ

બે ઘડીનું ( ૪૮ મિનિટનું ) સમપરિણામરૂપ સામાયિક કરનાર શ્રાવક બાણું ક્રોડ, ઓગણસાઠ લાખ, પચીસ હજાર નવસો પચીશ અને એક તૃતીયાંશ આઠ નવમાંશ પલ્યોપમનું દેવભવનું આયુષ્ય બાંધે છે.

*** સામાયિક ***

સામાયિક એક વ્રત છે. એ સ્વીકારવાની વિધિ છે. શ્રી કેવલી ભગવંતનું કથન છે કે જેનો આત્મા સંયમ, નિયમ અને તપમાં સારી રીતે આવેલો હોય (અર્થાત્ આ ત્રણેય કરતો હોય) તેને સમભાવ અર્થાત્ 'સામાયિક' પ્રાપ્ત થાય છે.

સામાયિક એટલે સમભાવ. સુખમાં હર્ષ–આનંદ નહિ અને દુઃખમાં ખેદ કરવાનો નહિ; એમ જગતના ઈષ્ટ પદાર્થ સામે આવે કે અનિષ્ટ પદાર્થ સામે આવે, એ બેયની પ્રત્યે મનમાં રાગ કે દ્વેષ, આસક્તિ કે અભાવ નહિ રાખવાનો; પરંતુ મન ઉદાસીન, સ્થિર અને પ્રસન્ન રાખવાનું.

આ સમભાવ લાવવા માટે રાગદ્વેષ–હર્ષ–ખેદ કરાવનારા પાપવ્યાપારો અર્થાત્ સાંસારિક પ્રવૃત્તિઓ, સાવદ્ય પ્રવૃત્તિઓ બંધ કરી દેવી જોઈએ. એ ખુલ્લી હોય તો કુદરતી રીતે એના અંગે રાગાદિ થવાના. બીજું એ પણ છે કે પ્રવૃત્તિ ન આચરવા માત્રથી એના અંગેના પાપથી બચાતું નથી, કેમકે મનમાં એ પાપોની આશંસા–અપેક્ષા બેઠી છે એટલે જ મોકો મળતાં ઝટ એ પાપો થયા કરે છે. આ તો જ અટકે કે જો એના ત્યાગની પ્રતિજ્ઞા જ કરી લેવાય. સામાયિકમાં આ પ્રતિજ્ઞા–નિયમ કરવામાં આવે છે. તેથી સાવદ્ય અટકવાથી એ નિમિત્તે થતા રાગાદિ અટકે ને કંઈ કેય સમભાવ આવે. આ સમભાવ-

ની-સામાયિકની સાધના જીવનભર કરવા જેવી છે.

અડતાલીસ મિનિટના સામાયિકની ટેવથી જીવનભર હરખ-ખેદ કે રાગ-દ્વેષના પ્રસંગ પર અસર પડે છે. કહ્યું છે કે સામાયિક કરતી વખતે શ્રાવક પણ શ્રમણ જેવો (સર્વ પાપોથી રહિત અને સમભાવવાળો) બની જાય છે. આથી સામાયિક રોજ કરવી જોઈએ.

સામાયિકનું મહત્ત્વ બતાવતાં કહ્યું છે કે કરોડો જન્મ સુધી તીવ્ર કષ્ટ સહવા છતાં પણ જીવ જે કર્મોને ખપાવી (પાપોનો નાશ કરી) નથી શકતો, તે કર્મોને સમભાવથી યુક્ત આત્મા અર્ધી ક્ષણમાં ખપાવે છે. મતલબ, સામાયિક એ ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ સાધના છે.

આત્માને લાગેલાં કર્મોને અર્ધી ક્ષણમાં નાશ કરતા એવા સામાયિકનું મને નિત્ય સેવન હો.

## ૫. ઇરિયાવહિયા–પ્રતિક્રમણ સૂત્ર

ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ !-
ઇરિયાવહિયં પડિક્કમામિ ?
(ગુરુ બોલે 'પડિક્કમેહ')

ઇચ્છં, ઇચ્છામિ પડિક્કમિઉં ॥૧॥
ઇરિયાવહિયાએ વિરાહણાએ ॥ ૨ ॥
ગમણાગમણે ॥ ૩ ॥
પાણ-ક્કમણે, બીય-ક્કમણે,
હરિય-ક્કમણે,
ઓસા-ઉત્તિંગ-પણગ-દગ-મટ્ટી
મક્કડા–સંતાણા–સંકમણે ॥ ૪ ॥
જે મે જીવા વિરાહિયા ॥ ૫ ॥

એગિંદિયા, બેઇંદિયા

તેઇંદિયા ચઉરિંદિયા, પંચિંદિયા ॥ ૬ ॥

અભિહયા, વત્તિયા,

લેસિયા, સંઘાઈયા,

સંઘટ્ટિયા, પરિયાવિયા.

કિલામિયા, ઉદ્દવિયા,

ઠાણાઓ ઠાણં સંકામિયા,

જીવિયાઓ વવરોવિયા,

તસ્સ મિચ્છામિ દુક્કડં. ॥ ૭ ॥

## ☆ શબ્દાર્થ ☆

ઇચ્છાકારેણ–આપની ઇચ્છાથી
સંદિસહ–આદેશ આપો
ઈરિયાવહિયં–જતાં આવતાં થયેલ જીવહિંસા અને સાધુ
આચારની થયેલી વિરાધનાને
પડિક્કમામિ–પ્રતિક્રમું છું, એનાથી પાછા ફરું છું.
( ગુરુ બોલે પડિક્કમેહ–પાછા ફરો. )
ઇચ્છં–આદેશ સ્વીકારું છું.
ઈચ્છામિ–ઇચ્છું છું.
પડિક્કમિઉં–પાછો ફરવાને
ઇરિયાવહિયાએ–અવરજવરમાં થયેલી
વિરાહણાએ–વિરાધનાથી
ગમણાગમણે–જતાં આવતાં
પાણક્કમણે–બે ત્રણ ચાર ઈન્દ્રિયોવાળા જીવ દબાવામાં
બીયક્કમણે–બીજ દબાવામાં
હરિયક્કમણે–વનસ્પતિ દબાવામાં
ઓસા–આકાશમાંથી પડેલા પાણીના જીવ
ઉત્તિંગ–કીડીનાં દર
પણગ–પાંચ વર્ણની નિગોદ (અનંતકાય)
દગમટ્ટી–પાણી અને માટી અથવા પાણીવાળી માટી, કાદવ
મક્કડાસંતાણા–કરોળિયા વગેરેનાં જાળાં
સંકમણે–દબાવામાં
જે મે જીવા–મારાથી જે જીવો

વિરાહિયા–દુઃખી કરેલા
એગિંદિયા–એક ઇન્દ્રિયવાળા
બેઇંદિયા–બે ઇન્દ્રિયવાળા
તેઇંદિયા–ત્રણ ઇન્દ્રિયવાળા
ચઉરિંદિયા–ચાર ઇન્દ્રિયવાળા
પંચિંદિયા–પાંચ ઇન્દ્રિયવાળા
અભિહયા–લાતે માર્યા, સામે ઘસ્યા
વત્તિયા–ઊંધા વાળ્યા હોય (ધૂળથી ઢાંકયા હોય)
લેસિયા–પરસ્પર ઘસ્યા હોય, જમીન પર ઢસડયા હોય
સંઘાઇયા–શરીર ભેગાં કર્યાં, અથડાવ્યાં હોય
સંઘટ્ટિયા–સ્પર્શ કર્યો હોય
પરિયાવિયા–પીડા કરી હોય
કિલામિયા–અંગભંગ કર્યો હોય
ઉદ્દવિયા–મરણતોલ કર્યા હોય
ઠાણાઓ ઠાણં–એક સ્થાનથી બીજા સ્થાને
સંકામિયા–ફેરફાર કર્યા હોય
જીવિયાઓ વવરોવિયા–મારી નાંખ્યા હોય
તસ્સ–તેનાં
મિચ્છા–મિથ્યા થાઓ
મિ–મારા
દુક્કડં–દુષ્કૃત.

★ ભાવાર્થ ★

હે ગુરુ ભગવંત ! આપની ઇચ્છાથી મને ગમનાગમનની ક્રિયાથી ( કે સાધ્વાચારના ઉલ્લંઘનથી ) થયેલી વિરાધનાથી પ્રતિક્રમણ કરવાની–પાછા ફરવાની આજ્ઞા આપો.

ગુરુ ભગવંત કહે : "પ્રતિક્રમણ કરો."

શિષ્ય કહે : આપની આજ્ઞા હું સ્વીકારું છું. અને હવે હું ગમનાગમનાદિ સંબંધી વિરાધનાનું પ્રતિક્રમણ ( અંતરના શુદ્ધભાવથી ) શરૂ કરું છું.

રસ્તે જતાં કે આવતાં મારાથી ( જાણતાં કે અજાણતાં કોઈ ત્રસ જીવ, ( બે ઇન્દ્રિય-તે ઇન્દ્રિય–ચઉરિન્દ્રિય) બીયાં, (સજીવ ધાન્ય) લીલોતરી, ઝાકળનું પાણી, કીડીનાં દર, સેવાળ, કાચું પાણી, માટી કે કરોળિયાની જાળ વગેરે ચંપાયા, એમાં જે કોઈ (૧) જીવોની (૨) વિરાધના કરી હોય; (૧) જીવોમાં દા. ત. કોઈ એકેન્દ્રિય-બે ઇન્દ્રિય-તેઇન્દ્રિય-ચઉરિન્દ્રિય–કે પંચેન્દ્રિય જીવોને કોઈપણ પ્રકારે દુઃખ થયું હોય, (૨) વિરાધનામાં દા. ત. મેં કોઈ જીવને ઠોકર મારી હોય કે સામો ધસ્યો હોઉં, જીવોને મેં ધૂળથી ઢાંકચા હોય, પરસ્પર ઘસ્યા–અફાળ્યા કે ઘસડ્યા હોય, જૂથમાં ભેગા કર્યા હોય, દુઃખ થાય એમ તેમને અડક્યો હોઉં, ત્રાસ આપ્યો હોય, અંગ ભાંગ્યાં હોય, મરણતોલ કર્યા હોય, એક જગાએથી બીજી જગાએ ફેરવ્યા હોય, મારી નાખ્યા હોય, તો તેથી જે કંઈ વિરાધના થઈ તે અંગેનું મારું દુષ્કૃત્ય મિથ્યા થાઓ.

## ☆ સૂત્ર પરિચય ☆

જવા–આવવા આદિમાં થયેલી જીવોની વિરાધનાની યાદી સાથે તેનો પશ્ચાત્તાપ–પ્રતિક્રમણ આ સૂત્રમાં હોવાથી તેને 'ઈરિયાવહિયં' સૂત્ર કહે છે. થઈ ગયેલા જીવકલેશ (અને સાધ્વાચાર ઉલ્લંઘન)ના પાપ પ્રત્યે ઘૃણા થઈને એ પાપોથી નિવૃત્ત થવાની ક્રિયા અંગેનું આ સૂત્ર હોવાથી તેને 'પ્રતિક્રમણસૂત્ર' પણ કહે છે....ન્યાયાધીશ આગળ માફી માગવા ખૂની જેવા ગદ્‌ગદ દિલથી ગુન્હાનો ઈકરાર કરે તેવી રીતે આપણે ગુરુ આગળ આપણે કરેલી જીવહિંસાનો ગદ્‌ગદ દિલે ઈકરાર કરવા માટે આ સૂત્ર છે.

આ સૂત્રનો સાર એ છે કે આપણું કામકાજ–ગમનાગમન, બોલવું ચાલવું, વિચારવું, એવું જરા પણ ન હોવું જોઈએ જેથી કોઈપણ નાના-મોટા જીવને કોઈપણ પ્રકારે મનથી કે શરીરથી દુઃખ પહોંચે. આપણા જીવનના રોજબરોજના વર્તાવ વ્યવહાર અને વિચાર નાના મોટા કોઈપણ જીવને દુઃખ અને ત્રાસ આપે તેવા ન હોવા જોઈએ. પરંતુ સંસારી જીવન એવું છે કે એમાં એ પાપ થયા કરે છે, અને સાધુ–જીવનમાં પ્રમાદવશ નાના જીવોની વિરાધના થઈ જાય છે તેમ જ સાધ્વાચારના ભંગથી પણ પાપ ઊભું થાય છે, તો એની આ સૂત્રથી શુદ્ધિ કરીને પછી જ ધર્મક્રિયા થાય. તેથી આ સૂત્રનો ઉપયોગ સામાયિક–પ્રતિક્રમણ–ચૈત્યવંદન–દેવવંદન વગેરે ક્રિયાઓમાં થાય છે.

આ સૂત્રનો પ્રધાન સૂર એ છે કે આપણાથી જાણતાં કે અજાણતાં નાનામાં નાની પણ જીવવિરાધના ( જીવને પીડા ) થઈ હોય તો તેને પણ પાપ સમજવું. પાપ પ્રત્યે ઘૃણા-ગ્લાનિ થવી અને પાપનો ખરા અંતરથી પસ્તાવો કરવો. આ સૂત્રમાં આવતું 'મિચ્છામિ દુક્કડમ્' પદ એ પ્રતિક્રમણનો મૂળ પાયો છે. આથી તેનું વારંવાર મનન કરવું જોઈએ. 'મિચ્છામિ દુક્કડમ્' એટલે આપણે અપરાધ કર્યો હોય તેની પ્રત્યે આપણા દિલમાં ભારે ઘૃણા થાય, સાથે પાપ કરનારા આપણા આત્મા ઉપર પણ ઘૃણા-તિરસ્કાર થાય કે 'હાય! હું કેવો દુષ્ટ અધમ કે મેં આ પાપ કર્યું!' અને પછી પાપ અંગે પશ્ચાત્તાપ પૂર્વક માફી માંગીએ અને પાપની નિવૃત્તિ ઇચ્છીએ તે ક્રિયા.

પૌષધ યા ચારિત્રજીવનમાં કંઈ આઘાપાછા ન થયા હોય ને તેથી જીવવિરાધના ન થઈ હોય તો પણ નવી ક્રિયાના પ્રારંભે 'ઈરિયાવહિય' કરવામાં આવે છે, એ સૂચવે છે કે જીવવિરાધના નયે થઈ હોય, પણ કોઈ સાધ્વાચારનો સૂક્ષ્મ પણ ભંગ થયો હોય તોય એના પાપની શુદ્ધિ કરવા અર્થે આ સૂત્ર ઉપયોગી છે. તેથી અહીં 'ઈરિયાવહિયાએ વિરાહણાએ' પદથી 'શ્રી ધર્મસંગ્રહ' વગેરે શાસ્ત્રોએ જીવવિરાધનાની જેમ સાધ્વાચારના ભંગથી પણ થયેલ ચારિત્રવિરાધનાનું ગ્રહણ કર્યું છે.

## ૬. તસ્સ ઉત્તરી-કરણેણં-સૂત્ર.

**તસ્સ**

**ઉત્તરી-કરણેણં, પાયચ્છિત્ત-કરણેણં,**
**વિસોહી કરણેણ, વિસલ્લી-કરણેણં,**
**પાવાણં કમ્માણં નિગ્ઘાયણટ્ઠાએ,**
**ઠામિ કાઉસ્સગ્ગં ॥૧॥**

## ❊ શબ્દાર્થ ❊

તસ્સ-તેના (જે વિરાધનાનું પ્રતિક્રમણ કર્યું તેના)
ઉત્તરી કરણેણં-સ્મૃતિકરણ વડે
પાયચ્છિત્ત કરણેણં-પ્રાયશ્ચિત કરવા વડે
વિસોહી કરણેણં-વિશુદ્ધિ કરવા વડે
વિસલ્લી કરણેણં-શલ્ય દૂર કરવા વડે
પાવાણં કમ્માણં-પાપ કર્મોના
નિગ્ઘાયણટ્ઠાએ-નાશ કરવા માટે
ઠામિ કાઉસ્સગ્ગં-હું કાયોત્સર્ગ કરું છું.

### ❊ ભાવાર્થ ❊

પૂર્વોક્ત જીવવિરાધના યા સાધ્વાચાર ભંગના બંધાયેલાં પાપકર્મોનો સંપૂર્ણ નાશ કરવા માટે, એના સ્મૃતિકરણથી, પ્રાયશ્ચિત્તથી, વિશેષ શુદ્ધિથી અને વિશલ્યતાથી, હું કાયોત્સર્ગમાં સ્થિર થાઉં છું.

( સ્મૃતિકરણમાં વિરાધનાને પશ્ચાત્તાપપૂર્વક સ્મૃતિપટમાં લાવવાની છે. )

## ❋ સૂત્ર પરિચય ❋

શરીરના કોઈ ભાગમાં ઊંડે કાંટો, કાચની કરચ કે લોખંડની ખીલી વગેરે ઘૂસી ગઈ હોય તો વૈદ (૧) તેની બરાબર તપાસ કરી લે છે, પછી (૨) જે ભાગમાં વાગ્યું હોય તે ભાગ ઉપર મલમ વગેરે દવા લગાડે છે. આથી સોજો ચડતો અટકે છે, અને અંદર રહેલ કણી કે કાંટો જલદી ઉપર આવે છે. આ સાથે જ (૩) દરદીને યોગ્ય ફાકી વગેરે આપવામાં આવે છે જેથી પેટ સાફ થાય અને અંદરનું લોહી પેલા કણી કે કાંટાને લીધે બગડે નહિ, અને (૪) છેલ્લે કણી કે કાંટો ઉપર આવ્યે છે ત્યારે તેને હળવેથી ખેંચી લેવાય છે. આમ કાંટાને કાઢવામાં ચાર વિધિ કરાય છે; નિદાન, પ્રતિકાર, સાફસૂફી અને નિઃશલ્યતા.

એ પ્રમાણે પૂર્વસૂત્રમાં કહેલ વિરાધનાદિથી આત્માના ઊંડાણમાં દટાયેલ પાપને ચાર ઉપાયથી બહાર ખેંચી કાઢી, આત્માને વિશુદ્ધ બનાવવાની પદ્ધતિ આ સૂત્રમાં બતાવવામાં આવી છે.

પહેલા પસ્તાવાથી પાપને ઉપર લાવવામાં આવે છે. અર્થાત્ સ્મૃતિકરણ થાય છે. પછી પ્રાયશ્ચિત્ત, પાપ-ઘૃણા અને પાપના મૂળભૂત દોષની ઘૃણા કરીને આત્માની મૂલતઃ વિશુદ્ધિ કરાય છે જેથી એ પાપનાં શલ્ય ન રહે અને પાપનાં બીજ પણ ઊખડી જાય. છેલ્લે કાયો-

ત્સર્ગથી એ પાપની રહી સહી અશુદ્ધિને દૂર કરી આત્માને પાપમુક્ત કરાય છે.

આ સૂત્રમાં પાપનાં પુનઃ ઉત્તરીકરણાદિની પ્રક્રિયા બતાવેલી હોવાથી તેને 'ઉત્તરીકરણસૂત્ર' પણ કહે છે.

## ૭. અન્નત્થ ઊસસિએણં-સૂત્ર

અન્નત્થ ઊસસિએણં,
નીસસિએણં, ખાસિએણં,
છીએણં, જંભાઈએણં,
ઉડ્ડુએણં, વાય-નિસગ્ગેણં,
ભમલીએ, પિત્ત-મુચ્છાએ ॥૧॥
સુહુમેહિં અંગ-સંચાલેહિં,
સુહુમેહિં ખેલ-સંચાલેહિં,
સુહુમેહિં દિટ્ઠિ-સંચાલેહિં, ॥૨॥
એવમાઈએહિં આગારેહિં
અભગ્ગો અવિરાહિઓ,
હુજ્જ મે કાઉસ્સગ્ગો ॥૩॥

જાવ અરિહંતાણં ભગવંતાણં
નમુક્કારેણં ન પારેમિ તાવ ॥૪॥
કાયં ઠાણેણં મોણેણં
ઝાણેણં અપ્પાણં વોસિરામિ ॥૫॥

*** શબ્દાર્થ ***

અન્નત્થ–સિવાય ( આ અપવાદો સિવાય )
ઊસસિએણં–શ્વાસ લેતાં
નીસસિએણં–શ્વાસ છોડતાં
ખાસિએણં–ખાંસી આવતાં
છીએણં–છીંક આવતાં
જંભાઈએણં–બગાસું આવતાં
ઉડ્ડુએણં–ઓડકાર આવતાં
વાયનિસગ્ગેણં–વાછૂટ થતાં
ભમલીએ–ચક્કર આવતાં
પિત્તમુચ્છાએ–પિત્તની મૂર્ચ્છા આવતાં
સુહુમેહિં–સૂક્ષ્મરીતે
અંગસંચાલેહિં–અંગ હલાવતાં
સુહુમેહિં ખેલસંચાલેહિં–સૂક્ષ્મ કફ આવતાં
સુહુમેહિં દિટ્ઠિ સંચાલેહિં–સૂક્ષ્મ દૃષ્ટિ ફરકતાં
એવમાઈએહિં–ઇત્યાદિ ક્રિયાઓના
આગારેહિં–આકાર અપવાદ છોડીને
અભગ્ગો–ભાંગ્યા વગરનો
અવિરાહિઓ–વિરાધના વગરનો
હુજ્જ–હો
મે કાઉસ્સગ્ગો – મારો કાયોત્સર્ગ – નક્કી કરેલા ધ્યાનવાળો કાયપ્રવૃત્તિનો ત્યાગ
જાવ–જ્યાં સુધી

અરિહંતાણું–અરિહંત
ભગવંતાણું–ભગવંતોને
નમુક્કારેણું–નમસ્કાર કરીને
ન પારેમિ–( તે કાયોત્સર્ગ ધ્યાન ) હું પૂર્ણ ન કરું
તાવ-ત્યાં સુધી
ઠાણેણું મોણેણું ઝાણેણું—સ્થિરતા, મૌન અને
ધ્યાનમાં રાખી
અપ્પાણું કાયં–પોતાની કાયાને
વોસિરામિ–વોસિરાવું છું, કાયાની પ્રવૃત્તિ છોડી
દઉં છું.

*** ભાવાર્થ ***

આ ક્રિયાઓ સિવાય; દા. ત. શ્વાસ લેવો; શ્વાસ મૂકવો; ઉધરસ આવવી, છીંક આવવી, બગાસું આવવું, ઓડકાર આવવો, વા–છૂટ થવી, ચક્કર આવવા, પિત્તને લીધે મૂર્ચ્છા આવવી, શરીર સૂક્ષ્મ રીતે ધ્રૂજવું, શરીરમાં કફ વગેરેનો સૂક્ષ્મ સંચાર થવો, સ્થિર રાખેલી દૃષ્ટિ સૂક્ષ્મ રીતે ફરકી જવી, ઇત્યાદિ કાયાની હાલચાલ. આમાં 'આદિ' પદથી અગ્નિસ્પર્શ, શરીર છેદન, નજર સામે થતી પંચેન્દ્રિય જીવની હત્યા, મનુષ્યહર ચોર કે આંતર બળવો યા સર્પદંશ આ કારણે કાયાને બીજે ખસેડવી; આ આપવાદિક ક્રિયાઓ સિવાય મારે સમૂલ ભગ્ન નહિ, તેમ અંશથી પણ ભગ્ન નહિ એવો નક્કી કરેલો ધ્યાન-વાળો કાયાની પ્રવૃત્તિનો ત્યાગરૂપ કાયોત્સર્ગ (કાઉસ્સગ્ગ) હો......

હવે એ ધ્યાન પૂર્ણ થયા પછી જ્યાંસુધી 'નમો અરિહંતાણં' પદ બોલી અરિહંતોને નમસ્કાર કરીને કાયોત્સર્ગ પારું નહિ ત્યાં સુધી, હું મારા શરીરને સ્થૈર્ય, મૌન અને (એ ચોક્કસ) ધ્યાનમાં રાખી એની કાયપ્રવૃત્તિના ત્યાગરૂપ કાયોત્સર્ગ કરું છું...

## ❋ સૂત્ર પરિચય ❋

કાયોત્સર્ગના આગાર યાને અપવાદની યાદી આ સૂત્રમાં આપી છે, તે સિવાય કાયક્રિયાબંધનું આ સૂત્ર હોવાથી તેને 'અન્નત્થસૂત્ર' કહે છે. આ સૂત્ર દ્વારા કાયોત્સર્ગ કરવાનો હોવાથી તેને 'કાયોત્સર્ગસૂત્ર' પણ કહેવાય છે.

કાયાને જ આપણે સર્વસ્વ માની લીધી છે, કાયાને જ 'હું' ગણીએ છીએ, પરંતુ ખરેખર તો કાયા એ કાંઈ 'હું' એટલે કે આત્મા નથી. આત્માનું સ્વરૂપ નથી. એ તો જડ છે; આત્મા તો ચેતન છે. જ્ઞાન-દર્શન-ચારિત્રમય છે. પરંતુ આત્માને દેહાધ્યાસ છે, દેહાભેદભ્રમ છે. એને દેહમમતા લાગી છે. એ છૂટે તો જ આત્મા અધ્યાત્મભાવમાં આગળ વધી શકે, તેથી મુમુક્ષુને એ દેહાધ્યાસ ટાળવા આ એક ઉપાય છે કાયોત્સર્ગ કરવો. એમાં પ્રતિજ્ઞાપૂર્વક ધ્યાનમાં રહેવાનું અને શ્વાસોચ્છ્વાસ વગેરે આગાર( અપવાદ )ને છોડીને કાયાને તદ્દન સ્થિર રાખી દેવાની અને મૌન પકડવાનું હોય છે. એટલે આમાં કાયાની કોઈપણ પ્રકારની કાળજી લેવાની નથી. કાયાને માખમચ્છરાદિનો ઉપદ્રવ થાય તો કાયોત્સર્ગધ્યાન સમયમાં કાયાનાં ગાત્રને સહેજ પણ હલાવવાનાં નથી—ટૂંકમાં કાયા છે જ નહિ, માત્ર આત્મા જ છે એની સતત પ્રતીતિ કરવાની છે.

કાયોત્સર્ગથી વિષય-કષાયને જીતી શકાય છે, તેનાથી સમભાવની પ્રાપ્તિ થાય છે.

## ૮. લોગસ્સ (નામસ્તવ) સૂત્ર.

લોગસ્સ ઉજ્જોઅ-ગરે,
ધમ્મ-તિત્થ-યરે જિણે;
અરિહંતે કિત્તઈસ્સં,
ચઉવીસં પિ કેવલી.
ઉસભ-મજિઅં ચ વંદે,
સંભવ-મભિણંદણં ચ સુમઈં ચ;
પઉમપ્પહં સુપાસં,
જિણં ચ ચંદપ્પહં વંદે. ॥૨॥
સુવિહિં ચ પુપ્ફદંતં,
સીઅલ-સિજ્જંસ વાસુપુજ્જં ચ;
વિમલ-મણંતં ચ જિણં,
ધમ્મં સંતિં ચ વંદામિ. ॥૩॥
કુંથું અરં ચ મલ્લિં,
વંદે મુણિસુવ્વયં નમિજિણં ચ;

વંદામિ રિટ્ઠનેમિં,
પાસં તહ વદ્ધમાણં ચ. ॥૪॥
એવં મએ અભિથુઆ,
વિહુય-રયમલા પહીણ-જરમરણા;
ચઉવીસં પિ જિણવરા,
તિત્થયરા મે પસીયંતુ. ॥૫॥
કિત્તિય-વંદિય-મહિયા,
જે એ લોગસ્સ ઉત્તમા સિદ્ધા;
આરુગ્ગ-બોહિલાભં,
સમાહિવર-મુત્તમં દિંતુ. ॥૬॥
ચંદેસુ નિમ્મલયરા,
આઈચ્ચેસુ અહિયં પયાસ-યરા;
સાગરવર-ગંભીરા,
સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ. ॥૭॥

### ❋ શબ્દાર્થ ❋

લોગસ્સ–પંચાસ્તિકાય લોકના
ઉજ્જોઅગરે–પ્રકાશ કરનારા
ધમ્મતિત્થયરે–ધર્મતીર્થના સ્થાપક
જિણે–રાગદ્વેષના જીતનારા
ચઉવીસં પિ–ચોવીસ પણ
કેવલી–કેવળજ્ઞાન ધરનારા
ઉસભ–ઋષભદેવને
અજિઅં–અજિતનાથને
વંદે–વંદન કરું છું
સંભવ–સંભવનાથને
અભિણંદણં ચ– અને અભિનંદનસ્વામીને
સુમઈ ચ– અને સુમતિનાથને
પઉમપ્પહં–પદ્મપ્રભસ્વામીને
સુપાસં–સુપાર્શ્વનાથને
જિણં ચ– અને જિનેશ્વર
ચંદપ્પહં–ચંદ્રપ્રભસ્વામીને
સુવિહિં ચ– અને સુવિધિનાથ
પુપ્ફદંતં–પુષ્પદંતને [ સુવિધિનાથ ]
સીઅલ સિજ્જંસ–શીતલનાથ ને શ્રેયાંસનાથને
વાસુપૂજ્જં ચ–વાસુપૂજ્યસ્વામીને
વિમલમણં તં ચ જિણં–વિમલનાથ અને અનંતનાથ
જિનને

ધમ્મં સંતિં ચ વંદામિ–ધર્મનાથને અને શાંતિનાથને વંદન કરું છું.

કુંથું અરં ચ મલ્લિં–કુંથુંનાથને, અરનાથને અને મલ્લિનાથને

વંદે મુણિસુવ્વયં નમિજિણં ચ–મુનિ સુવ્રતસ્વામીને અને નેમિનાથને વંદન કરું છું

વંદામિ રિટ્ઠનેમિં–અને અરિષ્ટનેમિનાથને વંદન કરું છું

પાસં તહ વદ્ધમાણં ચ–તેમ પાર્શ્વનાથને અને વર્દ્ધમાન (મહાવીર) સ્વામીને

એવં મએ–આ પ્રકારે મારાથી

અભિથુઆ–સ્તુતિ કરાયેલા

વિહૂયરયમલા–કર્મરજરાગાદિ મળ રહિત

પહીણ જરમરણા–વૃદ્ધાવસ્થા અને મરણથી મુક્ત

ચઉવીસં પિ જિણવરા–ચોવીસ પણ જિનેશ્વરદેવો

તિત્થયરા મે–તીર્થંકરો મારા પર

પસીયંતુ–પ્રસન્ન થાઓ

કિત્તિય–વંદિય–મહિયા–સ્તુતિ કરાયેલા, વંદન કરાયેલા, પૂજન કરાયેલા

જે એ લોગસ્સ–લોકમાં જે એ

ઉત્તમા સિદ્ધા–ઉત્તમ સિદ્ધો

આરુગ્ગ–ભાવ આરોગ્ય (મોક્ષ) માટે

બોહિલાભં–બોધિલાભ

સમાહિવર–શ્રેષ્ઠ સમાધિ (ભાવ સમાધિ)

ઉત્તમં દિંતુ–ઉત્તમ આપો

ચંદેસુ નિમ્મલયરા–ચંદ્રોથી અધિક નિર્મળ
આઈચ્ચેસુ–સૂર્યોથી ( આદિત્યથી )
અહિયં પયાસયરા–અધિક પ્રકાશ કરનારા
સાગરવરગંભીરા–સાગરમાં શ્રેષ્ઠ–સાગર કરતાંય ગંભીર
સિદ્ધા–હે સિદ્ધ ભગવંતો
સિદ્ધિં મમ દિસંતુ–મને મોક્ષ આપો

### ❋ ભાવાર્થ ❋

લોક અર્થાત્ ધર્માસ્તિકાયાદિ પાંચ અસ્તિકાય વિશ્વનો જ્ઞાનથી પ્રકાશ કરનારા, ધર્મરૂપી તીર્થના સ્થાપક, રાગદ્વેષના વિજેતા અને અષ્ટ પ્રાતિહાર્યથી શોભતા એવા કૈવળજ્ઞાન દ્વારા પૂર્ણતા–પરમાત્મપણાને પ્રાપ્ત કરનારા ચોવીસ તીર્થંકરોની પણ (આર્થાત્ અન્ય તીર્થંકરોની સાથે) હું તેમનાં નામો વડે સ્તુતિ કરીશ. (૧)

શ્રી ઋષભદેવ, શ્રી અજિતનાથ, શ્રી સંભવનાથ, શ્રી અભિનંદનસ્વામી, શ્રી સુમતિનાથ, શ્રી પદ્મપ્રભસ્વામી, શ્રી સુપાર્શ્વનાથ અને શ્રી ચંદ્રપ્રભસ્વામીને હું વંદન કરું છું. (૨)

શ્રી સુવિધિનાથ અથવા પુષ્પદંત, શ્રી શીતલનાથ, શ્રી શ્રેયાંસનાથ, શ્રી વાસુપૂજ્યસ્વામી, શ્રી વિમલનાથ, શ્રી અંનતનાથ, શ્રીધર્મનાથ તથા શ્રી શાંતિનાથને હું વંદન કરું છું. (૩)

શ્રી કુંથુનાથ, શ્રી અરનાથ, શ્રી મલ્લિનાથ, શ્રી મુનિસુવ્રતસ્વામી, શ્રી નમિનાથ, શ્રી અરિષ્ટનેમિ, શ્રી પાર્શ્વનાથ તથા શ્રીવર્ધમાનસ્વામીને (શ્રી મહાવીર પ્રભુને) હું વંદન કરું છું. (૪)

આમ મારા વડે સ્તવાયેલા, કર્મરજ અને મોહ-મેલથી મુક્ત અને ફરી જન્મ–મરણ નહિ પામનારા ચોવીસ તથા બીજા જિનવર તીર્થંકરો મારા પર પ્રસન્ન થાઓ. (૫)

જેઓ લોકોમાં ઉત્તમ સિદ્ધ છે અને જેઓ લોકો વડે કીર્તન કરાયેલા, વંદન કરાયેલા અને પૂજાયેલા છે, તેઓ મને આરોગ્ય, બોધિલાભ (જૈનધર્મ-સ્પર્શના) (અથવા ભાવારોગ્ય મોક્ષ માટે બોધિલાભ) અને ઉત્તમ ચિત્તની સમાધિ આપો. (૬)

ચંદ્રો કરતાં વધારે નિર્મળ, સૂર્યો કરતાં વધારે પ્રકાશ કરનારા તથા સ્વયંભૂરમણ સમુદ્ર કરતાં વધારે ગંભીર એવા સિદ્ધ ભગવંતો મને સિદ્ધિ આપો. (૭)

## ❀ સૂત્ર પરિચય. ❀

આ સૂત્રમાં ચોવીસ તીર્થંકર પરમાત્માને નામ-કીર્તનરૂપ સ્તુતિ કરી વંદન કરવામાં આવ્યા છે. તેથી તેને 'ચઉવીસત્થય' સૂત્ર કે 'ચતુર્વિંશતિ-જિન–નામસ્તવઃ' સૂત્ર પણ કહેવાય છે....સૂત્રના પહેલા શબ્દ પરથી તેનું નામ 'લોગસ્સ' સૂત્ર પણ છે....

આ સૂત્ર કાયોત્સર્ગમાં મનમાં ( હોઠ કે જીભ ફફડાવ્યા વિના) અને તે વિના પ્રગટ બોલીને તીર્થંકરો-ને નામવાર વંદના કરવાની છે.

આ સૂત્રમાં પહેલી ગાથામાં પ્રભુના ચાર મુખ્ય અતિશય ( વિશિષ્ટતાઓ ) વર્ણવ્યા છે, 'લોગસ્સ ઉજ્જો-અગરે' થી જ્ઞાનાતિશય, 'ધમ્મતિ.' થી વચનાતિશય, 'જિણે'થી અપાય (રાગાદિ)–અપગમાતિશય, અને 'અરિહંતે'થી પૂજાતિશય. આનું ધ્યાન કરવું હોય તો એ રીતે કરાય કે પ્રભુને મનની સામે લાવી એમના હૃદયમાં વિશ્વપ્રકાશી જ્ઞાનપ્રકાશ, મોંમાં ધર્મતીર્થ સ્થાપક વાણી, આંખમાં જિન વીતરાગતા, અને મોંની બન્ને બાજુ વીંજાતા ચામર પ્રાતિહાર્ય દેખવાના, આવા ૨૪ જિનેન્દ્ર પ્રભુ અને પાછળ અનંતા જિનેન્દ્ર ભગવાન દેખવાના.

પછીની ત્રણ ગાથામાં ૮–૮–૮ પ્રભુને વંદના છે. એ પછીની ગાથામાં પ્રભુને નિર્મળ અને અક્ષય-અમર

તરીકે સ્તવી એમની પ્રસન્નતા યાને પ્રભાવની માગણી કરી છે. તે પછી ઉત્તમ સિદ્ધ તરીકે સ્તવી આરોગ્ય, બોધિલાભ, ( અથવા ભાવ આરોગ્ય જે મોક્ષ એના માટે બોધિલાભ....) અને ઉત્તમ ભાવસમાધિની માગણી કરી છે.

છેલ્લી ગાથામાં પ્રભુની ઉપમાતીત નિર્મળતા, પ્રકાશકતા, ગંભીરતા સ્તવીને સિદ્ધિ–મોક્ષની માગણી કરી છે.

બહુ પ્રભાવવંતુ આ સૂત્ર છે....

૯. શ્રી 'કરેમિ ભંતે!' સામાયિક મહા–દણ્ડક સૂત્ર.

કરેમિ ભંતે ! સામાઈઅં,
સાવજ્જં જોગં પચ્ચક્ખામિ.
જાવ નિયમં પજ્જુવાસામિ
દુવિહં, તિવિહેણં,
મણેણં, વાયાએ, કાએણં;
ન કરેમિ, ન કારવેમિ,
તસ્સ ભંતે ! પડિક્કમામિ,
નિંદામિ, ગરિહામિ;
અપ્પાણં વોસિરામિ.

❋ શબ્દાર્થ ❋

કરેમિ – કરું છું
ભંતે – હે ભગવન્
સામાઈયં – સામાયિક
સાવજ્જં જોગં – પાપયુક્ત પ્રવૃત્તિનો
પચ્ચક્ખામિ – પ્રતિજ્ઞાપૂર્વક ત્યાગ કરું છું
જાવ નિયમં – જ્યાં સુધી નિયમનું
પજ્જુવાસામિ – પાલન કરું (ત્યાં સુધી)
દુવિહં – બે પ્રકારે (કરવું - કરાવવું)
તિવિહેણં – ત્રણ પ્રકારે
મણેણં – મનથી
વાયાએ – વચનથી
કાએણં – કાયાથી
ન કરેમિ – કરું નહિ
ન કારવેમિ – કરાવું નહિ
તસ્સ ભંતે – તેથી હે ભગવન્ (અત્યાર સુધી સેવેલા) તે (પાપ) નું
પડિક્કમામિ – પ્રતિક્રમણ કરું છું
નિંદામિ – નિંદા કરું છું
ગરિહામિ – ગુરુ મહારાજ સમક્ષ નિંદા કરું છું
અપ્પાણં – એવા પૂર્વ પાપયુકત મારા આત્માને
વોસિરામિ – વોસિરાવું છું (એનું મમત્વ, સારાપણું માનવાનું) છોડી દઉં છું.

### ❋ ભાવાર્થ ❋

[ ગુરુ પાસે સામાયિકનું પચ્ચક્ખાણ લેતાં કહેવાનું કે ] હે ગુરુ ભગવંત ! હે ભગવન્ ! [ કલ્યાણકારી ] હું સામાયિક કરું છું. સર્વે પાપના યોગનો ત્યાગ કરું છું [ ત્યાગ કરવાનો નિયમ લઉં છું. ]

જ્યાં સુધી હું આ નિયમમાં રહું ત્યાં સુધી હું મનથી, વચનથી અને કાયાથી એમ ત્રણ પ્રકારે પાપ કરીશ નહિ અને કરાવીશ પણ નહિ.

અને અગાઉ એવા જે મેં પાપ કર્યાં હોય તેનાથી હે ભદંત ! પાછો ફરું છું [ કરેલા પાપનો મિથ્યા દુષ્કૃત કરું છું ] અને તે પાપોને આત્માની સાક્ષીએ નિંદું છું, ગુરુની સાક્ષીએ ગહુઁ છું, વિશેષ નિંદું છું અને પાપ ભાવયુક્ત આત્માને વોસિરાવું છું. [ એવા એનું મમત્વ છોડી દઉં છું. ]

## ❋ સૂત્ર પરિચય ❋

આ સૂત્રમાં સામાયિકની મુખ્ય વાત હોવાથી તેને 'સામાઈય-સુત્તં' પણ કહેવાય છે.... અને સૂત્રનો પ્રારંભ 'કરમિ ભંતે' શબ્દથી થાય છે તેથી તેનું નામ 'કરેમિભંતે' સૂત્ર છે....

સામાયિક વ્રત છે. સામાયિક એટલે જેમાં સમ-સમભાવનોઆય-કમાઈ થાય એવી ક્રિયા. એમ કહો સામાયિક એટલે સમતામાં રહેવાની તાલીમ. સર્વ જીવો પ્રત્યે અને સંસારના સર્વ ઇષ્ટ-અનિષ્ટ-પદાર્થો પ્રત્યે સમભાવ કેળવવો. એ માટે–

( ૧ ) સર્વ પાપપ્રવૃત્તિ પ્રતિજ્ઞા પૂર્વક બંધ કરવી....

( ૨ ) ઇન્દ્રિયોના વિકારો પર સંયમ કેળવવો....

( ૩ ) શુભ ભાવનામાં રહેવું....અને

( ૪) આર્ત્ત-રૌદ્ર [ અશુભ ] ધ્યાનનો ત્યાગ કરવો ....એ માટે શાસ્ત્ર-સ્વાધ્યાય કરવો....

આ ચારેયને સિદ્ધ કરવા સામાયિક કરવાનું છે.... ટૂંકમાં સમભાવની [ અર્થાત્ રાગ અને દ્વેષને જીતવાની ] સાધના એટલે સામાયિક....

આ સૂત્રમાં પાપ [ સાવદ્ય યોગ ]નો ત્યાગ છ પ્રકારે કરવાનું જણાવ્યું છે. મનથી કરું નહિ, મનથી કરાવું નહિ, વચનથી કરું નહિ, વચનથી કરાવું નહિ, કાયાથી કરું નહિ, કાયાથી કરાવું નહિ.

સામાયિકની વિધિમાં જતાં-આવતાં થયેલ જીવ-વિરાધના અંગે ઈરિયાવહિયંની ક્રિયા કરીને, બાહ્ય તેમજ અંતરથી શુદ્ધ થયા પછી સામાયિકની પ્રતિજ્ઞા તથા સ્વાધ્યાય આદેશની માગણીની ક્રિયા કર્યા પછી ૪૮ મિનિટ સુધી સામાયિકમાં રહેવાનું હોય છે. એ માટેની પ્રતિજ્ઞા પ્રત્યાખ્યાન [ પચ્ચક્ખાણ ] લેવા માટે આ સૂત્રનો ઉપયોગ થાય છે.

જેમ નવકારમંત્ર એ શ્રેષ્ઠ મંત્ર છે, એમ સામાયિક એ શ્રેષ્ઠ યોગ છે. એમાં સર્વ જીવોને અભયદાનનો મહાન લાભ મળે છે અને અસત્યાદિ પાપોનો પ્રતિજ્ઞાબદ્ધ ત્યાગ થાય છે.

## ૧૦. સામાઇઅ-વય જુત્તો-સૂત્ર

સામાઈઅ-વય-જુત્તો,
જાવ મણે હોઈ નિયમ-સંજુત્તો,
છિન્નઈ અસુહં કમ્મં,
સામાઈઅ જત્તિઆ વારા ॥૧॥
સામાઈઅમ્મિ ઉ કએ,
સમણો ઈવ સાવઓ હવઈ જમ્હા,
એએણ કારણેણં,
બહુસો સામાઈઅં કુજ્જા ॥ ૨ ॥

સામાયિક વિધિએ લીધું, વિધિએ પાર્યું, વિધિ કરતાં જે કોઈ અવિધિ હુઓ હોય તે સવિહું મન, વચન, કાયાએ કરી મિચ્છામિ દુક્કડં.

દશ મનના, દશ વચનના, બાર કાયાના એ બત્રીસ દોષમાં જે કોઈ દોષ લાગ્યો હોય તે સવિહું મન-વચન-કાયાએ કરી મિચ્છા મિ દુક્કડં.

### ❋ શબ્દાર્થ ❋

સામાઈઅ વય જુત્તા – સામાયિક વ્રત યુક્ત
જાવ મણે હોઈ – મન જ્યાં સુધી હોય
નિયમ સંજુત્તો – નિયમયુક્ત
છિન્નઈ અસુહં કમ્મં–( ત્યાં સુધી જીવ) અશુભ કર્મ છેદે છે
સામાઈઅ – સામાયિક
જત્તિઆવારા – જેટલીવાર
સામાઈઅમ્મિ – સામાયિક
ઉ કએ – તો કર્યે થકે
સમણો ઈવ – સાધુ જેવો
સાવઓ – શ્રાવક
હવઈ – છે
જમ્હા – જે કારણથી
એએણ કારણેણં – એ કારણથી
બહુસો સામાઈઅં – અનેકવાર સામાયિક
કુજ્જા – કરવાં જોઈએ

**❋ ભાવાર્થ ❋**

જ્યાં સુધી અને જેટલી વાર મનમાં પાપનો ત્યાગ કરવાનો નિયમ રાખીને સામાયિક કરવામાં આવે છે ત્યાં સુધી અને તેટલી વાર સામાયિક કરનાર અશુભ કર્મનો નાશ કરે છે.

સામાયિક કરનાર સામાયિકના સમયમાં શ્રાવક હોવા છતાં પણ તે શ્રમણ-સાધુ જેવો થઈ જાય છે. આથી સામાયિક વારંવાર કરવું જોઈએ.

આ સામાયિક મેં વિધિ–પૂર્વક લીધું છે અને વિધિપૂર્વક તે પૂર્ણ કર્યું છે. આ વિધિ કરતાં શરતચૂકથી કોઈ દોષ થયો હોય તો તે સંબંધી મારું પાપ નિષ્ફળ થાઓ.

અને સામાયિકના સમયમાં દસ મનના, દસ વચનના, અને બાર કાયાના એમ કુલ ૩૨ દોષોમાંથી જો કોઈ પણ દોષનું સેવન ભૂલથી થઈ ગયું હોય તો તે સંબંધી મારું પાપ મિથ્યા થાઓ.

### * સૂત્ર પરિચય *

'સામાઈયવયજુત્તો' શબ્દથી સૂત્રનો પ્રારંભ થતો હોવાથી તેનું નામ 'સામાઈયવયજુત્તો–સૂત્ર' છે. આ સૂત્ર દ્વારા સામાયિક પારવામાં આવે છે આથી તેનું બીજું નામ 'સામાઇકપારણ સૂત્ર' છે. સામાયિક પારવું એટલે સામાયિક વિધિપૂર્વક પૂર્ણ કરવું.

આ સૂત્રની પહેલી ગાથામાં સામાયિકના નિયમનો મહિમા બતાવ્યો છે કે જ્યાં સુધી મનમાં નિયમયુક્તતા હોય ત્યાં સુધી પાપકર્મ છેદાયા કરે છે.

સૂત્રની બીજી ગાથામાં સામાયિકનો પ્રભાવ બતાવ્યો છે. સામાયિકવાળો શ્રાવક સાધુ જેવો બને છે; કેમકે જેમ સાધુને જીવનભરના સામાયિકમાં, એમ શ્રાવકને બે ઘડીના સામાયિકમાં પાપયોગોનો પ્રતિજ્ઞાબદ્ધ ત્યાગ હોય છે. — આ મહિમા અને પ્રભાવના કારણે સામાયિક બહુવાર કરવાનો આમાં ઉપદેશ છે.

છેલ્લે સામાયિકના સમય દરમિયાન ભૂલથી શરત-ચૂકથી મનથી, વચનથી કે કાયાથી કોઈ દોષ-પાપ થઈ ગયાં હોય તો તેની ગુરુસાક્ષીએ માફી માગવામાં આવી છે.

# ★ સામાયિક લેવાની વિધિ ★

## ▣ સામાયિક માટે જરૂરી ઉપકરણ ▣

– ૧ : કટાસણું ૨ : મુહપત્તી ૩ : ચરવળો.

[ ગુરુ મહારાજની ગેરહાજરીમાં ] આ ત્રણ ઉપરાંત ધર્મનું પુસ્તક, પુસ્તક મૂકવા માટે સાપડો કે બાજોઠ કે ઊંચું આસન અને નવકારવાળી.

— સામાયિક કરતી વખતે શુદ્ધ કપડાં પહેરવાં. કપડાંમાં [ ભાઈઓએ ] માત્ર ધોતિયું અને ખેસ પહેરવાં.

— સામાયિક કરતાં અગાઉ જે જગાએ સામાયિક કરવાનું હોય તે જગાને ચરવળાથી ઉપયોગ પૂર્વક [ કોઈ જીવ-જંતુને દુઃખ ન પહોંચે તે રીતે ] સાફ [ પૂંજી-પ્રમાર્જીને ] કરીને કટાસણું પાથરવું.

— ગુરુ મહારાજની હાજરીમાં તેમનાથી બહુ દૂર નહિ તેમજ એકદમ નજીક પણ નહિ એમ મધ્યમ અંતરે બેસવું.

— ગુરુ મહારાજની ગેરહાજરીમાં ઊંચા આસને ધર્મપુસ્તક આદિ જ્ઞાનાદિ ઉપકરણ મૂકીને ડાબા હાથમાં મુહપત્તિ પકડી તેને મુખની પાસે ધરીને, અને જમણો હાથ જ્ઞાનાદિનાં સાધન પુસ્તક કે માળા સન્મુખ ઊંધો રાખીને એક ‘ નવકાર ’ તથા ‘ પંચિંદિય ’ સૂત્ર બોલીને ગુરુ સ્થાપના કરવી.

— પછી 'ખમાસમણુ' સૂત્ર બોલીને ગુરુને ભૂમિને અડતાં પંચાગ–નમસ્કારથી વંદના કરવી [ આ સૂત્ર બોલવામાં સૂત્રને ત્રણ વિભાગે બોલવું (૧) ઇચ્છામિ ખમાસમણો વંદિઉં, (૨) જાવણિજ્જાએ નિસીહિયાએ, (૩) મત્થએણ વંદામિ ]

— વંદન બાદ અનુક્રમે 'ઈરિયાવહિયં,' ૨ : 'તસ્સ ઉત્તરી' ૩ : 'અન્નત્થ –' સૂત્રો બોલવાં.

— પછી એક 'લોગસ્સ' નો 'ચંદેસુ નિમ્મલયરા' પદ સુધીનો મનમાં પાઠ કરવો. હોઠ ન ફફડે એ રીતે પાઠ કાયોત્સર્ગમાં રહીને કરવો. 'લોગસ્સ'નો પાઠ ના આવડે તો ચાર નવકારનો પાઠ કરવો.

— કાયોત્સર્ગ–કાઉસ્સગ્ગ પૂરો થયા પછી 'નમો અરિહંતાણં' એ પદ બોલીને કાઉસ્સગ્ગ પારવો. અને 'લોગસ્સ સૂત્ર' આખું પ્રકટ બોલવું.

— પછી 'ખમાસમણુ' દેવું અને 'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! મુહપત્તિ પડિલેહું ?' બોલીને મુહપત્તિ પડિલેહવા માટે ગુરુ મહારાજની આજ્ઞા માંગવી. [ સદ્‌ગુરુ આજ્ઞા આપે 'પડિલેહેહ'. ગુરુ મહારાજની ગેરહાજરીમાં સામાયિક કરનારે પોતે એ ગુર્વાદેશ મળ્યો સમજવું ] પછી 'ઇચ્છં' એમ કહીને ગોદોહાસને [ ગાય દોહતી વખતે જે રીતે ઉભડક પગે બેસવામાં આવે છે તેવી રીતે બેસવું ] બેસીને મુહપત્તિનું પડિલેહણ કરવું.

— મુહપત્તિની પડિલેહણા કરતી વખતે મુહપત્તિના ભાગો અને શરીરનાં અંગો પર જુદા જુદા બોલ

મળી પચાસ બોલ[બાબત]નું ચિંતન કરવું. આ પચાસ બોલ આ પ્રમાણે છે:

- ૦ સૂત્ર, અર્થ તત્ત્વ કરી સદ્દહું ૧
- ૦ સમ્યક્ત્વમોહનીય, મિશ્રમોહનીય મિથ્યાત્વ મોહનીય પરિહરું. ૩
- ૦ કામરાગ, સ્નેહરાગ, દૃષ્ટિરાગ પરિહરું. ૩
- ૦ સુદેવ, સુગુરુ, સુધર્મ આદરું ૩
- ૦ કુદેવ, કુગુરુ, કુધર્મ પરિહરું. ૩
- ૦ જ્ઞાન, દર્શન, ચારિત્ર આદરું. ૩
- ૦ જ્ઞાન–વિરાધના, દર્શન વિરાધના, ચારિત્ર વિરાધના પરિહરું. ૩
- ૦ મનગુપ્તિ, વચનગુપ્તિ, કાયગુપ્તિ આદરું. ૩
- ૦ મનદંડ, વચનદંડ, કાયદંડ પરિહરું. ૩
- ૦ હાસ્ય, રતિ, અરતિ પરિહરું. ૩
- ૦ ભય, શોક, દુગંછા પરિહરું. ૩
- ૦ કૃષ્ણ-લેશ્યા, નીલ-લેશ્યા, કાપોત લેશ્યા પરિહરું. ૩
- ૦ રસ-ગારવ, રિદ્ધિ-ગારવ, સાતા-ગારવ પરિહરું. ૩
- ૦ માયા-શલ્ય, નિયાણ-શલ્ય, મિથ્યાત્વ-શલ્ય પરિહરું. ૩
- ૦ ક્રોધ, માન પરિહરું. ૨
- ૦ માયા, લોભ પરિહરું. ૨
- ૦ પૃથ્વીકાય, અપ્કાય તેઉકાયની રક્ષા કરું. ૩
- ૦ વાયુકાય, વનસ્પતિકાય, ત્રસકાયની જયણા કરું. ૩

૫૦

—આમ ચિંતન કરી મુહપત્તિ પડિલેહીને ઊભા થવું અને 'ખમાસમણ' સૂત્ર બોલીને વંદન કરીને આજ્ઞા માંગવી કે –

'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! સામાયિક સંદિસાહું ?'

[ ગુરુ મહારાજ કહે 'સંદિસાવેહ' ] પોતે કહેવું 'ઇચ્છં.'

—પછી 'ખમાસમણ' દઈને આજ્ઞા માંગવી કે: 'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! સામાયિક ઠાઉં ?'

[ ત્યારે ગુરુ કહે 'ઠાઓ' ] પોતે 'ઈચ્છં' કહી બે હાથ જોડીને એક 'નવકાર' ગણવો. ગણ્યા બાદ ગુરુને વિનંતી કરવી કે: –

'ઈચ્છકારી ભગવન્! પસાય કરી સામાયિક દંડક ઉચ્ચરાવોજી.'

આ સમયે ગુરુ અથવા વડીલ કોઈ સામાયિકમાં હોય તો તે 'કરેમિ ભંતે' સૂત્ર બોલે તે વિનયથી શાંતિથી સાંભળવું. [ આ સમયે કોઈ 'કરેમિ ભંતે' બોલનાર ન હોય તો જાતે બોલવું ]

—પછી તરત જ 'ખમાસમણ' દઈને ગુરુની આજ્ઞા માંગવી કે 'ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્! બેસણે સંદિસાહું ?'

[ ગુરુ આજ્ઞા આપે: 'સંદિસાવેહ' ] પોતે 'ઇચ્છં'

કહેવું પછી ‘ ખમાસમણ ’ દઈને ફરી આજ્ઞા માગવી કે ‘ ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! બેસણે ઠાઉં ? [ ગુરુ કહે ‘ ઠાએહ ’ ]

‘ ઇચ્છં ’ કહીને ‘ ખમાસમણ ’ દઈને આજ્ઞા માંગવી કે :– ‘ ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! સજ્ઝાય સંદિસાહું ? ’

[ ગુરુ કહે ‘ સંદિસાવેહ ’ ] પોતે ‘ ઇચ્છં ’ કહેવું. પછી ખમાસમણું દઈ આજ્ઞા પામવી કે ‘ ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! સજ્ઝાય કરું ? ’

[ ગુરુ કહે ‘ કરેહ ’ ] આપણે ‘ ઇચ્છં ’ કહીને બે હાથ જોડી ત્રણ ‘ નવકાર ’ ગણીને કટાસણા પર બેસવું. પછી ૪૮ મિનિટ સુધી સ્વાધ્યાય કરવો. અર્થાત્ ધર્મ-ગ્રંથો વાંચવા, ભણવા, ધર્મસૂત્રોનો અભ્યાસ કરવો, સ્તોત્ર જાપ–ધર્મધ્યાન કરવું વગેરેથી શુભ ભાવનામય રહેવું. સામાયિક દરમિયાન ધર્મ આત્મા અને પરમાત્મા સિવાય બીજું કંઈ વિચારવું નહિ કે તે સિવાય બીજી કોઈ જ વાતો કરવી નહિ.

અને ૪૮ મિનિટ પૂરી થયા બાદ વિધિપૂર્વક સામાયિક પારવું.

## ☆ સામાયિક પારવાની વિધિ ☆

(૧) પ્રથમ 'ખમાસમણ' દઈ પુનઃ ઊભા થઈને ઇરિયાવહી, તસ્સઉત્તરી અને અન્નત્થ સૂત્રો બોલવાં. પછી એક 'લોગસ્સનો' [ ના આવડે તો ચાર 'નવકાર'નો ] કાઉસ્સગ્ગ કરવો, [ કાઉસ્સગ્ગમાં લોગસ્સ 'ચંદેસુ નિમ્મલયરા' પદ સુધી મનમાં બોલવો ] કાઉસ્સગ્ગ પૂરો થતાં 'નમો અરિહંતાણં' એ પદ બોલીને પારી આખો 'લોગસ્સ' પ્રકટ બોલવો.

(૨) —પછી 'ખમાસમણ' દઈ આજ્ઞા માંગવી કે "ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! મુહપત્તિ પડિલેહું ?" ગુરુ કહે- 'પડિલેહેહ' પછી ઇચ્છં કહી ૫૦ બોલના ચિંતન સાથે મુહપત્તિ પડિલેહવી.

(૩) —પછી 'ખમાસમણ' દઈ પુનઃ ઊભા થઈને આજ્ઞા માંગવી કે- "ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! સામાયિક પારું ?"

(૪) ગુરુ કહે- "પુણો વિ કાયવ્વં [ સામાયિક ફરી પણ કરવું ]" આપણે કહેવું 'યથાશક્તિ' કરીશ.

(૫) —પછી 'ખમાસમણ' દઈને જાહેર કરવું કે "ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! સામાયિક પાર્યું" ત્યારે ગુરુ કહે-' આયારો ન મોત્તવ્વો-આચાર ન મૂકવો' અર્થાત્ સામાયિક પ્રત્યેનાં રસ-રુચિ ઓછાં ન કરવાં.'

(૬) —આપણે કહેવું 'તહત્તિ'-(આપનું કહ્યું સત્ય છે.) અને પછી જમણો હાથ ચરવળા પર સ્થાપી એક નવકાર ગણીને સામાઇયવય-જુત્તો સૂત્ર બોલવું

## ✠ પ્રણામ અને ચૈત્યવંદનનાં ભેદ ✠

૧. માત્ર એક મસ્તક નમાવવાથી જે પ્રણામ થાય તે એક અંગી, ૨. બે હાથ જોડવાથી બે અંગી, ૩. બે હાથ જોડીને માથું નમાવવાથી ત્રણ અંગી, ૪. બે હાથ તથા બે ઢીંચણ—એમ ચાર અંગો નમાવવાથી ચાર અંગ વાળો અને ૫. બે હાથ, બે પગ તથા મસ્તક એમ પાંચેય અંગો નમાવવાથી પંચાંગી પ્રણામ ( પંચાંગ પ્રણિપાત ) કહેવાય છે.

'દંડક' એટલે અરિહંત ચેઈયાણં વગેરે ચૈત્ય-સ્તવ સૂત્ર અને 'સ્તુતિ' એટલે કાઉસ્સગ્ગ કર્યા પછી ( માત્ર અરિહંત ચેઈઆણં અને અન્નત્થ સૂત્ર કહીને કાઉસ્સગ્ગ કરીને ) સંસ્કૃત કે કોઈ બીજી ભાષામાં બોલાય છે તે સ્તુતિ બોલવાથી જ ધન્ય ચૈત્યવંદન કહેવાય છે.

ચાર યોગ (એટલે કે એક સ્તુતિની સંપૂર્ણ જોડ) નમુત્થુણં, લોગસ્સ, પુક્ખરવર, સિદ્ધાણં બુદ્ધાણં સૂત્રો સાથે થાય એ મધ્યમ ચૈત્યવંદન કહેવાય.

વળી ૧. નમુત્થુણં, ૨. અરિહંત ચેઈયાણં, ૩. લોગસ્સ, ૪. પુખ્ખરવરદી, અને ૫. સિદ્ધાણં બુદ્ધાણં—આ પાંચ દંડક સૂત્રો, ચાર સ્તુતિઓ ( ની જોડો ) અને જયવીયરાય બોલીને કરાતું ચૈત્યવંદન તે ઉત્કૃષ્ટ દેવવંદન કહેવાય છે.

## ❀ ચૈત્યવંદનનું ફળ ❀

શુદ્ધ ભાવ અને શુદ્ધ વર્ણોચ્ચાર, તેમજ અર્થ-ચિંતન આદિ વડે કરાતી વંદના, સાચું સોનું અને સાચી છાપ-વાળા રૂપિયા જેવી છે. આવી વંદના યથોદિત ગુણવાળી હોવાથી નિશ્ચયે મોક્ષફળને આપે છે.

શુદ્ધ ભાવવાળી પણ વર્ણોચ્ચાર અને અર્થચિંતનથી અશુદ્ધ વંદના, સોનું સાચું પણ ખોટી છાપવાળા રૂપિયા જેવી છે. તેવી વંદના અભ્યાસદશાને બહુ સુખકારી છે.

ભાવ વગરની વંદના વર્ણ વગેરેથી શુદ્ધ હોય તો પણ તે, ખોટા સોના અને સાચી છાપવાળા રૂપિયા જેવી ખોટી છે અને ઉભય શુદ્ધિ વગરની વંદના ખોટું સોનું અને ખોટી છાપવાળા રૂપિયા જેવી સાવ ખોટી હોવાથી અનિષ્ટ ફળને આપનારી છે. (પંચાશક)

## ❋ ચૈત્યવંદનથી થતા લાભ ❋

ચૈત્યવંદન એટલે જિનેશ્વર ભગવંતની પ્રતિમાને વંદન. જિનેશ્વરને તીર્થંકર, વીતરાગ, અર્હંત્-અરિહંત, વગેરે પણ કહેવાય છે. રાગ, દ્વેષને જીતે તે જિન, વીત- રાગ, કેવળજ્ઞાની કહેવાય. એમાં જે પ્રતિહાર્યાદિ ઐશ્વર્યથી પ્રધાન તે તીર્થંકર જિનેશ્વર કહેવાય. તીર્થ એટલે સંસાર- રૂપી સાગરથી તરવાનું સાધન તે તીર્થ યાને ધર્મ-શાસન. એવા તીર્થંકર ધર્મ-શાસનને કરનાર તે તીર્થંકર. જેમને કોઈ જડ, ચેતન પ્રત્યે રાગ કે દ્વેષ નથી. તે વીતરાગ કહેવાય. એમાં પણ જે અષ્ટ પ્રાતિહાર્ય-૩૪ અતિશય- સુરા સુરેન્દ્રથી કરાતી પૂજાને યોગ્ય છે, અર્થાત્ 'અર્હ' છે, તે અર્હંત્-અરિહંત-તીર્થંકર કહેવાય. અનંત કાળમાં આવા અનંત તીર્થંકર થયા છે. આ અવસર્પિણી કાળમાં આ ભરત ક્ષેત્રમાં આવા ૨૪ તીર્થંકરો થયા છે. ( આ બધાનાં નામ આ પુસ્તકમાં અન્યત્ર આપ્યાં છે. )

ચૈત્યવંદનમાં તીર્થંકર પરમાત્માઓને વંદન કરવાનું, અને તેમની સ્તુતિ કરવાની હોય છે. તીર્થંકરોનું જીવન પૂર્વે નિષ્પાપ, શુદ્ધ તથા સાધનામય હોય છે, અને પછી જીવન-મુક્તિરૂપ સિદ્ધિમય હોય છે, ને એ સર્વજ્ઞ બની જગતને સત્ય તત્ત્વ અને શુદ્ધ માર્ગ ઉપદેશે છે.

એમનું જીવન પ્રેરક છે.

(૧) તેમને વંદન કરવાથી તેમ જ તેમની સ્તુતિ કરવાથી આપણું મન પ્રસન્ન અને નિર્મળ બને છે.

(૨) પાપોનો ત્યાગ અને સમ્યક્ સાધનાઓ તથા સુકૃતો કરવા માટે મનને પ્રેરણા મળે છે.

(૩) તીર્થંકરના ગુણોનું ચિંતન, મનન કરવાથી આપણામાં એ ગુણોનાં બીજનું વાવેતર થાય છે, જે આગળ પર ઊગીને એ ગુણોના પાક સુધી પહોંચાડે છે.

(૪) અરિહંતદેવનાં વંદન-પૂજન—ગુણગાનથી શુભ ભાવનાઓ જાગ્રત થાય છે, જીવન પવિત્ર બને છે.

(૫) આપણું મન પ્રભુની સ્તવના-પ્રાર્થનામાં લીન હોવાથી આપણાં અશુભ કર્મો દૂર થાય છે, અને—

(૬) એટલો સમય પાપ-પ્રવૃત્તિથી બચાય છે.

વિધિપૂર્વક અને શુદ્ધ ભાવ પૂર્વક ચૈત્યવંદન કરવાથી શુભ ભાવ જાગે છે. શુભ ભાવ જાગવાથી કર્મોનો ક્ષય થાય છે, અને કર્મોનો ક્ષય થવાથી કદી ખૂટે નહિ એવા અનંત સુખમય મોક્ષની પ્રાપ્તિ થાય છે. હે જિનેશ્વર ભગવંત! તમારા વંદન અને સ્તુતિથી મારું જીવન નિર્મળ, અને નિષ્પાપ બનો.

## ૧૧. 'જગ-ચિન્તામણિ' ચૈત્યવંદન સૂત્ર

ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્!
ચૈત્યવંદન કરું? ઈચ્છં.

જગ-ચિન્તામણિ! જગ-નાહ!
જગ-ગુરુ! જગ-રક્ખણ!
જગ-બન્ધવ! જગ-સત્થવાહ!
જગભાવ-વિઅક્ખણ!
અટ્ઠાવય-સંઠવિઅ-રૂવ!
કમ્મટ્ઠ-વિણાસણ!
ચઉવીસંપિ જિણવર!
જયંતુ અપ્પડિહય-સાસણ! ॥૧॥

(વસ્તુ છંદ)

કમ્મ-ભૂમિહિં કમ્મ-ભૂમિહિં,
પઢમ-સંઘયણિ,

ઉક્કોસય સત્તરિ-સય
જિણવરાણ વિહરંત લબ્ભઈ,
નવકોડિહિં કેવલિણ,
કોડિસહસ્સ નવ સાહુ ગમ્મઈ;
સંપઈ જિણવર વીસ,
મુણિબિહું કોડિહિં વર-નાણ;
સમણહ કોડિ-સહસ્સ-દુઅ
થુણિજ્જઈ નિચ્ચવિહાણિ ॥૨॥
જયઉ સામિય, જયઉ સામિય,
રિસહ સત્તુંજિ,
ઉજ્જિંતિ પહુ-નેમિજિણ,
જયઉ વીર સચ્ચઉરી-મંડણ,
ભરુઅચ્છહિં મુણિસુવ્વય,

મુહરિ-પાસ દુહ-દુરિઅ-ખંડણ,
અવર-વિદેહિ તિત્થયરા,
ચિહુંં દિસિ વિદિસિ જિં કેવિ,
તીઆણાગય-સંપઈય,
વંદુ જિણ સવ્વે વિ ॥૩॥

સત્તાણવઇ સહસ્સા,
લક્ખા છપ્પન્ન અટ્ઠકોડિઓ;
બત્તીસ-સય બાસિયાઈ,
તિઅ-લોએ ચેઈએ વંદે. ॥૪॥

પનરસ-કોડિ-સયાઇં,
કોડી બાયાલ લક્ખ અડવન્ના;
છત્તીસ-સહસ્સ-અસીઈ,
સાસય-બિંબાઇ પણમામિ ॥૫॥

### ❋ શબ્દાર્થ ❋

જગચિંતામણિ–હે જગતના ચિંતામણિ રત્ન !
જગનાહ–હે જગતના નાથ !
જગગુરુ–હે જગતના ગુરુ !
જગરક્ખણ–હે જગતના રક્ષક !
જગબંધવ–હે જગતના ભાઈ !
જગ સત્થવાહ–હે જગતના સાર્થવાહ !
જગ ભાવ વિઅક્ખણ–હે જગતના ભાવને જાણનાર !
અટ્ઠાવય સંઠવિયરૂવ – અષ્ટાપદ પર સ્થાપિત છે બિંબ જેમના એવા
કમ્મટ્ઠ વિણાસણ–આઠ કર્મોનો નાશ કરનારા
ચઉવીસં પિ જિણવર–ચોવીસ પણ જિનેશ્વરો
જયંતુ–જય પામો
અપ્પડિહય સાસણ–હે અબાધિત શાસનવાળા !
પઢમ સંઘયણિ–પ્રથમ (વજ્ર–ઋષભનારાચ) સંઘયણવાળા
ઉક્કોસય સત્તરિસય–ઉત્કૃષ્ટ એકસો સિત્તેર
જિણવરાણ–જિનેશ્વર
વિહરંત લબ્ભઈ–વિચરતા મળે છે
નવકોડિહિં કેવલીણ–નવક્રોડ કેવલજ્ઞાની
કોડિ સહસ્સ નવસાહુ–નવ હજાર કરોડ સાધુઓ
ગમ્મઈ–લભ્ય છે.
સંપઈ–વર્તમાનકાળમાં
જિણવર વીસ–જિનેશ્વર વીસ

મુણિ બિહું કોડિહિં વરનાણુ-બે કરોડ કેવલજ્ઞાની મુનિ
સમણુહ કોડિ સહસ્સ દુઅ-બે હજાર કરોડ સાધુઓ
થુણિજજઈ નિચ્ચ વિહાણિ-હંમેશા પ્રાતઃકાળમાં સ્તુતિ
થાય છે.

જંયઉ સામિય-હે સ્વામી ! જય પામો
રિસહ સત્તુંજિ-શત્રુંજય પર ઋષભદેવ
ઉજ્જિંતિપહુ નેમિજિણ-ગિરનાર પર શ્રી નેમનાથ પ્રભુ
જયઉવીર-શ્રી મહાવીર પ્રભુ જય પામો.
સચ્ચઉરીમંડણ-સત્યપુરી ( સાચોર )ના ભૂષણ
ભરુઅચ્છહિં મુણિસુવ્વય-ભરૂચમાં મુનિસુવ્રતસ્વામી
મુહરિ પાસ-( ટીટોડામાં ) મુહરી પાર્શ્વનાથ ( 'મહુરિ
પાસ'-મથુરામાં શ્રી પાર્શ્વનાથ )

દુહ દુરિઅ ખંડણ-દુઃખ અને પાપનો નાશ કરનારા
અવરવિદેહી તિત્થયરા-બીજા પણ દેહરહિત ( સ્થાપના )
તીર્થંકરો

ચિહું દિશિ વિદિશિ-ચારે દિશા અને વિદિશામાં
જિં કે વિ-જે કોઈ
તીઆણાગય સંપઈઅ-ભૂત, ભવિષ્ય અને વર્તમાનકાળમાં
વંદુ જિણ સવ્વેવિ-સર્વ તીર્થંકરોને વંદન કરું છું.
સત્તાણવઈ-સહસ્સા
હજાર-સત્તાણું
લક્ખા છપ્પન્ન-છપ્પન લાખ
અટ્ઠ કોડિઓ-આઠ કરોડ

બત્તીસ સય બાસિયાઈ-બત્રીસો બ્યાસી (૩૨૮૨)
તિઅલોએ-ત્રણ લોકમાં
ચેઈએ વંદે-જિનમંદિરોને વંદુ છું.
પનરસ કોડિ સયાઈ-પંદરસો ક્રોડ
કોડી બાયાલ-બેંતાલીસ કરોડ
લક્ખ અડવન્ના-અઠ્ઠાવન લાખ
છત્તીસ સહસ્સ-છત્રીસ હજાર
અસીઈ-એંશી
સાસય બિંબાઈ-શાશ્વત જિનબિંબોને
પણમામિ-પ્રણામ કરું છું.

❀ **ભાવાર્થ** ❀

હે જગતની ચિંતા દૂર કરનાર મણિ! હે જગતના નાથ! હે જગતના ગુરુ! હે જગતના રક્ષક! હે વિશ્વબંધુ! હે વિશ્વના સાર્થપતિ! હે જગતના બધા જ પદાર્થોના સ્વરૂપને જાણવામાં વિચક્ષણ! હે અષ્ટાપદ પર્વત પર સ્થપાયેલી છે પ્રતિમા જેની [એવા]! હે આઠેય કર્મનો નાશ કરનારા! હે ઋષભાદિ ચોવીશ પણ [ અર્થાત્ બીજાય અનંતા ] તીર્થંકર ભગવંતો! હે અપ્રતિહત શાસનવાળા! ( મારા હ્રદયમાં ) જયવંતા વર્તો. ૧

પંદર કર્મભૂમિઓમાં ઉત્કૃષ્ટકાળે વજ્રઋષભનારાચ નામના સંઘયણવાળા વિચરતા જિનેશ્વર ભગવંતોની વધારેમાં વધારે સંખ્યા ૧૭૦ની હોય છે. ( ત્યારે ) સામાન્ય કેવલીઓની સંખ્યા વધારેમાં વધારે ૯ કરોડની અને સાધુઓની સંખ્યા ૯૦ અબજની હોય છે. વર્તમાનકાળમાં ૨૦ તીર્થંકરદેવો વિચરે છે, કેવળજ્ઞાની મુનિઓ બે કરોડ છે અને શ્રમણો ૨૦ અબજ છે. આ સૌનું રોજ સવારમાં સ્તવન કરાય છે. ૨

હે સ્વામી! જય પામો! જય પામો! શત્રુંજય પર બિરાજમાન હે ઋષભદેવ! ગિરનાર પર બિરાજમાન હે પ્રભુ નેમિજિન! સાચોરના શણગાર રૂપ હે વીરજિન! ભરૂચમાં બિરાજતા હે મુનિસુવ્રતસ્વામી! મથુરામાં બિરાજમાન, દુઃખ અને પાપનો નાશ કરનાર હે પાર્શ્વનાથ ભગવંત! આપનો જય હો!

આ સિવાય બીજા 'વિદેહી' દેહરહિત મુક્ત થયેલા એવા સ્થાપના જિનરૂપે તીર્થંકર પરમાત્માઓ જે કોઈ ભૂતકાળના, ભવિષ્યના અને વર્તમાનકાળના ચારે દિશાઓમાં અને વિદિશાઓમાં હોય તે સહુને હું વંદન કરું છું. ૩

ત્રણ લોકમાં રહેલા આઠ કરોડ, સત્તાવન લાખ, બસો ને બ્યાશી [ ૮,૫૭,૦૦૨૮૨ ] શાશ્વત ચૈત્યોને [ જિનમંદિરોને ] હું પ્રણામ કરું છું. ૪

ત્રણ લોકમાં રહેલા પંદર અબજ, બેંતાળીશ કરોડ, અઠ્ઠાવન લાખ, છત્રીશ હજાર અને એંશી ( ૧૫,૪૨,૫૮, ૩૬,૦૮૦ ) શાશ્વત બિંબોને હું નમસ્કાર કરું છું....૫.

*** સૂત્ર પરિચય ***

'જગચિંતામણિ' શબ્દથી આ સૂત્ર શરૂ થતું હોવાથી તે 'જગચિંતામણી સૂત્ર'ના નામે ઓળખાય છે. સવારે પ્રતિક્રમણમાં આ સૂત્ર બોલાતું હોવાથી તેમજ આ સૂત્રમાં ચૈત્યવંદના મુખ્ય હોવાથી તે 'પ્રભાત ચૈત્યવંદન' તરીકે પણ ઓળખાય છે.

જિનમંદિર જિન અને પ્રતિમાને 'ચૈત્ય' કહેવામાં આવે છે. આ સૂત્ર દ્વારા આવા ચૈત્યોને ભારપૂર્વક વંદના કરવામાં આવી છે. સવારમાં ઊઠીને પરમોપકારી ભગવાનનું નામ યાદ કરવાથી, તેમના ગુણોની સ્તુતિ કરવાથી તેમજ તેમનાં મનમાં દર્શન કરવાથી મન શુભ અને શુદ્ધ બને છે. એક દિવ્ય આનંદ અંતરમાં ઊછળે છે. સવાર સવારમાં જ મન શુભ, શુદ્ધ અને આનંદિત બનેલું હોવાથી તેની અસર આખો દિવસ રહે છે અને દિવસ શુભ ભાવ અને શક્ય શુભ પ્રવૃત્તિઓથી પસાર થાય છે.

(૧–૨) આ સૂત્રની પહેલી બે ગાથા ગણધર ભગવંત શ્રી ગૌતમસ્વામીજી મહારાજે, અષ્ટાપદજી પર ગયેલા ત્યારે ૨૪ પ્રભુને સ્તવવા રચેલી, એમ કહેવાય છે. પછીની (૩) 'કમ્મભૂમિહિં–' ગાથામાં વિચરતા ઉત્કૃષ્ટા અને વર્તમાન ૧૭૦–૨૦ તીર્થંકર ભગવાન, ૯ ક્રોડ-૨ ક્રોડ કેવળજ્ઞાનીઓ અને ૯૦–૨૦ અબજ શ્રમણોની સ્તુતિ છે. પછી (૪) 'જયઉ સામિઅ'–ગાથામાં શત્રુંજયાદિ પાંચ તીર્થના પ્રભુની જય પોકારી છે. એ પછી પાંચમી ગાથામાં આ સિવાયના 'વિદેહી' એટલે કે ભૂત–ભવિષ્ય-વર્તમાનના ચારે દિશા–વિદિશામાં રહેલા સ્થાપના જિનને [જિનબિંબો] નમસ્કાર છે. એ પછી ૬–૭ ગાથામાં વિશ્વનાં જિનમંદિરો અને જિનબિંબોની સંખ્યા બતાવી એમને વંદના કરવામાં આવી છે. અલબત્ત, આમાં વ્યંતર અને જ્યોતિષ દેવલોકમાં રહેલા શાશ્વત મંદિરો અને શાશ્વત જિન પ્રતિમાઓની ગણતરી નથી લીધી, કેમ કે એ અસંખ્ય છે.

## ૧૨. જંકિંચિ નામ-તિત્થં-સૂત્ર.

જં કિંચિ નામ-તિત્થં,
સગ્ગે પાયાલિ માણુસે લોએ,
જાઇં જિણ-બિંબાઇં,
તાઈં સવ્વાઇં વંદામિ ॥૧॥

*** શબ્દાર્થ ***

જં કિંચિ-જે કોઈ
નામ-આ શબ્દ વાકયના અલંકાર રૂપે છે
તિત્થં-તીર્થ
સગ્ગે-સ્વર્ગમાં
પાયાલિ-પાતાળમાં
માણુએ લોએ-તિર્યગ્ લોકમાં
જાઈં-જેટલા
જિણ બિંબાઈં-જિન પ્રતિમાઓ
તાઈં સવ્વાઇં વંદામિ-તે સર્વને વંદન કરું છું.

**◘ ભાવાર્થ ◘**

સ્વર્ગ, પાતાળ અને તિર્યંગલોકમાં જે કોઈ પણ તીર્થ હોય અને ત્યાં જેટલાં જિનબિંબો હોય તે સર્વને હું વંદન કરું છું.

## * સૂત્ર પરિચય *

'જંકિંચિ, શબ્દથી સૂત્ર શરૂ થતું હોવાથી તેનું નામ 'જંકિંચિ' સૂત્ર છે. આ સૂત્ર દ્વારા સંક્ષેપમાં તીર્થોને વંદન કરવામાં આવ્યું છે. આથી તે 'લઘુ તીર્થ-વંદન સૂત્ર' તરીકે પણ ઓળખાય છે.

સંસારથી તારે તે 'તીર્થ' આ તીર્થના બે પ્રકાર છે. ૧ જંગમ તીર્થ. ૨. સ્થાવર તીર્થ. જંગમ એટલે હાલતા ચાલતા. સ્થાવર એટલે સ્થિર. જંગમતીર્થ એટલે જિનશાસન અને શાસનધારક મુનિઓ. સ્થાવર તીર્થ એટલે તીર્થંકર ભગવાનના પ્રસિદ્ધ મંદિરના પવિત્ર સ્થાન, પવિત્ર ક્ષેત્ર, પવિત્ર ભૂમિ. તીર્થંકર ભગવંતોના કલ્યાણક-ની ભૂમિઓ પણ આખી તીર્થ તરીકે કહેવાય છે. દા. ત. પાવાપુરી, સંમેતશિખર; શત્રુંજય, ગિરનાર વગેરે.

પવિત્ર તીર્થભૂમિ અને જિનબિંબોને વંદન કરવાથી હૈયે પરમાત્મા પ્રત્યે ભક્તિ–બહુમાનનો પવિત્ર ભાવ જાગે છે અને વિશેષ ચિંતન કરવાથી તીર્થંકરના ચરણ-સ્પર્શથી પાવન બનેલ ભૂમિમાંથી પવિત્ર જીવન જીવવાની પ્રેરણા મળે છે. તીર્થયાત્રાનું તેથી જ મહત્ત્વ છે. આ સૂત્ર દ્વારા સ્વર્ગ, પાતાળ અને પૃથ્વીલોકમાં રહેલાં તમામ તીર્થો અને તેમાં રહેલાં જિનબિંબોને વંદના કરવામાં આવી છે.

## ૧૩. નમુત્થુ ણં (શક્રસ્તવ) સૂત્ર

નમુત્થુ ણં અરિહંતાણં ભગવંતાણં ॥૧

આઈગરાણં, તિત્થયરાણં,

સયંસંબુદ્ધાણં. ॥૨॥

પુરિસુત્તમાણં, પુરિસસીહાણં

પુરિસ--વરપુંડરિઆણં,

પુરિસ–વરગંધહત્થીણં, ॥૩॥

લોગુત્તમાણં, લોગ–નાહાણં,

લોગ–હિઆણં, લોગ–પઈવાણં,

લોગપજ્જોઅ–ગરાણં. ॥૪॥

અભયદયાણં, ચક્ખુદયાણં,

મગ્ગદયાણં, સરણદયાણં,

બોહિદયાણં. ॥૫॥

ધમ્મદયાણં, ધમ્મદેસયાણં,
ધમ્મનાયગાણં, ધમ્મ—સારહી—ણં,
ધમ્મ—વરચાઉરંત—ચક્કવટ્ટીણં. ॥૬॥
અપ્પડિહય—વરનાણદંસણ—ધરાણં,
વિયટ્ટ—છઉમાણં. ॥૭॥
જિણાણં—જાવયાણં,
તિન્નાણં—તારયાણં,
બુદ્ધાણં—બોહયાણં,
મુત્તાણં—મોઅગાણં. ॥૮॥
સવ્વન્નૂ--ણં, સવ્વદરિસીણં,
સિવ—મયલ—મરુઅ મણંત—મક્ખય-
મવ્વાબાહ મપુ ણરાવિત્તિ
સિદ્ધિગઈ-નામધેયં ઠાણં સંપત્તાણં,
નમો જિણાણં જિઅભયાણં. ॥૯॥

જે અ અઈઆ સિદ્ધા,
જે અ ભવિસ્સંતિ ણાગએ કાલે;
સંપઈ અ વટ્ટમાણા,
સવ્વે તિવિહેણ વંદામિ. ॥૧૦॥

# નમુત્થુ ણં સૂત્ર—(શક્રસ્તવ)

નમુત્થુ—નમસ્કાર....હો...(ણં વાક્ય શોભાર્થે છે.)
અરિહંતાણં—અરિહંતોને
ભગવંતાણં—ભગવંતોને
આઇગિરાણં—(ધર્મનો) પ્રારંભ કરનારને
તિત્થયરાણં—તીર્થના સ્થાપકને
સયં—સંબુદ્ધાણં—સ્વયં સમ્યગ્બોધ પામેલાને
પુરિસુત્તમાણં—જીવોમાં ઉત્તમને
પુરિસસીહાણં—જીવોમાં સિંહ જેવાને
પુરિસ—વરપુંડરિયાણં—જીવોમાં શ્રેષ્ઠ કમળ જેવાને
પુરિસ—વરગંધહત્થીણં—જીવોમાં શ્રેષ્ઠ ગંધ—હસ્તી—જેવાને
લોગુત્તમાણં—સકલ ભવ્યલોકમાં ઉત્તમને
લોગનાહાણં—ચરમાવર્ત પ્રાપ્ત જીવોના નાથને
લોગહિયાણં—પંચાસ્તિકાય લોકના હિતરૂપને
લોગપઇવાણં—સંજ્ઞી લોકો માટે દીવારૂપને
લોગપજ્જોઅગરાણં — ઉત્કૃષ્ટ ૧૪ પૂર્વી—ગણધર લોકોને
ઉત્કૃષ્ટ પ્રકાશ કરનારને

અભયદયાણં—ચિત્તનું સ્વાસ્થ્ય દેનારને
ચક્ખુદયાણં—ધર્મદૃષ્ટિ (આકર્ષણ) દેનારને
મગ્ગદયાણં—સરળ ચિત્ત દેનારને
સરણદયાણં—તત્ત્વ—જિજ્ઞાસા દેનારને
બોહિદયાણં—તત્ત્વબોધ દેનારને

ધમ્મદયાણં–ચારિત્ર ધર્મના દાતાને
ધમ્મદેસયાણં–ધર્મના ઉપદેશકને
ધમ્મનાયગાણં–ધર્મના નાયકને
ધમ્મસારહીણં–ધર્મના સારથિને
ધમ્મ–વરચાઉરંતચક્કવટ્ટીણં–ચતુર્ગતિ–ચૂરક શ્રેષ્ઠ ધર્મચક્ર-વાળાને
અપ્પડિહયવરનાણદંસણધરાણં–અસ્ખલિત શ્રેષ્ઠ ( કેવળ ) જ્ઞાન–દર્શન ધરનારને
વિયટ્ટછઉમાણં–છદ્મ યાને આવરણને, ઘાતી કર્મોને ( અસર્વજ્ઞભાવને ) દૂર કરનારને
જિણાણં–જાવયાણં–જીતેલાને–જિતાડનારને
તિણ્ણાણં–તારયાણં–તરી ગયેલાને–તારનારને
બુદ્ધાણં–બોહયાણં–બોધ પામેલાને–બોધપમાડનારને
મુત્તાણં–મોઅગાણં–મુક્તથયેલાને–મુક્ત કરનારને
સવ્વન્નૂણં–સર્વજ્ઞને
સવ્વદરિસીણં–સર્વદર્શીને
સિવ–મયલમરુઅ–મણંત–નિરુપદ્રવ–
સ્થિર–રોગરહિત–અનંત
મક્ખયમવ્વાબાહ–અક્ષય–બાધારહિત
મપુણરાવિત્તિ–જ્યાંથી ફરી પાછું ન ફરવું પડે તેવું
સિદ્ધિગઈનામધેયં ઠાણં સંપત્તાણં–સિદ્ધિગતિ નામનું સ્થાન પામેલાને
નમો જિણાણં જિયભયાણં–ભયોને જીતી લીધા છે જેમણે એવા જિનેન્દ્ર ભગવંતને હું નમું છું.

જે અ અઈઆ સિદ્ધા-જે જિનો ભૂતકાળમાં સિદ્ધ થયા
જે અ ભવિસ્સંતિ ણાગએકાલે-ને ભવિષ્યકાળે (સિદ્ધ) થશે
સંપઈ અ વટ્ટમાણા- ને ( જે જિનો ) વર્તમાનમાં
વિદ્યમાન છે
સવ્વે તિવિહેણ વંદામિ- ( તે ) સર્વને ત્રિવિધે વંદું છું

## ✠ ભાવાર્થ ✠

નમસ્કાર હો અરિહંતોને, ભગવંતોને. ૧

ધર્મની આદિ કરનારાને, શ્રમણસંઘરૂપી તીર્થની સ્થાપના કરનારને અને સંસારત્યાગનો સ્વયં પ્રતિબોધ પામેલાને ૨.

ભવ્યજીવોમાં પરોપકારાદિ ગુણો વડે ઉત્તમને, કર્મ આદિ સામે શૂરવીરતા આદિ ગુણો વડે સિંહ સમાનને, કર્મકીચડ–ભોગજળથી ન્યારા ઉત્તમ પુંડરીક—કમળ સમાનને, અને સ્વચક્ર–પરચક્ર મારી–મરકી આદિ સાત પ્રકારના ઉપદ્રવો દૂર કરવામાં ગંધહસ્તી સમાનને, ૩.

ભવ્ય પ્રાણીરૂપ લોકમાં વિશિષ્ટ તથા ભવ્યત્વ આદિ વડે ઉત્તમને, રાગાદિ ઉપદ્રવથી રક્ષણીય વિશિષ્ટ ભવ્ય લોકમાં મોક્ષમાર્ગનો યોગ અને ક્ષેમ કરવા વડે નાથને, ધર્માસ્તિકાયાદિ પંચાસ્તિકાય લોકનું સમ્યક્ પ્રરૂપણા વડે હિત કરનારાને, નિકટના ભવ્ય લોકોના હૃદયમાં રહેલા અજ્ઞાન અને મિથ્યાત્વરૂપી ગાઢ અંધકારને દૂર કરનાર હોવાથી લોક-પ્રદીપને, અને ચૌદ પૂર્વધરો જેવા વિશિષ્ટ જીવોને ઉત્કૃષ્ટ શ્રુત પ્રદ્યોત દેવા વડે લોકપ્રદ્યોત કરનારને. ૪.

અભય ને-ચિત્તસ્થૈર્યને આપનારને, ધર્મરુચિ–ધર્મ આકર્ષણરૂપી નેત્રોનું દાન કરનારને, તત્ત્વ જિજ્ઞાસાને, અનુકૂળ કર્મક્ષયોપશમરૂપ સરળતારૂપી માર્ગ દેનારાને, તત્ત્વજિજ્ઞાસારૂપી શરણ આપનારાને; અને મોક્ષવૃક્ષના

મૂલરૂપ બોધિનો એટલે કે શ્રુતધર્મનો લાભ આપનારને. ૫.

ચારિત્રધર્મનું દાન કરનારાને, પાંત્રીસ ગુણોથી યુક્ત વાણી વડે સળગતા સંસારની મધ્યમાં રહેલાને ઠારનાર મેઘસમી ધર્મદેશના આપનારાને, સ્વયં ઉત્કૃષ્ટ ધર્મના સાધક હોવાથી ધર્મના સાચા નાયકને, અશ્વની જેમ જીવોને ધર્મમાર્ગે પ્રવર્તન કરાવનાર હોવાથી ને ઉન્માર્ગથી અટકાવવામાં પાલન-દમન કરનાર હોવાથી ધર્મસારથિને અને ચતુર્ગતિ-વિનાશક શ્રેષ્ઠ ધર્મચક્રને ધારણ કરનારને. ૬.

સર્વત્ર અસ્ખલિત કેવળજ્ઞાન અને કેવળ દર્શનને ધારણ કરનારાને, તથા સર્વપ્રકારનાં ઘાતી કર્મોથી મુક્તને. ૭.

રાગ અને દ્વેષનો જય કરવાથી સ્વયં જિન બનેલા-ને, તથા ઉપદેશ વડે બીજાઓને પણ જિન બનાવનારાને સમ્યગ્ દર્શનાદિ પ્રવહણ વડે અજ્ઞાન સમુદ્રનો પાર પામી ગયેલા અને બીજાઓને પણ તેનો પાર પમાડનારને, કેવળજ્ઞાન પામી બુદ્ધ બનેલાને અને બીજાઓને પણ બુદ્ધ બનાવનારને, સર્વ પ્રકારનાં કર્મ-બંધનોથી મુક્ત થયેલાને તથા બીજાઓને મુક્ત બનાવનારાને. ૮

જેઓ સર્વજ્ઞ અને સર્વદર્શી છે તથા શિવ, સ્થિર, વ્યાધિ અને વેદનાથી રહિત, અનંત, અક્ષય, અવ્યાબાધ અને અપુનરાવૃત્તિ [ એટલે જ્યાં ગયા પછી સંસારમાં પાછા ફરવાનું નથી ] એવા " સિદ્ધિગતિ ' નામના સ્થાનને પ્રાપ્ત થયેલા છે,

— તે જિનેશ્વર ભગવંતોને—

—જિતભયોને નમસ્કાર કરું છું, ૯.

જેઓ અતીતકાલમાં સિદ્ધ થયા છે, જેઓ ભવિષ્ય-કાળમાં સિદ્ધ થાનરા છે અને જેઓ વર્તમાનકાલમાં અરિહંત રૂપે વિદ્યમાન છે તે સર્વેને મન, વચન અને કાયાવડે ત્રિવિધે વંદના કરું છું.

## ★ સૂત્ર પરિચય ★

આ સૂત્રમાં અરિહંત ભગવાનની ઉત્કૃષ્ટ સ્તુતિ છે. આનું એકેક પદ અરિહંત પ્રભુની અનેરી આગવી વિશેષતા બતાવે છે.

આ સૂત્ર તેના પહેલા શબ્દ ઉપરથી 'નમુત્થુણં' સૂત્ર તરીકે ઓળખાય છે.... દરેક તીર્થંકર માતાના ઉદરમાં આવવા વખતે પહેલા સૌધર્મ દેવલોકના શક્રેન્દ્ર આ સૂત્રથી ભગવાનની સ્તુતિ કરે છે તેથી આ સૂત્રને 'શક્રસ્તવ' પણ કહે છે.

આ સૂત્રમાં 'નમો જિણાણં જિઅભયાણં' પદ સુધી ભાવજિનની સ્તુતિ કરવામાં આવી છે. 'જે અ અઈઆ સિદ્ધા....' ગાથામાં દ્રવ્યજિનને નમસ્કાર છે. 'ભાવજિન' એટલે ભાવતીર્થંકર. ભાષ્યવચન છે 'ભાવજિણા સમવસરણત્થા....' સમવસરણ ઉપર તીર્થ કરતા હોય અર્થાત્ દેશના દેતા હોય ત્યારે એ ભાવજિન છે. તે સિવાય પૃથ્વીતલ ઉપર વિચરતા હોય યા એક સ્થાને મુકામ કર્યો હોય...ઈત્યાદિ વેળાએ દ્રવ્યજિન કહેવાય (અલબત્ત ત્યારે પણ ભાવ અરિહંત કહેવાય પણ ભાવતીર્થંકર જિન ન કહેવાય; કેમકે ભાવનિક્ષેપો નામ પ્રમાણે એના અર્થને માગે છે.)

આ સૂત્રમાં છેલ્લી ગાથા છોડીને નવ સંપદા છે. (સંપદા=એક ભાવ દર્શાવતા પદનો સમૂહ) પ્રારંભે 'નમો' નમસ્કાર સાથે 'ત્થુ' એટલે 'હો,' મૂકીને

ઉચ્ચ (સામર્થ્યયોગના) નમસ્કારની પ્રાર્થના કરી છે. ભગવાનનાં દર્શન કરતાં બે હાથ જોડી આ પદને પછીના દરેક પદ સાથે બોલીને શિર નમાવતાં સ્તુતિ કરી શકાય. દા. ત. નમોત્થુણં અરિહંતાણં...., નમોત્થુણં ભગવંતાણં ...,નમોત્થુણં આઇગરાણં....અથવા અરિહંતાણં નમોત્થુ ....ભગવંતાણં નમોત્થુ....આઇગરાણં નમોત્થુ....ઈત્યાદિ.

આ સૂત્રમાં અરિહંત ભગવંતને દરેક પદથી વિશેષણ આપીને માત્ર સ્તુતિ નથી કરી, પરંતુ પદોના ગંભીર ભાવોમાં પરમાત્માનું સાચું સ્વરૂપ કેવું હોય ? ઇતર દર્શનોના કેવા કેવા મત અને એમાં તથ્યાંશ કેટલો ? જૈન દર્શનની આગવી વિશેષતાઓ શી શી ? આત્મોત્થાનના ઉપાય શા શા ? વગેરે સમાયેલું છે.

(જુઓ–'લલિતવિસ્તરા વિવેચન 'પરમતેજ')

## ૧૪. જાવંતિ ચેઇઆઇં સૂત્ર.

જાવંતિ ચેઈઆઇં,
ઉડ્ઢે અ અહે અ તિરિઅ-લોએ અ;
સવ્વાઇં તાઈં વંદે,
ઇહ સંતો તત્થ સંતાઇં ॥૧॥

*** શબ્દાર્થ ***

જાવંતિ–જેટલાં
ચેઈઆઇ–ચૈત્ય, જિનબિંબ
ઉડ્ઢે અ–અને ઊર્ધ્વલોકમાં
અહે અ–અને અધોલોકમાં
તિરિઅ લોએ અ–તિરછીલોકમાં ( મર્ત્યલોકમાં )
સવ્વાઇ–તે સર્વને
તાઇં વંદે–તેને વંદન કરું છું.
ઈહ–અહીં
સંતો–રહેલો
તત્થ–ત્યાં
સંતાઇ–રહેલા

## ✠ ભાવાર્થ ✠

ઊર્ધ્વલોક અધોલોક અને મધ્યલોકમાં જેટલાં પણ જિનમંદિરો અને જિનબિંબો હોય, ત્યાં રહેલાં તે સર્વને હું અહીં રહ્યો વંદન કરું છું.

### ❊ સૂત્ર પરિચય ❊

વીતરાગ જિનેશ્વર ભગવાનની પ્રતિમા સાક્ષાત્ જિનેશ્વર જેવી છે. એ વંદનીય છે, એમ એમનું મંદિર પણ વંદનીય છે. વંદનાદિ દ્વારા એ બન્નેનાં આલંબન-થી મનને વીતરાગ થવાની દિશામાં પ્રયાણ વધારવા અમાપ બળ મળે છે. આ નાનકડા સૂત્ર દ્વારા વિશ્વનાં જિનમંદિરો અને બિંબરૂપે જિનેશ્વર ભગવંતોને વંદન કરાય છે—

આપણે જાણે અલોકમાં ઊભા રહી સામે ૧૪ રાજલોક જોઈએ છીએ અને એમાં નીચેથી ઉપર સુધીનાં મંદિરો–બિંબો દેખાય છે એમ ભાવવાનું અને નમન કરવાનું....

## ૧૫. જાવંત કેવિ સાહુ-સૂત્ર

**જાવંત કેવિ સાહૂ,**
**ભરહેરવય-મહા-વિદેહે અ,**
**સવ્વેસિં તેસિં પણઓ,**
**તિવિહેણ તિદંડ-વિરયાણં ॥૧॥**

**⊡ શબ્દાર્થ ⊡–**

જાવંત કેવિ–જેટલાં પણ કોઈ
સાહૂ–સાધુ
ભરહેરવય–ભરત અને ઐરવત ક્ષેત્રમાં
મહાવિદેહે અ–અને મહાવિદેહમાં
સવ્વેસિં તેસિં–તે સર્વને
પણઓ–પ્રણામ કરું છું
તિવિહેણ–ત્રણ પ્રકારે (કરણ, કરાવણ અને અનુમોદન)
તિદંડ–ત્રણ દંડથી [ મનથી પાપ કરવું તે મનદંડ, વચનથી પાપ કરવું તે વચનદંડ, કાયાથી પાપ કરવું તે કાયાદંડ ]
વિરયાણું–વિરામ પામેલા

### ❀ ભાવાર્થ ❀

ભરત, ઐરવત, અને મહાવિદેહ ક્ષેત્રોમાં રહેલા જે કોઈ સાધુ મન, વચન અને કાયાથી સપાપ પ્રવૃત્તિ કરતા નથી તેમજ કરાવતા પણ નથી અને સપાપ પ્રવૃત્તિનું સમર્થન પણ કરતા નથી, તેમને મારા પ્રણામ.

## ✠ સૂત્ર-પરિચય ✠

સર્વ સાધુઓને આ સૂત્ર દ્વારા વંદન કરવામાં આવ્યું હોવાથી તે 'સવ્વસાહૂ-વંદણ સૂત્ર' તરીકે પણ ઓળખાય છે.

સાધુનું સ્થાન પંચપરમેષ્ઠિમાં પાંચમું છે. પાંચે પરમેષ્ઠી આરાધ્ય, પૂજ્ય અને શ્રદ્ધેય છે. સાધુ ભગવંતની સેવા-ભક્તિથી ધર્મારાધનમાં સતત જાગૃતિ રહે છે. તેમના ચારિત્ર્યયુક્ત ઉપદેશથી આપણને ધર્મમય જીવન જીવવાની પ્રેરણા મળે છે. આવા ઉપકારી સાધુ ભગવંતોને આ સૂત્રથી નમસ્કાર કરાયો છે.

## ૧૬. સંક્ષિપ્ત-પંચ-પરમેષ્ઠિ-નમસ્કાર.

**નમોઽર્હત્-**
**સિદ્ધાચાર્યોપાધ્યાય-**
**સર્વસાધુભ્યઃ**

❋ ભાવાર્થ ❋

શ્રી અરિહંતોને, શ્રી સિદ્ધોને, શ્રી આચાર્યોને, શ્રી ઉપાધ્યાયોને અને સર્વ સાધુઓને નમસ્કાર હો.

## ❋ સૂત્ર પરિચય ❋

નવકાર મંત્રનું આ ટૂંકુ સૂત્ર છે. પંચપ્રતિક્રમણના સૂત્રોમાં પ્રાયઃ આ જ સૂત્ર સૌ પ્રથમ સંસ્કૃત ભાષામાં રચાયેલું છે. શ્રી સિદ્ધસેનદિવાકરસૂરિજીએ આ સૂત્રની રચના કરી છે. ગણધરકૃત પ્રાકૃત–અર્ધમાગધી ભાષાનાં સૂત્રોને સંસ્કૃત શિષ્ટ ભાષા માની સંસ્કૃતમાં રચવાની ઇચ્છાથી પહેલું આ સૂત્ર રચ્યું પણ એ માટે આ આચાર્ય ભગવંતને આકરું પ્રાયશ્ચિત્ત કરવું પડ્યું હતું.

## ૧૭. ઉવસગ્ગ–હરં સ્તવન [સ્તોત્ર]

ઉવસગ્ગ–હરં પાસં,
પાસં વંદામિ કમ્મ–ઘણ–મુક્કં;
વિસહર–વિસ–નિન્નાસં,
મંગલ–કલ્લાણ–આવાસં. ॥૧॥

વિસહર–ફુલિંગ–મંતં,
કંઠે ધારેઈ જો સયા મણુઓ;
તસ્સ ગહ–રોગ–મારી–
દુટ્ઠ–જરા જંતિ ઉવસામં. ॥૨॥

ચિટ્ઠઉ દૂરે મંતો,
તુજ્ઝ પણામો વિ બહુ–ફલો હોઈ;
નર–તિરિએસુ વિ જીવા,
પાવંતિ ન દુક્ખ–દોગચ્ચં. ॥૩॥

તુહ સમ્મત્તે લદ્ધે,
ચિંતામણિ-કપ્પપાયવ-બ્ભહિએ;
પાવંતિ અવિગ્ઘેણં,
જીવા અયરામરં ઠાણં. ॥૪॥
ઈઅ સંથુઓ મહાયસ !
ભત્તિબ્ભર-નિબ્ભરેણ હિયએણ;
તા દેવ! દિજ્જ બોહિં,
ભવે ભવે પાસ! જિણચંદ !॥૫॥

### ❊ શબ્દાર્થ ❊

ઉવસગ્ગ હરં–ઉપદ્રવોને દૂર કરનાર
પાસં–પાર્શ્વ યક્ષ છે જેમને અથવા આશાથી મુકાયેલાને
પાસં–ત્રેવીસમા તીર્થંકર શ્રી પાર્શ્વનાથ ભગવાનને
વંદામિ–વંદન કરું છું
કમ્મઘણમુક્કં–કર્મસમૂહથી મુક્ત
વિસહર વિસ નિન્નાસં–સર્પના ઝેરને દૂર કરનાર
(મિથ્યાત્વાદિ દોષોને દૂર કરનાર)
મંગલ કલ્લાણ આવાસં–મંગળ અને કલ્યાણના ઘરરૂપ
વિસહર કુલિંગ મંતં–વિષહર કુલિંગ મંત્રને
કંઠે ધારેઈ–ગળામાં ધારણ કરે છે (રહે છે)
જો સયા મણુઓ–જે મનુષ્ય નિત્ય
તસ્સ–તેના
ગહ રોગ મારી દુટ્ઠ જરા–ગ્રહ, મહારોગ, મરકી (પ્લેગ,) મારણ પ્રયોગ અથવા મહામારી વિગેરે ઉત્પાત અને દુષ્ટ તાવ
જંતિ ઉવસામં–શાન્ત થાય છે
ચિટ્ઠઉ–રહો
દૂરે–દૂર
મંતો–મંત્ર
તુજ્ઝ–તમને
પણામો–નમસ્કાર
વિ–ખરેખર
બહુફલો–ઘણાં ફળ આપનાર

હોઈ–હોય છે ( થાય છે )
નરતિરિએસુ–મનુષ્ય અને તિર્યંચગતિમાં
વિ–પણ
જીવા પાવંતિ ન–જીવો પ્રાપ્ત કરતા નથી
દુક્ખ દોગચ્ચં–દુઃખ અને દુર્ગતિને ( દુર્દશાને )
તુહ–તમારું
સમ્મત્તે લદ્ધે–સમ્યગ્ દર્શન પ્રાપ્ત થયે
ચિંતામણિ કપ્પપાય વબ્ભહિએ–ચિંતામણિ અને કલ્પવૃક્ષથી અધિક
પાવંતિ–પ્રાપ્ત કરે છે
અવિગ્ઘેણં–નિર્વિઘ્નપણે
જીવા–જીવો
અયરામરં ઠાણં–અજરામર સ્થળ
ઈઅ–આ પ્રકારે
સંથુઓ–સ્તુતિ કરી છે
મહાયસ–હે મહાયશસ્વિન્
ભત્તિબ્ભર નિબ્ભરેણ–ભક્તિના સમૂહથી ભરપૂર
હિઅએણ–હૃદયથી
તા દેવ–તેથી હે દેવ !
દિજ્જ–આપો
બોહિં–બોધિ, સમ્યક્ત્વ
ભવે ભવે–પ્રત્યેક ભવમાં
પાસ જિણચંદ–હે પાર્શ્વનાથ જિનચંદ્ર ( કેવળ જ્ઞાનીઓમાં ચંદ્ર સમાન )

✠ ભાવાર્થ ✠

જેઓ ઉપદ્રવોને દૂર કરનાર પાર્શ્વયક્ષવાળા છે, (અથવા જેઓ સ્વયં ઉપદ્રવહર છે અને આશાઓથી મુક્ત છે) ચારે ઘાતીકર્મથી મુક્ત થયેલા છે, જેઓ (નામસ્મરણ દ્વારા) વિષધરોના ઝેરનો નાશ કરે છે, (જેઓ મિથ્યાત્વ આદિ દોષોને દૂર કરે છે) અને જેઓ મંગલ તથા કલ્યાણના ધામરૂપ છે, તેવા શ્રી પાર્શ્વનાથ ભગવાનને હું વંદન કરું છું. ૧.

'વિસહર–કુલિંગ' નામના મંત્રનું જે મનુષ્ય સદા એકાગ્ર ચિત્તથી રટણ કરે છે તેના દુષ્ટ ગ્રહો, અનેકવિધ રોગો, મરકી અને દુષ્ટ (વિષમ) તાવો શાંત થઈ જાય છે–મટી જાય છે. ૨.

તે મંત્રની વાત બાજુએ રાખીએ તો પણ હે પાર્શ્વનાથ ભગવંત! આપને ભાવપૂર્વક કરેલ નમસ્કાર પણ ઘણું ફળ આપે છે, આનાથી મનુષ્ય અને તિર્યંચ ગતિમાં રહેલા જીવો કોઈ પણ પ્રકારના દુઃખ કે દુર્દશાને પામતા નથી. ૩.

ચિંતામણિ રત્ન અને કલ્પવૃક્ષથી પણ અધિક શક્તિ ધરાવનારું તમારું સમ્યક્ત્વ પામવાથી જીવો સહેલાઈથી મુક્તિપદને પામે છે. ૪.

આ રીતે હે પાર્શ્વજિનચંદ્ર! હે મહાકીર્તિવાળા! મેં ભક્તિથી સભર હૈયે આપની સ્તુતિ કરી છે તો હે દેવ! તેના પ્રભાવથી મને ભવોભવ સમ્યક્ત્વ [સુદેવ, સુગુરુ અને સુધર્મ પર શ્રદ્ધા] આપજો. ૫.

### ❋ સૂત્ર પરિચય ❋

ઉપસર્ગોને, દુઃખ-દર્દોને હરનારના હિસાબે અને સૂત્રના પહેલા શબ્દના હિસાબે આ સૂત્ર 'ઉવસગ્ગ હર' સૂત્ર' નામે ઓળખાય છે.

આ સૂત્રમાં ૨૩મા તીર્થંકરદેવ શ્રી પાર્શ્વનાથ ભગવાનને વંદના કરી સ્તુતિ કરવામાં આવી છે તેમજ તેમના ભક્તિના પ્રભાવથી ભવોભવ સમ્યક્ત્વ મળે તેવી ઉત્કટ પ્રાર્થના કરવામાં આવી છે.

આ મંત્ર-સ્તોત્ર છે. નવસ્મરણમાં તેનું બીજું સ્થાન છે. સ્તોત્રના પદોનાં મંત્રો ગોપિત છે. શ્રદ્ધાપૂર્વક આ સ્તોત્રનું નિત્ય અને સતત સ્મરણ કરવાથી ભૌતિક અને આધ્યાત્મિક દુઃખ-દર્દો દૂર થાય છે. આત્મામાં સમ્યગ્દર્શનાદિનું બળ પણ વધે છે. આચાર્ય શ્રી ભદ્રબાહુ સ્વામીએ આ સૂત્રની રચના કરી છે.

આમાં પહેલી ગાથાના વિષય વિશિષ્ટ ગુણયુક્ત પ્રભુ છે, બીજીનો વિષય એમનો વિસહર કુલિંગ મંત્ર છે, ત્રીજીનો વિષય એમને કરાતો નમસ્કાર છે, ચોથીનો વિષય એમનું સમ્યક્ત્વ છે, અને પાંચમી ગાથાનો વિષય ભક્તિપૂર્વક બોધિની માગણી છે. આમ પ્રભુનું સ્વરૂપ-મંત્ર-નમસ્કાર-સમયક્ત્વ અને ભક્તિ પ્રભાવવંતાં છે.

## ૧૮. જય વીયરાય-સૂત્ર.

જય વીયરાય જગગુરુ!
હોઉ મમં તુહ પભાવઓ ભયવં;
ભવ-નિવ્વેઓ મગ્ગાણુસારિઆ
ઈટ્ઠફલસિદ્ધી ॥૧॥
લોગવિરુદ્ધચ્ચાઓ,
ગુરુજણપૂઆ પરત્થકરણં ચ;
સુહગુરુજોગો તવ્વયણસેવણા
આભવમખંડા. ॥૨॥
વારિજ્જઈ જઈવિ નિયાણબંધણં
વીયરાય! તુહ સમયે;
તહ વિ મમ હુજ્જ સેવા,
ભવે ભવે તુમ્હ ચલણાણં. ॥૩॥

દુક્ખક્ખઓ કમ્મક્ખઓ,
સામાહિમરણં ચ બોહિલાભો અ;
સંપજ્જઉ મહ એઅં,
તુહ નાહ! પણામકરણેણં. ॥૪॥
સર્વ–મઙ્ગલ–માઙ્ગલ્યં,
સર્વ–કલ્યાણ–કારણમ્;
પ્રધાનં સર્વ--ધર્માણાં,
જૈનં જયતિ શાસનમ્. ॥૫॥

* શબ્દાર્થ *

જય-જય થાઓ (તમારો મારા હૃદયમાં)

વીયરાય-હે વીતરાગ !

જગગુરુ-જગદ્ગુરુ !

હોઉ-હો

મમં-મને

તુહ-તમારા

પભાવઓ-પ્રભાવથી

ભયવં-હે ભગવાન !

ભવનિવ્વેઓ-ભવનિર્વેદ

મગ્ગાણુસારીઆ-મોક્ષમાર્ગને અનુકૂળ વૃત્તિ-વર્તન

ઈટ્ઠફલ સિદ્ધિ-ઇષ્ટ ફળની સિદ્ધિ

લોગવિરુદ્ધચ્ચાઓ-લોકનિંદ્ય પ્રવૃત્તિનો ત્યાગ

ગુરુજણપૂઆ-ગુરુજનઃ ધર્મગુરુ, વિદ્યાગુરુ, વડીલ-માબાપની
ભાવપૂર્વક સેવા

પરત્થકરણંચ-અને પરોપકાર સેવા

સુહગુરુ જોગો-ચારિત્ર સંપન્ન ગુરુનો જોગ

તવ્વયણ સેવણા-તેમની આજ્ઞાનુસાર વર્તન

આભવં-સંસારમાં ભ્રમણ કરવું પડે ત્યાં સુધી
અથવા આ જન્મના અંતસુધી

અખંડા-અખંડપણે

વારિજ્જઈ-નિષેધ કર્યો છે

જઈ વિ-જોકે

નિયાણ-નિયાણું (દુન્યવી વસ્તુની પ્રાપ્તિનો નિર્ધાર)

બંધણું-નક્કી કરવું તે

તુહ-તમારા

સમયે-શાસ્ત્રમાં

તહવિ-તો પણ

મમ-મને

હુજ્જ-પ્રાપ્ત થાઓ

સેવા-ઉપાસના

ભવે ભવે-પ્રત્યેક ભવમાં

તુમ્હ-તમારા

ચલણાણું-ચરણોની

દુક્ખક્ખઓ-ભાવદુઃખ (કષાય, મનોવિકાર - દીનતા) નો નાશ.

કમ્મક્ખઓ-કર્મક્ષય

સમાહિ મરણ-સમાધિ (રાગાદિ રહિત ચિત્ત સ્વાસ્થ્ય) પૂર્વક મરણ

બોહિલાભો-બોધિલાભની પ્રાપ્તિ

અ-અને

સંપજ્જઉ-પ્રાપ્ત થાઓ

મહ-મને

એઅં-આ

તુહ નાહ-હે નાથ તમને

પણામ કરણેણું-પ્રણામ કરવાથી

સર્વમંગલ-બધા જ મંગળનું

માંગલ્યં-મંગળપણારૂપ

સર્વ કલ્યાણ કારણં-સમસ્ત કલ્યાણને કરનારા
પ્રધાનં-શ્રેષ્ઠ
સર્વધર્માણં-સર્વધર્મોમાં
જૈનં-જિનેશ્વરદેવનું
જયતિ-જયવંતુ વર્તે છે
શાસનં-શાસન

### ❋ ભાવાર્થ ❋

હે વીતરાગ જગદ્ગુરુ ! તમે મારા દિલમાં જય- વંતા વર્તો, તમારો જય હો ! હે ભગવંત ! તમારા પ્રભાવ- થી મને 'ભવ નિર્વેદ' અર્થાત્ સંસાર પ્રત્યે વૈરાગ્ય જાગ્રત રહો. અરુચિ-અણગમો-અભાવ વર્ત્યા કરો. 'માર્ગા- નુસારિતા' અર્થાત્ મોક્ષ માર્ગને અનુકૂળ વૃત્તિ તથા વર્તાવ રહ્યા કરો. અથવા તત્ત્વાનુસારિતા એટલે માલ વિનાની વાત છોડી તાત્ત્વિક વાતનો આગ્રહ રહો. ઇષ્ટ- ફલ સિદ્ધિ-દેવ દર્શનાદિ-મોક્ષ માર્ગની સાધના ચિત્તની સ્વસ્થતા પૂર્વક થાય એ માટે જરૂરી ઇષ્ટ ફળ ( આજી- વિકાદિ ) સિદ્ધ થાઓ ! ૧.

હે પ્રભો ! મને એવું બળ મળો કે જેથી મારું મન 'લોકવિરુદ્ધ' લોક-નિંદ્ય, લોકને જેનાથી સંકલેશ થાય એવું કોઈ પણ કાર્ય કરવા માટે લલચાય નહિ. ગુરુજનો પ્રત્યે આદરભાવ સહિત સેવાભક્તિ કરે, પરોપકાર- પરહિત કરતું રહે.

વળી હે પ્રભો ! મને ચારિત્ર સંપન્ન સદ્ગુરુનો સંગ મળો અને તેમનાં વચનોનો અમલ મળો. આ બધું મને મારે આ ભવ પર્યંત યા સંસારમાં જન્મવું પડે ત્યાં સુધી ભવોભવ પ્રાપ્ત થાઓ ! ૨.

હે વીતરાગ ! તમારા પ્રવચનમાં જો કે નિયાણું અર્થાત્ તપ જપના પૌદ્ગલિક ફળની નિર્ધારિત અભિલાષા રાખવાની મના કરેલી છે, છતાં ય મારી તો આ જ

અભિલાષા છે કે મને દરેક ભવમાં તમારાં ચરણોની સેવા કરવાનો યોગ મળજો–૩.

હે નાથ! આપને પ્રણામ કરવાથી મારા ભાવ દુઃખનો ( કષાય–મનોવિકાર—દીનતા–ક્ષુદ્રતાદિનો ) નાશ થાઓ. કર્મનો ક્ષય ( કર્મ નિર્જરાના માર્ગનો આદર ) થાઓ. મૃત્યુ સમયે સમાધિ, મનને રાગ–દ્વેષ–હર્ષ–ખેદ વિનાની સ્વસ્થતા સમાધિ રહો. અને ( પરભવે ) બોધિ લાભ અર્થાત્ જૈન ધર્મની પ્રાપ્તિ થાઓ. ૪.

સર્વ મંગલોમાં મંગળતા લાવનાર, સર્વ કલ્યાણના કારણ રૂપ અને સર્વ ધર્મોમાં શ્રેષ્ઠ એવું જૈન શાસન જયવંતુ વર્તે છે. ૫.

## ❋ સૂત્રપરિચય ❋

ભગવાનનો જયનાદ કરી ભક્ત પોતાના દિલમાં ભગવાન જયવંતા રહે, એની આ સૂત્ર દ્વારા ભગવાનને પ્રાર્થના કરે છે. ભગવાનની અચિંત્ય શક્તિના પ્રભાવથી નિષ્પન્ન થાય એવું પોતાને શું શું જોઈએ છે, શેની શેની આશંસા છે, તેની એક યાદી આ સૂત્રમાં પ્રભુ આગળ રજૂ કરે છે.

આ સૂત્રમાં કરવામાં આવેલી પ્રાર્થના, આશંસાને સર્વોત્તમ પ્રાર્થના કહી શકાય. આ સૂત્ર સ્પષ્ટ રેખા દોરી આપે છે કે ભગવાન પાસે એવી જ શક્તિની માગણી કરાય કે જેનાથી પોતાનું અને બીજાનું આત્મ કલ્યાણ કરી શકાય.

તપ, ભક્તિ, આદિ કરીને કોઈ ભૌતિક સુખ નહિ માંગતા પ્રભુની સેવા જ ભવોભવ માંગવાની છે. અને તેમને પ્રણામ કરીને આ જીવનના અંત સુધી આત્માના ભાવ દુઃખ (કષાય, વિષયાસક્તિ, મનોવિકાર, દીનતાદિ) નો નાશ તથા કર્મ નિર્જરા થાય એવા બાર પ્રકારના તપ, જીવનના અંતે સમાધિ-મરણ, અને તે પછી બોધિલાભ જૈન ધર્મની આત્મામાં પરિણતિ માંગવાની છે.

આ પ્રાર્થનાથી જીવન સરળ, નિર્મળ અને ઊર્ધ્વ-ગામી બને છે તથા શ્રદ્ધા વધુ બળવત્તર થાય છે. અરિહંત પ્રભુ આપણી બધી શુભ ધારણાઓને સફળ કરવા અચિંત્ય પ્રભાવ, શક્તિવાળા છે; એ શ્રદ્ધા દૃઢ થાય છે.

અંતે આ બધું સાધી આપનાર શ્રેષ્ઠ મંગળરૂપ અને સર્વ કલ્યાણકર તથા સર્વ ધર્મમાં શ્રેષ્ઠ જૈન શાસન જયવંતુ છે, એવી આસ્થા સાથે આહ્લાદ વ્યક્ત કરાવે છે.

આ સૂત્ર પ્રાર્થના સૂત્ર નહિ, પણ પ્રણિધાન સૂત્ર છે. પ્રાર્થનામાં 'સામાને પ્રાર્થના ન કરો ત્યાં સુધી એ દયા વિનાના અને પ્રાર્થના કરો એટલે ઇષ્ટ પૂર્તિની દયા કરનારા રાગી' એવું ફલિત થાય છે. વીતરાગ ભગવાનમાં એવા રાગદ્વેષ હોય નહિ, તેથી આ સૂત્રમાં પ્રણિધાન કરાય છે. અર્થાત્ પોતાની શુભ આશંસા (અત્યંત અભિલાષા) પર મન કેન્દ્રિત કરાય છે. એ આશંસાઓ અરિહંતના પ્રભાવે પૂર્ણ થાઓ. પૂર્ણ થાય જ એવું વ્યક્ત કરવામાં આવે છે.

'જયવીયરાય' સૂત્ર એ પ્રણિધાન સૂત્ર છે, પ્રાર્થના સૂત્ર નહિ. કેમકે પ્રાર્થનામાં વીતરાગ આગળ માગવાનું આવે. માગવામાં 'માગીએ તો વીતરાગ રીઝે ને માગેલું મળે–' એ અર્થ નીકળે. આમ રીઝવામાં ભગવાનનું વીતરાગપણું ખંડિત થાય.

'પ્રણિધાન' એટલે ભવનિર્વેદ વગેરે વસ્તુ પર મનનું કેન્દ્રીકરણ, અર્થાત્ એની તીવ્ર આશંસા, 'મારે આ જોઈએ છે' એવો મનનો ઉપયોગ અને એ 'વીતરાગના પ્રભાવે મળે છે,' એવો નિર્ધાર. આમ ભગવાનના પ્રભાવની સ્તુતિ કરાય છે. એ સ્તુતિના અર્થમાં એને પ્રાર્થના કહી શકાય. એટલે 'જયવીયરાય' સૂત્ર બોલતાં

મનને આ થવું જોઈએ કે 'મારે ભવનિર્વેદ જોઈએ છે–' 'મારે માર્ગાનુસારિતા જોઈએ છે,' 'મારે ઈષ્ટફળસિદ્ધિ જોઈએ છે'.... વગેરે. તેમજ દૃઢ વિશ્વાસ જોઈએ કે 'એ ભગવાનના પ્રભાવે મળે જ છે.'

'આભવમખંડા.' સુધીમાં ભવપર્યંતની વસ્તુની તીવ્ર આશંસા કરી અને 'વારિજ્જઈ' ગાથામાં જન્મોજન્મ માટેની 'ભગવંત–ચરણુસેવા' ની દૃઢ આશંસા કરાય છે. જન્મોજન્મ એ મળે એ માટે પછીની 'દુક્ખક્ખઓ' ગાથામાં ચાર આશંસા કરી. વીતરાગને પ્રણામથી ( ૧ ) દુઃખનો એટલે કે માનસિક દુઃખ-ભાવદુઃખનો ક્ષય થાઓ, ( ૨ ) કર્મક્ષય અર્થાત્ સકામ નિર્જરા થાઓ, ( ૩ ) સમાધિપૂર્વક મરણુ મળો, અને ( ૪ ) બોધિલાભ મળો.

આમાં પહેલી આશંસામાં દરેક વર્તમાન સમય માટે માનસિક દુઃખ–ક્ષય ( ચિત્ત સમાધિ ) ઇચ્છી; બીજી આશંસામાં જીવનભર સકામ નિર્જરા ( તપના ૧૨ પ્રકારની નિરાશંસ સાધના ) ચાહી, ત્રીજી આશંસામાં જીવનના અંત અંગે સમાધિમરણુ ઇચ્છ્યું, ચોથી આશંસામાં આ જન્મ પછીના પરલોક માટે બોધિલાભની વાંછા કરી.

'સર્વ મંગલ માંગલ્યં' ગાથામાં જિનશાસનના પ્રભાવની અનુમોદના સાથે શાસન જયવંતુ હોવાનો આહ્લાદ પ્રગટ કર્યો છે.

## ૧૯. અરિહંત-ચેઇઆણં [ ચૈત્યસ્તવ ] સૂત્ર

અરિહંત-ચેઇઆણં કરેમિ

કાઉસ્સગ્ગં. ॥૧॥

વંદણવત્તિઆએ,

પૂઅણવત્તિઆએ,

સક્કારવત્તિઆએ,

સમ્માણવત્તિઆએ,

બોહિલાભવત્તિઆએ,

નિરુવસગ્ગવત્તિઆએ. ॥૨॥

સદ્ધાએ, મેહાએ, ધિઈએ

ધારણાએ અણુપ્પેહાએ વડ્ઢમાણીએ,

ઠામિ કાઉસ્સગ્ગં ॥૩॥

## ✠ શબ્દાર્થ ✠

અરિહંત ચેઈયાણં-અરિહંત પ્રતિમાઓને
કરેમિ-કરવા ઇચ્છું છું
કાઉસ્સગ્ગં-કાયોત્સર્ગ
વંદણવત્તિઆએ-વંદન-નમસ્કાર નિમિત્તે
પૂઅણ વત્તિઆએ-પુષ્પાદિથી પૂજનના નિમિત્તે
સક્કાર વત્તિઆએ-વસ્ત્રાલંકારથી સત્કારના નિમિત્તે
સમ્માણવત્તિઆએ-ગુણગાનાદિથી સન્માનના નિમિત્તે
બોહિલાભ વત્તિઆએ-બોધિલાભ-સમ્યક્ત્વથી વીતરાગતા
સુધીના લાભ નિમિત્તે
નિરુવસગ્ગવત્તિઆએ-ઉપદ્રવરહિત મોક્ષના નિમિત્તે
સદ્ધાએ-શ્રદ્ધાથી
મેહાએ-બુદ્ધિથી
ધિઈએ-ચિત્તની સ્વસ્થતાથી
ધારણાએ-ધારણાથી
અણુપ્પેહાએ-સૂત્ર પાછળ ચિંતનથી
વડ્ઢમાણિએ-વધતી
ઠામિ કાઉસ્સગ્ગં-હું કાઉસગ્ગ કરું છું

## ☆ ભાવાર્થ ☆

અર્હંત-ચૈત્યો એટલે કે જિનપ્રતિમાનાં વંદન, પૂજન, સત્કાર, સન્માનનો લાભ મળે એ નિમિત્તે તથા બોધિલાભ સમ્યક્ત્વાદિ અને મોક્ષ નિમિત્તે કાઉસ્સગ્ગ કરવા ઇચ્છું છું. તે વધતી જતી શ્રદ્ધા, પ્રજ્ઞા, સ્થિરતા, સ્મૃતિ, અને સૂત્રાર્થ ચિંતન વડે હું કાઉસ્સગમાં સ્થિર થાઉં છું.

આમાં વંદન-પૂજન-સત્કાર-સન્માન અને બોધિલાભ મોક્ષ-એ છ તો કાયોત્સર્ગનાં નિમિત્ત એટલે કે પ્રયોજન છે, ઉદ્દેશ છે. એ સિદ્ધ કરવાના ઉદ્દેશથી કાયોત્સર્ગ છે. એમાં વંદન-પૂજન-સત્કાર-સન્માન કોનાં ? તો કે 'અરિહંત ચેઈયાણં'ના અર્થાત્ અર્હત્ ચૈત્યોનાં [પ્રતિમાઓનાં]

'અરિહંત ચેઈયાણં' પદ માત્ર 'વંદનવત્તિઆએ' થી 'સમ્માણવત્તિઆએ' સુધીનાં ચાર પદ સાથે જ જોડાય છે. તેથી એ ચાર પદો સાથે બોલીને સહેજ અટકવું જોઈએ. પછી 'બોહીલાભ૦ નિરુવસગ્ગ૦'-એ બે પદ સાથે બોલવાના.

અહીં બોધિલાભનો અર્થ માત્ર સમ્યક્ત્વ નહિ પણ જૈનધર્મની પ્રાપ્તિ અર્થાત્ સમ્યક્ત્વથી માંડીને ઠેઠ વીતરાગતા સુધીના ધર્મ. નહિતર ક્ષાયિક સમ્યક્ત્વ અર્થાત્ સમ્યક્ત્વવાળો જીવ આ પદ શા માટે બોલે ? પરંતુ એને ઉપરના દેશવિરતિથી વીતરાગતા સુધીના ધર્મ જોઈએ

છે. એની આશંસાથી આ પદ બોલે, એટલે એ બધું બોધિલાભમાં સમાય.

પછીના પાંચ પદ 'સદ્ધાએ....વગેરે' હેતુપદ છે. એ હેતુ એટલે કે સાધન સૂચવે છે. કાયોત્સર્ગ માટે આ શ્રદ્ધા-મેધાદિ પાંચ સાધન જરૂરી છે.

## ❋ અરિહંત ચેઇયાણં ❋

જીવનમાં આપણે મોહવશ, લાલચવશ, કેટલાયના રાગ, આદર, સત્કાર, બહુમાન, કરીએ છીએ; તેથી એ રાગનાં બંધનોથી બંધાયેલા આપણે સંસારમાં જન્મ-મરણ કર્યા કરીએ છીએ. રાગાદિનાં બંધનોથી છૂટીએ તો જ જન્મ-મરણ અટકે. એ છૂટવા માટે વીતરાગ ભગવાન પર રાગ કરવો જોઈએ. કેમ કે એ જ સરાગી પરના રાગથી છોડાવવા સમર્થ છે. પરંતુ વીતરાગ પર રાગ જામવા માટે વીતરાગના આદર-સત્કાર-બહુમાન, જરૂરી છે. દેખાય છે કે સંસારીના આદર, સત્કારથી રાગ જામે છે, વધે છે, તો પછી વીતરાગ પર રાગ જમાવવા, વધારવા એમના આદર-સત્કાર-પૂજન-બહુમાન કેમ ન જોઈએ? બસ, આટલા જ માટે 'જિન'-વીતરાગ ભગવાનની પૂજા, ભક્તિ, વગેરે કરવી અત્યંત જરૂરી છે.

વીતરાગ ભગવાન અત્યારે અહીં વિચરતા નથી. તેથી એ વીતરાગની મૂર્તિનાં, દર્શન વંદન, પૂજા, ભક્તિ, આદર, બહુમાન, વગેરે કરવાં એ વીતરાગનાં જ દર્શન આદિ છે. દેખાય છે કે સરસ્વતીના ચિત્રનાં દર્શન-નમસ્કારથી સરસ્વતી પર ભાવ વધે છે, ને એથી બુદ્ધિ વધે છે. મહાન દેશ-રક્ષકના ફોટાને જોઈ લશ્કર પ્રેરણા મેળવે છે, ને વંદના કરીને જોમ મેળવે છે. તો પછી જિન-પ્રતિમાનાં દર્શનાદિથી સાક્ષાત્ જિન મળ્યા, જેવા ભાવ વધે એમાં નવાઈ નથી. અલબત્ત આદર, સત્કાર, બહુમાન છે તો જિનેન્દ્ર ભગ-

વાનની મૂર્તિનાં, પણ આપણા મનમાં એ આદરાદિ ખરે-ખર જિનેન્દ્ર ભગવાન પર થાય છે. તેમ એ વાત પણ સ્પષ્ટ છે કે અસત્‌ના રાગ, આદર, ઘટાડવા માટે જિન-વીતરાગ પર રાગ–આદરાદિ સાધન છે; પણ જિનની મૂર્તિ વિના એ રાગ–આદર–સત્કાર–પૂજન–બહુમાન, જિનના કરવા કેવી રીતે ?

સારાંશ :— જિનપૂજા–સત્કારથી જીવન ભર્યું ભર્યું કરવું જોઈએ. કમમાં કમ રોજ એક વાર તો જિનપૂજા કરવી જ જોઈએ.

પ્ર૦. મંદિરમાં શ્રાવકે પૂજા કરી લીધી એટલે પૂજાનો લાભ તો મળી ગયો, હવે ફરીથી કયી પૂજાના લાભ માટે કાયોત્સર્ગ ?

ઉ૦. – આ અર્હંત્‌ચૈત્યોનાં બીજાઓ જે વંદન–પૂજન સત્કાર–સન્માન કરે એના પણ અનુમોદનાથી લાભ લેવા માટે કાયોત્સર્ગ છે. ત્યારે સમજાય છે કે જીવનમાં અરિહંતનાં વંદનાદિ કેટલાં બધાં મહત્ત્વનાં અને આરાધ્ય છે કે એ ખૂબ ખૂબ અને એનો સંતોષ વાળ્યા વિના આરાધતા રહેવું જોઈએ. શ્રાવક આ જિનપૂજા–સત્કારનો હંમેશા લોભી જ હોય, ક્યારેય સંતોષી નહિ.

અરિહંત પ્રભુનો ભક્ત પોતે પ્રભુની મૂર્તિને ભજે એટલા માત્રથી સંતુષ્ટ નથી રહેતો, પરંતુ બીજાઓ પણ જે જિન મૂર્તિનાં વંદન, પૂજન, સત્કાર, સન્માન કરે, એની અનુમોદનાથી લાભ મેળવવા પણ ઝંખે છે, ને તે નિમિત્તે કાયોત્સર્ગ કરે છે. વધારામાં બોધિ–લાભ એટલે

કે સમ્યક્ત્વથી માંડી વીતરાગતા સુધીના જૈન ધર્મની પ્રાપ્તિના નિમિત્તે તથા સર્વ ઉપદ્રવ રહિત મોક્ષના નિમિત્તે અહીં કાયોત્સર્ગ કરાય છે. કાયોત્સર્ગ છે નાનો, પણ એથી પોતાની એ વંદનાદિની આશંસા વ્યક્ત થાય છે.

કાયોત્સર્ગના ધ્યાનમાં સાધનભૂત શ્રદ્ધા, મેધા વગેરે જરૂરી છે. તે પણ વધતી જતી શ્રદ્ધા, મેધા વગેરે સાધન દ્વારા કાયોત્સર્ગ ધ્યાન કરવાનું છે. તે આ રીતે–

કાયોત્સર્ગમાં જે નવકાર, લોગસ્સનું ધ્યાન કરવામાં આવે, પહેલે પગથિયે તેની પ્રત્યેની આ શ્રદ્ધા જરૂરી છે કે 'તેનું બરાબર ધ્યાન કરાય તો તે આ બીજાઓ દ્વારા કરાતાં વંદનાદિથી થતા કર્મક્ષયનો લાભ અવશ્ય આપે છે.' વળી એ કાયોત્સર્ગ–ધ્યાન 'મેધાથી' કરવાનું અર્થાત્ શાસ્ત્રોથી વિકસેલી પ્રજ્ઞાથી કરવાનું. જેથી ધ્યાનનો વિષય વિશેષ બુદ્ધિપૂર્વક ચિંતવાય. તેમજ 'ધૃતિ'થી અર્થાત્ સ્થિરતાથી ધ્યાન કરવાનું તેમજ ધારણાથી કરવાનું જેથી કેટલું કેટલું ધ્યાન થતું ગયું તેનો ખ્યાલ રહે. અને 'અનુપ્રેક્ષાથી' અર્થ ચિંતનથી કરવાનું.

આનાથી આત્મા વિશુદ્ધ બને છે. આત્મા વિશુદ્ધ બનતાં પરમાત્મ-સ્વરૂપના અભેદ ધ્યાનમાં સ્થિર થાય છે. આ અભેદાનુભવ વધતાં વધતાં પરિણામે આત્મા પરમાત્મા બને છે, જીવ શિવ બને છે, જૈન જિન બને છે. પરમાત્મ–ભક્તિમાં વૃદ્ધિ અને સમાધિની તાલીમ માટે આ સૂત્રનું ચિંતન–મનન ઉપયોગી છે.

[સમાપ્ત]

## ચૈત્યવંદનનો વિધિ

૧. પ્રથમ દેરાસરમાં ત્રણ ખમાસમણ દેવાં. પછી ડાબો ઢીંચણ ઊભો રાખી ઉત્તરાસણ નાંખી બે હાથ જોડી રહેવું– 'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! ચૈત્યવંદન કરું ? ઈચ્છં.' કહી,

૨. 'સકલ કુશલવલ્લી.' કહી ચૈત્યવંદન બોલવું, પછી,

૩. 'જંકિંચિ.' કહી નમુત્થુણં કહેવું, પછી

૪. બે હાથ લલાટે જોડી 'જાવંતિ ચેઈઆઈં;' કહી એક ખમાસમણ દેવું. પછી,

૫. 'જાવંત કેવિ સાહૂ' કહી 'નમોઽર્હત્.' કહેવું. પછી,

૬. સ્તવન ગાવું. તે ન આવડે તો 'ઉવસગ્ગહર.' બોલવું, પછી–

૭. બે હાથ લલાટે જોડી અર્ધા 'જયવીયરાય' 'આભવમખંડા' સુધી કહ્યા પછી બે હાથ નીચા ધરી જયવીયરાય પૂરા કહેવા. પછી

૮. ઊભા થઈ 'અરિહંત ચેઇઆણં' કહી અન્નત્થ કહી એક નવકારનો કાઉસ્સગ્ગ કરવો. પછી–

૯. કાઉસ્સગ્ગ પારીને નમોઽર્હત્ કહીને થોય કહેવી. પછી સકલ સંઘના વતી ત્રણ ખમાસમણ દેવા. [એથી અવસરે બીજાને કહી પણ શકાય કે તમારા વતી ભગવાનનાં દર્શન-વંદન કર્યાં હતાં. એમ પોતાનેય એની અનુમોદના પણ રહે.]

## જિનપૂજા

પુષ્પ, અક્ષત, ગંધ (વાસ—ચૂર્ણ વગેરે), ધૂપ અને દીપક—એ પાંચ દ્રવ્યોથી પાંચ પાપોને ચૂરનારી 'પંચ-પ્રકારી' પૂજા થાય છે; પુષ્પ, અક્ષત, ગંધ, દીપક, ધૂપ, નૈવેદ્ય, ફળ અને જળ—આ આઠ દ્રવ્યોથી કરાતી આઠ કર્મોને ચૂરનારી 'અષ્ટપ્રકારી' પૂજા થાય છે; અને સ્નાત્ર, અર્ચન, વસ્ત્ર તથા આભૂષણ વગેરેથી, ફળ-નૈવેદ્ય-દીપક વગેરેથી તથા નાટક-ગીત—આરતી વગેરેથી. એમ સર્વ પ્રકારથી 'સર્વપ્રકારી' પૂજા થાય છે.

[ ચૈત્યવંદન ભાષ્ય ]

દ્રવ્યપૂજા અને ભાવપૂજા—એમ બે પ્રકારની પણ શ્રી જિનપૂજા થાય છે. તેમાં પુષ્પાદિ પુદ્ગલ દ્રવ્યો વડે કરવી તે દ્રવ્યપૂજા અને શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાનું પાલન કરવું તે ભાવપૂજા જાણવી.

[ સંબોધપ્રકરણ ]

## જિનપૂજાનું ફળ

શ્રી જિનમંદિરે જવાની ઇચ્છા થતાં એક ઉપવાસનું, શ્રી જિનમંદિરે જવા માટેની તૈયારી કરવાથી બે ઉપવાસનું અને જવા માટે પગ ઉપાડતાં ત્રણ ઉપવાસનું ફળ મળે છે.

શ્રી જિનમંદિરે ચાલવા માંડતાં ચાર ઉપવાસનું, થોડુંક ચાલ્યા પછી પાંચ ઉપવાસનું, માર્ગમાં પંદર ઉપવાસનું અને શ્રી જિનમંદિરને દેખતાં મહિનાના ઉપવાસનું ફળ મળે છે.

શ્રી જિનમંદિરે પ્રભુ પાસે પહોંચતાં છમાસી તપનું અને શ્રી જિનમંદિરના દ્વાર પાસે નમસ્કાર કરતાં એક વર્ષના ઉપવાસનું ફળ મળે છે.

શ્રી જિનમંદિરની પ્રદક્ષિણા દેતાં એકસો વર્ષના ઉપવાસનું, શ્રી જિનેશ્વરની પૂજા કરવાથી એક હજાર વર્ષના ઉપવાસનું તથા થી જિનેશ્વરની સ્તુતિ કરવાથી અનંત પુણ્ય પ્રાપ્ત થાય છે.

[ પદ્મચરિત્ર ]

## ❋ જિનપૂજા ❋

જેમાં માણુસ રહે છે તેને મકાન કહેવાય છે, તેમ જેમાં ભગવાનની પ્રતિમા બિરાજિત કરેલી હોય છે તેવા સ્થાનને મંદિર કહે છે. ચૈત્ય, દેરાસર, મંદિર આ એક જ અર્થ ધરાવતા શબ્દો છે. જિનેશ્વર ભગવંતની મૂર્તિ અર્થાત, જિનપ્રતિમા જેમાં બિરાજિત કરવામાં આવે છે તેને જિન-મંદિર–જૈન દેરાસર કહે છે. એ જિનપ્રતિમા પ્રભુના ચ્યવન, જન્મ, દીક્ષા, કેવળજ્ઞાન અને નિર્વાણુ—એ પાંચ કલ્યાણુક પ્રસંગોની ઉજવણી આદિ દ્વારા અંજનશલાકા વિધિ કરાવેલ હોવાથી એ પ્રતિમા જિનેશ્વર ભગવાન બનેલા હોય છે. તો જ એ પૂજનીય, વંદનીય છે.

જિનમંદિર એટલે જિનેશ્વર [ વીતરાગ–તીર્થંકર ] પરમાત્માની પૂજા અને ઉપાસનાનું, સેવા અને ભક્તિનું પવિત્ર ધામ. જિનમંદિરોમાં પવિત્ર મંત્રોચ્ચારપૂર્વક અંજનશલાકા વિધિ દ્વારા જે જિનમૂર્તિમાં પ્રાણુ પ્રતિષ્ઠા કરાવેલ હોય તેને પાવન અને પ્રસાદક વાતાવરણુમાં પૂજ્ય શ્રમણુ ભગવંતોની નિશ્રામાં ગાદીનશીન કરવામાં આવે છે. આથી જિનમંદિરના ખૂણેખૂણામાં અને તેના સમગ્ર વાતાવરણુ-માં હૃદયના ભાવોને વિશુદ્ધ કરે અને અંતરની ભાવના-ઓને જાગૃત કરે તેવી દિવ્ય અસર હોય છે.

આવા જિનમંદિરમાં બિરાજિત જિનપ્રતિમાને માત્ર પ્રતિમા કે મૂર્તિ સમજવાની નથી. તેને સાક્ષાત

જિનેશ્વર ભગવંત જાણી તેમને અંતરના ઉલ્લાસથી પગે લાગવાનું છે. આપણાં ઉત્તમ દ્રવ્યોથી તેમની પૂજા-ભક્તિ કરવાની છે, અને તેમનાં ચરણ સમક્ષ બેસી તેમના ગુણોની ભાવભરી સ્તુતિ-સ્તવના કરવાની છે. આમ શ્રી વીતરાગ ભગવાનની ભાવભર્યા હૈયે ભક્તિ-ઉપાસના કરતાં કરતાં આપણાં વિષય-વિલાસનાં પાપો, રાગદ્વેષાદિ દોષો અને હિંસા, જૂઠ વગેરે દુષ્કૃત્યો ઘટતાં આવે છે, આત્મતેજ વધતું ચાલે છે; અંતે સર્વપાપત્યાગનું સંયમજીવન લાધે છે.

ભક્તિમાં અમાપ શક્તિ છે; ભગવાનની ભક્તિ કરવાથી ભક્તના જીવનમાં આમૂલ પરિવર્તન થાય છે. પરમાત્માની પૂજા કરતાં કરતાં કાળક્રમે પરમાત્મા થવાય છે. જેનાથી ભગવાન જેવું સ્વરૂપ ઉપલબ્ધ થાય તેનું નામ ભક્તિ. જેનાથી આત્મા પૂજ્ય પરમાત્મસ્વરૂપ પામે તેનું નામ પૂજા. જિન-પ્રતિમાની પૂજા અને ભક્તિથી સ્વયં જિનેશ્વર બનવાનું છે. ટૂંકમાં જિનપ્રતિમા જિનેશ્વર બનવા માટેનું ઉત્તમ આલંબન છે.

## * જિન-પૂજાનો સામાન્ય વિધિ *

૧ : નાહીને પૂજા માટેનાં અલગ ચોખ્ખા-સ્વચ્છ કપડાં પહેરીને જિનમંદિરમાં જવું. જિનપૂજા સમયે ભાઈઓએ ધોતિયું અને ખેસ જ પહેરવો.

૨ : જિનપૂજાના સમય દરમિયાન અર્થાત્ ઘરેથી દેરાસરે જતાં, દેરાસરેથી પાછાં ઘરે જતાં અને દેરાસરમાં રહો તેટલા સમયમાં-જિનેશ્વર ભગવંતોના જીવન-પ્રસંગો તેમજ તેમનાં ઉપદેશ-વચનો સિવાય બીજી કોઈ પણ વાત કે વિષયને વિચારવાં નહિ. મનમાં સતત ભગવાનના નામનું રટણ કરવું. તેમના ગુણોનું ચિંતવન કરવું.

૩ : જિન-પૂજા માટે પોતાના જ કેસર, ધૂપ-અગરબત્તી વગેરે દ્રવ્યોનો ઉપયોગ કરવો. એવી સાનુકૂળતા ન હોય તો દેરાસરની પેઢી તરફથી વેચાણ અપાતાં એ દ્રવ્યોથી પૂજા કરવી. જિનપૂજા માટે અગરબત્તી, અક્ષત [ચોખા] પુષ્પ, નૈવેદ્ય, ફળ અને ઘીનો દીવો ઇત્યાદિ લઈ જવાં.

૪ : જિન-પૂજા કરતા સમયે ખેસના છેડાથી આઠ પડ કરી મોઢું અને નાક બાંધવું, અને શાંત ચિત્તથી, ભગવાને આપણા પર કરેલા ઉપકારોને યાદ કરતાં કરતાં તથા તે તે અંગના તેમના નવ અંગે પૂજા કરવી. આ નવ અંગ ક્રમશઃ આ પ્રમાણે છે :

૧ : ચરણુ ૨ : ઢીંચણુ ૩ : કાંડા ૪ : ખભા ૫ : મસ્તકનો મધ્યભાગ ૬ : લલાટ ૭ : કંઠ–ગળું ૮ : હૃદય ૯ : નાભિ.

જિનેશ્વર ભગવંતનાં આ નવ અંગની કેસરથી પ્રથમ પૂજા કરવી અને પછી ચરણે, ઢીંચણે, ખભે, માથે, અને હાથમાં પુષ્પ ચડાવવાં.

**પ્રભુની નવ અંગે પૂજા કરતાં ક્રમશઃ નીચે પ્રમાણે દુહા બોલવા :**

જલ ભરી સંપુટ પત્રમાં, યુગલિક નર પૂજંત,
ઋષભ–ચરણ–અંગૂઠડે, દાયક ભવજલ અંત—૧.
જાનુ બલે કાઉસ્સગ્ગ રહ્યા, વિચર્યા દેશવિદેશ,
ખડા ખડા કેવલ લહ્યું, પૂજો જાનુ નરેશ—૨.
લોકાંતિક વચને કરી, વરસ્યા વરસીદાન,
કર કાંડે પ્રભુ પૂજના, પૂજો ભવિ! બહુમાન—૩.
માન ગયું દોય અંસથી, દેખી વીર્ય અનંત,
ભુજાબલે ભવજલ તર્યા, પૂજો ખંધ મહંત—૪.
સિદ્ધશિલા ગુણ ઊજળી, લોકાંતે ભગવંત,
વસિયા તિણે કારણ ભવી, શિરશિખા પૂજંત—૫.
તીર્થંકર પદ પુણ્યથી, તિહુયણ જન સેવંત,
ત્રિભુવન તિલક સમા પ્રભુ, ભાલ તિલક જયવંત—૬.
સોળ પહોર દેઈ દેશના, કંઠ વિવર વર્તુલ,
મધુર ધ્વનિ સુર નર સુણે, તિણ ગળે તિલક અમૂલ—૭,
હૃદય કમલે ઉપશમ બલે, બાળ્યા રાગ ને રોષ,
હિમ દહે વનખંડને, હૃદય તિલક સંતોષ—૮.
રત્નત્રયી ગુણ ઊજલી, સકલ સુગુણ વિશ્રામ,
નાભિ કમલની પૂજના, કરતાં અવિચલ ધામ—૯.
ઉપદેશક નવ તત્ત્વના, તિણે નવ અંગ જિણંદ,
પૂજો બહુવિધ ભાવથી, કહે શુભવીર મુણીંદ—૧૦

❋ ભાવાર્થ ❋

જેવી રીતે સંપુટ (અંજલિ)માં જળ લઈ જુગલી-આઓએ ઋષભદેવના પગના અંગૂઠે પૂજા કરી હતી, તેવી રીતે હે ભવ્યો ! તમે પણ પૂજા કરી ભવરૂપી મહાસાગરને પાર પામો. ૧.

જે જાનુ (ઢીંચણ)ના બળથી કાઉસ્સગ્ગ ધ્યાનમાં રહેલા હતા, દેશવિદેશ વિચર્યા હતા, અને જેનાથી તેઓ ઊભા ઊભા કેવલજ્ઞાન પામ્યા હતા, તે નરેશ જગત્પ્રભુના જાનુને (હે ભવિજનો !) પૂજો ૨.

જે હાથના કાંડાથી પ્રભુએ લોકાંતિક દેવતાઓ કહી ગયા પછી વરસીદાન આપ્યું હતું, તેની પૂજા હે ભવિ ! બહુમાનથી કરો. ૩.

પ્રભુની અનંતવીર્ય-શક્તિ જોઈને બંને ખભામાંથી અભિમાન ગળી ગયું, નષ્ટ થયું, ને પોતાની ભુજાના (અંનત) બલથી–સ્વપરાક્રમથી પ્રભુ ભવરૂપી જળને તરી ગયા તે મહાન્ સ્કંધ–ખભાની પૂજા કરો. ૪.

લોકને અંતે ગુણથી ઊજળી-શુદ્ધ એવી સિદ્ધશિલા છે. ત્યાં ભગવાન રહેલા છે. તેથી ભવી લોકો શિરશિખા મસ્તકને પૂજે છે. ૫.

તીર્થંકર નામકર્મરૂપી પુણ્યના પ્રભાવથી જેમની ત્રણે લોકના જીવો પૂજા કરે છે, તે ત્રિભુવનપૂજ્ય જગત-શિરોમણિ પ્રભુના લલાટે તિલક કરો કે જેથી તમે જયવંત થશો. ૬.

જે કંઠના અંદરના ગોળ પોલાણ ભાગથી વાણીને કાઢી પ્રભુએ ઉપદેશ આપ્યો-જેનો મધુર ધ્વનિ સાંભળીને મનુષ્યો તથા દેવતાઓ અમૂલ્ય લાભ પામ્યા. તે કંઠ-ગળા ઉપર તિલક કરો કે જે તમને અમૂલ્ય લાભ આપનાર છે. ૭.

જેમ [ઠંડા પણ] હિમ-બરફ પડવાથી વનનો ભાગ બળી જાય છે-નાશ પામે છે તેમ (ઠંડા પણ) ઉપશમ બળથી-સમરસ ભાવથી હૃદય કમળમાં પ્રકટેલી અત્યંત શાંતિ-શીતળતાથી રાગ-દ્વેષરૂપ કર્મવનને પ્રભુએ બાળી નાંખ્યો. એવા પ્રભુના હૃદય ઉપર તિલક કરી તમે સંતોષ પામો. ૮.

જે નાભિ સ્થાને રહેલા કમલના ધ્યાનથી સર્વ સરસ ગુણના ભાજન (પાત્ર) રૂપ જ્ઞાન-દર્શન-ચારિત્રમય શુદ્ધ રત્નત્રયીની પ્રાપ્તિ થાય છે, તે નાભિ કમળની પૂજા કરો કે જે કરતાં-કરવાથી અવિચલ ધામ એટલે મોક્ષસ્થાન મળે છે. ૯.

પ્રભુ નવ તત્ત્વના ઉપદેશક છે, એથી જિનેશ્વરપ્રભુનાં નવે અંગે અનેક પ્રકારે (કેસર, ફૂલ આદિ વડે) પૂજા કરો એમ મુનિઓમાં ઈન્દ્ર સમાન એવા (શુભ) જગવત્સલ શ્રી વીર પ્રભુ કહે છે.

'શુભવીર' એ પરથી શુભવિજયના શિષ્ય વીરવિજયજી એ કવિનું નામ સૂચવાય છે). ૧૦.

## * નવ અંગનો પરિચય અને પ્રાર્થના.... *

ઉપાધ્યાય ભગવંત શ્રી વીરવિજયજી મહારાજે આ દુહાઓ દ્વારા ભગવાને કરેલ તપ, ત્યાગ અને સાધનાનું વર્ણન કર્યું છે. ચોવીસ તીર્થંકરમાંથી કોઈ પણ તીર્થંકર ભગવાનની તિલક પૂજા કરીએ ત્યારે જે અંગે સ્પર્શ કરીએ તે સમયે નીચે મુજબ ભગવાનનું જીવંત ચિત્ર મનમાં કલ્પવું-વિચારવું.

### ❋ ચરણ ❋

હે ભગવંત ! ભવ્યજીવોને પ્રતિબોધ પમાડવા આપે અનેક જગાએ વિચરણ કર્યું છે [ ચાલ્યા છો ] આપના અમારા પર અનહદ અને અનંત ઉપકારછે. આથી આપના ચરણ ધોઈને પીવા યોગ્ય છે.

હે ભગવંત ! આપની ચરણપૂજાના પ્રભાવથી મને એવું બળ મળો કે જેથી હું પણ એવું વિચરણ કરી શકું કે જેનાંથી સ્વ-પરહિત થાય !

[ ભગવાન મહાવીર સ્વામીની પૂજા કરતા સમયે, ભગવાન મહાવીરે બાળસ્વરૂપે અંગૂઠાથી મેરુ કંપાયમાન કરી આત્માની અનંત શક્તિનો પરિચય કરાવ્યો હતો તે પ્રસંગ યાદ કરવો ]

*** ઢીંચણ ***

હે ભગવંત ! આપે જરાય થાકયા વિના ઊભા પગે રહીને ઉત્તમ અને ઉત્કૃષ્ટ આત્મ-સાધના કરી છે, આત્મ-ધ્યાન ધર્યું છે. સાધના અને ધ્યાનથી આપના ઢીંચણ [ જાનુ ] પણ પૂજ્ય બન્યા છે.

હે કૃપાળુ ! આપની જાનુ-પૂજાના પ્રભાવથી મને પણ એવી શક્તિ પ્રાપ્ત થાવ કે હું પણ અડગ પણે અને અપ્રમત્તભાવે આત્મધ્યાન ધરી શકું !

## ◘ કાંડા-હાથ ◘

હે ભગવંત ! તમારા હાથની કયા શબ્દોમાં પ્રશંસા કરું ? આપની પાસે અઢળક ઋદ્ધિ અને સિદ્ધિ હતી છતાંય પરમાત્મસ્વરૂપ પ્રાપ્ત કરવા આપે સ્વેચ્છાએ આપના હાથે જ તેનું દાન કરી દીધું ! અને તે પણ એવી રીતે કે જમણા હાથે કરેલા દાનની ડાબા હાથને પણ ખબર ન પડી.

અને આ જ આપના હાથે, આપના શરણે આવેલા-ને અભયનું વચન પણ આપ્યું. ત્યાગ અને અભયદાન-થી આપના હાથ [ કાંડા-હથેલી ] પણ પૂજ્ય છે.

હે ભગવંત ! આપના હાથની પૂજાના પ્રભાવથી મારા હૈયે પણ એવી ભાવના પ્રકટો કે હું પણ સમસ્ત ભૌતિક પદાર્થોનો ત્યાગ કરી શકું અને મને એવું જીવન જીવવાનું બળ મળો કે મારા પરિચયમાં આવનાર સૌ કોઈ નિર્ભયતા અનુભવે.

❋ ખભા-સ્કંધ ❋

હે ભગવંત ! આપે આપના ખભામાંથી અભિમાન દૂર ફગાવી દીધું. માણુસ અભિમાન કરે છે ત્યારે ખભા ઊંચા થઈ જાય છે. હે પ્રભુ ! આપ અનંતબળી છતાંય ગમે તેવા જુલ્મ કરનારા મામૂલી માણુસ સામે પણ ગર્વથી ખભા ઊંચા ન કર્યાં.

હે ભગવંત ! આપે અનેક જીવોના આત્મોદ્ધારની જવાબદારી આપના ખભે ઉપાડી હતી અને તે પણ કોઈ જાતના બદલાની અપેક્ષા વિના ! આપે જેની જવાબદારી ઉપાડી તેને આપે તારી દીધા. જે ખભાએ આવી ભારે જવાબદારી સફળતાથી ઉપાડી તે ખભાની હું પૂજા કરું છું.

હે ભગવંત ! આપની સ્કંધ-પૂજાથી મને પણ એવી તાકાત મળો કે મારા ફાળે આવેલી કલ્યાણ જવાબદારી હું કશી જ આશા કે અપેક્ષા વિના સફળતાથી વહન કરી શકું ! તેમજ ખભામાંથી ને હૃદયમાંથી મારું અભિમાન ચાલ્યું જાય !

## ✠ મસ્તક ✠

હે ભગવંત ! આપને જ્યારે અને જ્યાં પણ જોયા છે ત્યાં અને ત્યારે આપને સદાય આત્મચિંતન કરતાં જોયા છે. આપે હરહંમેશ સર્વ જીવોનું આત્મ-કલ્યાણ જ વિચાર્યું છે. આત્મચિંતન અને આત્મધ્યાનમાં સદાય લયલીન એવું આપનું મસ્તક ખરેખર પૂજ્ય છે.

હે ભગવંત ! આપની મસ્તક પૂજાના પ્રભાવથી મને પણ એવું બળ મળો કે હું હરપળે આત્મ-ચિંતનમાં રહું. પરહિતના વિચારમાં રહું !

## ✠ લલાટ ✠

હે ભગવંત! આપ તો ત્રિકાળજ્ઞાની હતા. આપના 'લલાટે શું લખ્યું' છે તેની આપને જાણ હતી; છતાંય આપે આપની આત્મસાધના અવિરત ચાલુ રાખી હતી. અજ્ઞાનીઓએ આપને અનેક પ્રકારનાં કષ્ટ આપ્યાં તો એ પ્રસંગે આપ વિચલિત ન થયા. અને દેવોએ, રાજાઓએ, શ્રીમંતોએ આપની પૂજા કરી તોપણ આપ હરખાઈ ન ગયા. પૂજા અને પીડાના પ્રસંગોમાં આપ સમભાવમાં જ રહ્યા. આપના લલાટની રેખાઓ અને નસોમાં કોઈ જ ફેરફાર ન થયો. આવા સમ અને શાંત લલાટની હું પૂજા કરું છું.

હે ભગવંત! આપના લલાટની પૂજાના પ્રભાવથી મને પણ એવું બળ મળો કે જેથી લલાટના લેખ મિથ્યા કરવા કે લલાટે લખેલાં દુઃખોમાં રાહત મેળવવા હું દોરા-ધાગા-મંત્ર-માદળિયા વગેરેના પ્રલોભનમાં ન પડું અને અવિરત આત્મસાધના કરતો સુખ અને દુઃખમાં સમભાવી રહી શકું!

★ કંઠ ★

હે ભગવંત ! આપ જરૂરી પ્રસંગે જરૂર પૂરતું જ બોલ્યા. આપે અમારી અનેક શંકાઓનું સમાધાન કર્યું છે. આપે અમારા આત્મોદ્ધાર માટે તત્ત્વો અને મોક્ષ-માર્ગની મંજુલ અને દિવ્ય વાણીનો સ્રોત વહાવ્યો છે. આપના કંઠે તો કામણ કર્યું છે. આપને સાંભળી અનેક જીવો ભવસાગર તરી ગયા છે.

હે ભગવંત ! આપના કંઠની પૂજાના પ્રભાવથી મારામાં એવી શક્તિ પ્રકટો કે જેથી મારી વાણીથી મારું અને સૌનું હિત થાય અને આપના મૌનની જેમ મારા મૌનથી આત્મનિષ્ઠ બની શકું !

*** હૃદય ***

હે ભગવંત! આપના હૃદયની–હૈયાની કલ્પના કરું છું અને મારું રોમે રોમ ઉલ્લસિત થઈ જાય છે. આપનું હૈયું ઉપશમભર્યું, નિસ્પૃહ, કોમળ અને કરુણા–સભર હતું. આપના હૈયે સદાય અને સતત જીવમાત્ર માટે પ્રેમનો સાગર ઘૂઘવતો હતો. આપનું હૃદય મૈત્રી-ભાવથી ધબકતું હતું. આપના શરણે આવનારને આપ હૈયે લગાડતા હતા.

હે પ્રભુ! આપના હૃદયની પૂજાના પ્રભાવથી એ જ ઝંખું છું કે મારા હૈયે સદાય નિસ્પૃતા, પ્રેમ, કરુણા, અને મૈત્રીભાવના જ ધોધ વહે.

* નાભિ *

હે ભગવંત ! આપે ધ્યાનની અમને પ્રક્રિયા શીખવી. શ્વાસોચ્છ્વાસને નાભિમાં સ્થિર કરી અને મનને આત્માના શુદ્ધ સ્વરૂપમાં જોડી, ધ્યાતા, ધ્યાન, અને ધ્યેયને એક-રૂપ બનાવી આપે ઉત્કૃષ્ટ સમાધિ સિદ્ધ કરી.

હે પ્રભો ! આપની નાભિની પૂજાના પ્રભાવથી મને એવી શક્તિ મળો કે મારા પ્રાણને-શ્વાસને નાભિમાં સ્થિર કરી હું પણ આત્માનું સહજ સ્વરૂપ-ભાવસમાધિ અનુભવી શકું !

જિનેશ્વર ભગવંતની આ પ્રમાણે શુદ્ધ ભાવથી પૂજા કરવાથી મન નિર્મળ બને છે. શુભ ભાવનાઓ જાગે છે અને નિર્મળ મન અને શુભ ભાવનાથી ચારિત્ર સુદૃઢ થાય છે. ચારિત્ર સુદૃઢ થવાથી કર્મોનો ક્ષય થાય છે. કર્મક્ષયથી આત્મા પરમાત્મા બને છે. જીવ શિવ બને છે. જૈન જિન બને છે. શ્રાવક સાધક-સાધુ બની સિદ્ધ થાય છે.

આવી ભાવના સાથે જિન-પૂજા કર્યા પછી ચૈત્યવંદન કરવું. [ ચૈત્ય-વંદનની વિધિ અન્યત્ર આપી છે ]

# ગદ્ય--પ્રાર્થના

## રોજ બોલીને પ્રાર્થના કરો–

## અરિહંત પરમાત્માને પ્રાર્થના

(પિંડવાડા શિબિરમાં યુવાનો સમક્ષ આપેલા પ્રવચનના આધારે)

**હે અરિહંત! હે ભગવંત! હે વીતરાગ! હે અભય-દાતા! હે આત્મોદ્ધારક! હે કર્મવિનાશક! હે ગીર્વાણ ગુરુ ગુરુ! હે ચારિત્રમૂર્તિ! હે છદ્માસ્થભાવાતીત! હે જગદ્‌ગુરુ જિનેશ્વર! હે ત્રિભુવનપતિ તીર્થંકર! હે દીનોદ્ધારક! હે ધર્મધુરંધર! હે નિરંજન નિર્વિકાર નાથ! હે પરમ પુરુષ પરમેશ્વર! હે બલહીનના બલ! હે અનાથના નાથ! હે બાંધવહીનના બાંધવ! હે ભાગ્યવિધાતા! હે મંગલમૂર્તિ! હે ભવ્યસ્ફૂર્તિ! હે કલ્યાણ આકૃતિ! હે મોક્ષદાતા! હે યતીન્દ્ર! હે ગણધરસેવિત! હે રાજેશ્વરપૂજિત! હે લોકાલોક પ્રકાશક! હે વિશ્વજીવ વત્સલ! હે શાસન-નાયક! હે સત્ત્વ શિરોમણિ! હે હિતહેતુ! હે ક્ષમા-મૂર્તિ! હે જ્ઞાનાનંદપૂર્ણ!**

ઇત્યાદિ અનેકાનેક સત્ય વિશેષણોથી અલંકૃત! હે અમારા હૃદયના સ્વામી અરિહંત પ્રભુ! આ જગતમાં આપ જ એક એવા છો કે આપનું ધ્યાન કરનાર ભવ્ય જીવ આપના જેવા બને છે! ભમરીના ગુંજારવે ઈયળ ભમરી બને છે, એમ ઉક્ત વિશેષણોથી આપનું ગુંજારવ

કરતાં કરતાં હું પણ એવા વિશેષણવાળો બનું, એ પ્રાર્થના છે.

હે અરિહંત પરમાત્મા! મારે તું જ એક આધાર છે! તારી કૃપાથી, તારા પ્રભાવથી જ આ અનંત દુઃખમય સંસાર છૂટે અને અનંત સુખમય મોક્ષ મળે! સંસાર રાગદ્વેષ આદિ કારોના અકારણે છે, આપવાને વીતરાગ છો, નિર્વિકાર છો, તેથી આપનું જ ધ્યાન ધરતાં ધરતાં રાગદ્વેષાદિ ઓછા થતા આવે છે! પછી એનો સર્વથા અંત આવે છે અને એટલે જ સંસારથી છુટાય છે ને મોક્ષ મળે છે! આ તમને જ ધ્યાનમાં લાવતાં બને છે. એટલે તમારા પ્રભાવે જ મોક્ષ મળે છે.

હે પ્રભુ! સંસારને તમે ઠીક જ ઓળખાવ્યો છે કે 'સંસાર દુઃખમય છે' કેમ કે એમાં વાતેવાતે જન્મવું અને મરવું પડે છે ઊંચા દેવતાઈ જનમમાંય મરવું પડે છે. મરીને હલકા અશુચિ સ્થાનમાં જવું પડે, ત્યાં ગંદો આહાર લેવો પડે, વળી સંસારમાં રોગ, શોક, દારિદ્રય પરાધીનતા, મારપીટ, અપમાન, અકસ્માત, ચિંતા, ભય, સંતાપ, વિગેરે વિગેરે દુઃખોનો પાર નથી. એટલે જ પ્રભુ! આખો ય સંસાર છોડવાનો જ પુરુષાર્થ કરી આપે આપના આત્માને સંસારથી ઉગારી લીધો.

તેથી આપની પાસે આ જ માગું છું કે આવા દુઃખમય-વિટંબણામય અને પરાધીનતા-નાલેશીભર્યો સંસાર

પર મને ઘૃણા થાઓ, આપ મને ગ્લાનિ-ઉદ્વેગ-અરુચિ કરાવી અને યોગ્ય પુરુષાર્થ કરાવી મોક્ષ અપાવો.

હે કરુણાસિંધુ! આપે તો પૂર્વ ભવેથી જ કેટલી બધી અદ્ભુત ધર્મસાધના કરી! હે મહાવીરદેવ! આપે તો એક લાખ વરસ સુધી સતત માસખમણના પારણે માસખમણ કર્યાં. આની સામે હું શું કરું છું? ખાન-પાનનો સંસાર મને ક્યાં ખૂંચે છે? મને ખાવું ખોટું ક્યાં લાગે છે? પ્રભુ! એ કુટિલ આહારસંજ્ઞાથી મને બચાવ. તારું એવું હું ધ્યાન કરું કે પાપી આહારસંજ્ઞા પર મને ઘૃણા વરસે!

હે ત્રિભુવનના નાથ! તમને જનમતાં સ્વર્ગની મોટી સામ્રાજ્ઞી દિક્કુમારીઓએ નવરાવ્યા હુલરાવ્યા, રાસગીત ગાયાં, અને ૬૪ ઇન્દ્રોએ મેરુ શિખર પર તમારા જન્માભિષેક ઊજવ્યા! કેટલું મોટું પુણ્ય! છતાં પ્રભુ! તમે લેશ પણ અભિમાન ન કર્યું. કેમ કે આમાં કોઈ આત્મ-પુરુષાર્થ ન દેખ્યો, આત્માસિદ્ધિ ન દેખી, કિંતુ પુણ્યકર્મની લીલા દેખી. પરની લીલામાં શા અભિમાન કરવાં? ત્યારે મને રાખ ને ધૂળ જેવું મળ્યું છે છતાં હું અભિમાનમાં મરું છું.

હે જગતના નાથ! આપને જનમથી રાજશાહી સુખો મળ્યાં, રાજવૈભવ મળ્યા, છતાં આપ એમાં લેપાયા નહીં, ખુશી ન માની, કેમ કે એથી આત્માને કશું હિત

થવાનું ન દેખ્યું. આની સામે મને શું મળ્યું છે ? ઠીકરાં! મળવામાં કશો ભલીવાર નહીં છતાં મારે આસક્તિનો પાર નથી. પ્રભુ! મારું શું થશે ? મને એવું બળ આપ કે હું આ દુનિયાના સત્તા-વૈભવ અને ભોગસુખોને તુચ્છ દેખું, ખતરનાક દેખું, ને એના પર મને જરાય માન ન થાય, રાગ ન થાય, તું મારે કોહિનૂર હીરા જેવો મળ્યો. વળી એવો જ કોહિનૂર હીરા જેવો તારો ધર્મ મળ્યો. એની આગળ આ સુખ-સંપત્તિ કાચના ટુકડા જેવી. એમાં હું શું કામ મોહ કરુ ? જો તારી આગળ એને કિંમતી માનું, તો તો એનો અર્થ એ કે મેં તને ઓળખ્યો જ નથી.

હે જિનેશ્વર ભગવાન! તમે ચારિત્ર લઈ કેટલી બધી તપસ્યા કરી! કેવા પરિષહો ને ઉપસર્ગો સહ્યા! કેવું દિવસ ને રાત ઊભા ઊભા ધ્યાન કર્યું! આમાં જરાય સુકોમળતા ન રાખી. કિંતુ અતિ કોમળ શરીરે ભારે સહિષ્ણુતા રાખી. આની સામે મારી પાસે શી સાધના છે ? નાથ ! મને એવી સાધનાઓ કરવાનું બળ આપ, સહિષ્ણુ બનાવ.

હે જગદીશ! આપે જે નવતત્ત્વ બતાવ્યાં એવાં કોણ બતાવનાર છે? 'છેક પૃથ્વીકાય, અપકાય, અને નિગોદ સુધીના ય જીવ હોય છે' એ બતાવનાર આપ જ છો. એ બતાવીને એની રક્ષા કરવા સુધીનો પણ અહિંસા-ધર્મ આપે જ બતાવ્યો; એટલે જ સૂક્ષ્મ જીવોને અભય-

જ્ઞાન દેવા સુધીનું સાચું સાધુ–જીવન આપને ત્યાં જ મળે છે. તાપસ થઈને જંગલમાં રહ્યા પરંતુ ત્યાં પાણી–વનસ્પતિ વિગેરેના જીવોની હિંસા કરવાની છૂટ; એટલે ત્યાં સર્વથા અહિંસામય ચારિત્ર ક્યાં ? ખરેખર સર્વથા સંપૂર્ણ અહિંસાનું જીવન કોઈ હોય તો જૈન ચારિત્રજીવન જ છે. અને માનવ ભવમાં જ એ થઈ શકે. એમ બતાવી અમને આ માનવ ભવનું સાચું એ જ કર્તવ્ય દેખાડ્યું.

હે જગદાધાર! એમ આશ્રવ–સંવરનો વિવેક પણ આપણા જ શાસનમાં મળે છે. 'અવિરતિ એ કર્મ-બંધનનું કારણ છે,' એવું આપના સિવાય કોણ બતાવે છે? 'પાપ ન કરીએ છતાંય જો એના ત્યાગની પ્રતિજ્ઞા નથી, વિરતિ નથી, તોય કર્મ બંધાય.' એની આપના સિવાય બીજા કોઈ ધર્મવાળાને સૂઝ નથી. એમ સમિતિ, ગુપ્તિ પણ આપના જ ધર્મમાં મળે છે. વિસ્તારથી પ્રાયશ્ચિત્તનું વર્ણન આપને ત્યાં જ તેમ જ કર્મસિદ્ધાંત, ૧૫૮ કર્મ, એની પ્રકૃતિ–સ્થિતિ, રસ, પ્રદેશ, એના બંધ, ઉદય ઉદીરણા–સંક્રમણ, અપવર્તના, નિકાચના ૧૪ ગુણ સ્થાનક, અનેકાન્તવાદ ઈત્યાદિ પર બહુ મોટા વિસ્તારથી વિચાર આપે જ બતાવ્યો છે. જૈનધર્મની જ આ વિશિષ્ટતાઓ છે. આ પ્રકાશ વિના કલ્યાણ શે સધાય ?

હે અરિહંત દેવ ! અજ્ઞાનના અંધકારમાં રખડતા અમને આપના જીવનનું આલંબન આપી ભવ્ય ઉપકાર કર્યો છે કેમકે એથી અમને રાંકને આરાધનાનું

જેમ મળે છે, ને આપના આલંબને મન પવિત્ર તથા ઉચ્ચ સાધનાની પ્રેરણાભર્યું રહે છે આપનો અનુપમ અનુગ્રહ છે. વળી હે પ્રભુ, આપે જીવ–અજીવાદિ તત્ત્વોનો, સિદ્ધાંતોનો, અને મોક્ષમાર્ગનો સત્યપ્રકાશ આપી અમારા પર અનહદ ઉપકાર કર્યો છે. માટે જ આપ ખરેખરા ધર્મચક્રવર્તી છો. આપની સેવાના પ્રભાવે અમને એ પ્રકાશ મળે, એ મોક્ષમાર્ગની ઉચ્ચ સાધના મળે, અમારી પાપી કામક્રોધાદિ વાસનાઓ મટે, આહારાદિ પાપ સંજ્ઞાઓ મટે, અમારા રાગ–દ્વેષ કપાતા જાય, અને અમને જડ પદાર્થ યાવત્ કાયા પર પણ મમતા-આસક્તિ ન રહે, તથા કેવલ અમારા આત્મામાં લીન બનીએ, જ્ઞાન–દર્શન–ચારિત્રમાં જ તન્મય થઈએ, એ જ અમારી પ્રાર્થના છે.

# ચૈત્યવંદનો

## (૧) શ્રી શત્રુંજય ચૈત્યવંદનો.

શ્રી શત્રુંજય સિદ્ધક્ષેત્ર, દીઠે દુર્ગતિ વારે,
ભાવ ધરીને જે ચઢે, તેને ભવવાર ઉતારે. ૧.

અનંત સિદ્ધનું એહ ઠામ, સકલ તીર્થનો રાય.
પૂર્વ નવાણું ઋષભદેવ જ્યાં ઠવિયા પ્રભુ પ્રાય. ૨.

સૂરજ કુંડ સોહામણો, કવડ જક્ષ અભિરામ,
નાભિરાયા-કુલમંડનો, જિનવર કરું પ્રણામ. ૩.

## (૨)

## * શ્રી સીમંધરસ્વામીનું ચૈત્યવંદન *

શ્રી સીમંધર જગધણી! આ ભરતે આવો,
કરુણાવંત! કરુણા કરી, અમને વંદાવો.
સકલ ભક્ત તુમે ધણી, જો હોવે અમ નાથ,
ભવોભવ હું છું તાહરો, નહીં મેલું હવે સાથ....૧

સયલ સંગ છંડી કરી, એ ચારિત્ર લઈશું,
પાય તુમારા સેવીને, શિવરમણી વરશું.
એ અલજો મુજને ઘણો, પૂરો સીમંધર દેવ!
ઈહાં થકી હું વિનવું, અવધારો મુજ સેવ....૨

(૩)

## * શ્રી પાર્શ્વપ્રભુ ચૈત્યવંદન *

જય ચિંતામણિ પાર્શ્વનાથ, જયત્રિભુવન સ્વામી
અષ્ટ કર્મ રિપુ જીતીને, પંચમ ગતિ પામી....૧

પ્રભુ નામે આનંદ કંદ, સુખ સંપત્તિ લહીયે,
પ્રભુ નામે ભવ ભવ તણાં, પાતક સબ દહીયે....૨

ૐ હ્રીં વર્ણ જોડી કરીએ, જપીએ પારસ નામ,
વિષ અમૃત થઈ પરિણમે, પાવે અવિચળ ઠામ....૩

(૪)

તુજ મૂરતિને નીરખવા, મુજ નયણાં તરસે,
તુમ ગુણગણને બોલવા, રસના મુજ હરખે....૧

કાયા અતિ આનંદ મુજ, તુમ પદ યુગ ફરસે,
તો સેવક તાર્યા વિના, કહો કિમ હવે સરશે ?....૨

એમ જાણીને સાહીબાએ, નેક નજર મોહે જોય,
**જ્ઞાનવિમલ** પ્રભુ નજરથી, તે શું જેહ નવિ હોય....૩

(૫)

પદ્મપ્રભ ને વાસુપૂજ્ય, દોય રાતા કહીએ,
ચંદ્રપ્રભને સુવિધિનાથ, દો ઉજ્જવલ લહીએ....૧

મલ્લિનાથ ને પાર્શ્વનાથ, દો નીલા નીરખ્યા,
મુનિસુવ્રત ને નેમનાથ, દો અંજન સરિખા....૨

સોળે જિન કંચન સમા એ, એવા જિન ચોવીશ.
**ધીરવિમળ** પંડિત તણો, **જ્ઞાન વિમળ** કહે શિષ્ય....૩

## ✠ સ્તવન વિભાગ ✠

### (૧)

જિન તેરે ચરણ કી શરણ ગ્રહું, હૃદય કમલ મેં ધ્યાન ધરત હું,
શિર તુજ આણ વહું....જિન ૧

તુજ સમ ખોળ્યો દેવ ખલક મેં, પેખ્યો નહીં કબહું....જિન. ૨

તેરે ગુણ કી જપું જયમાલા, અહનિશ પાપ દહું....જિન. ૩.

મેરે મનકી તુમ સબ જાનો, ક્યા મુખ બહોત કહું....જિન. ૪.

કહે જસ વિજય કરો ત્યું સાહિબ, જ્યું ભવ દુઃખ ન લહું....જિન. ૫.

(૨)

ક્યું કર ભક્તિ કરૂં પ્રભુ તેરી....?

ક્રોધ, લોભ-મદ-માન વિષય રસ છાંડત ગેલ ન મેરી.

કર્મ નચાવે તિમહી નાચત માયા વશ નટચેરી, પ્રભુ૦

દૃષ્ટિ રાગ દૃઢ બન્ધન બાંધ્યો, નિકસન ન રહી શેરી, પ્રભુ૦

કરત પ્રશંસા સબ મિલ અપની પરનિંદા અધિકેરી, પ્રભુ૦

કહત માન જિન ભાવ ભગતિ બિન શિવગતિ હોત ન મેરી, પ્રભુ૦

(૩)

લાગ્યા નેહ જિન ચરણે હમારા, જિમ ચકોર ચિત્ત ચંદ પિયારા.
સુનત કુરંગ નાદ મન લાઈ, પ્રાણ તજે પણ પ્રેમ નિભાઈ,
ઘન તજ પાણી ન જાચત જાઈ, એ ખગ ચાતક કેરી વડાઈ
લાગ્યા નેહ....૧

જલત નિ:શંક દીપકે માંહી, પીર પતંગ હું હોત કે નાહીં ?
પીડા હોત તદપણ તિંહા જાહી, શંકા પ્રીતિ વશ આવત નાહીં
લાગ્યા નેહ....૨.

મીન મગન નહીં જલથી ન્યારા, માનસરોવર હંસ આધારા
ચોર નીરખનિશિ અતિ અંધિયારા, કેકી મગન સુન કુન ગરજારા.
લાગ્યા નેહ....૩.

પ્રણવ ધ્યાન જિમ જોગી આરાધે, રસરીતિ રસ સાધક સાધે
અધિક સુગંધ કેતકી મેં લાધે, મધુકર તસ સંકટ નાહિ વાધે.
લાગ્યા નેહ....૪

જાકા ચિત્ત જિહાં થિરતા માને, તાકા મરમ તો તેહિ જ જાને.
જિન ભકિત હિરદે મેં ઠાને, ચિદાનંદ મન આનંદ માને.
લાગ્યા નેહ....૫.

(૪)

આનંદ કી ઘડી આઈ સખીરી આજ આનંદ કી ઘડી આઈ,
કરકે કૃપા પ્રભુ દરિસણુ દીને, ભવ કી પીડ મિટાઈ,
મોહનિદ્રા સે જાગ્રત કરકે, સત્યકી સાન સુનાઈ,
તન-મન હર્ષ ન માઈ....સખીરી આજ....૧.

નિત્યાનિત્યકા તોડ બતા કર, મિથ્યા દૃષ્ટિ હરાઈ,
સમ્યગ્ જ્ઞાન કી દિવ્ય પ્રભા કો, અંતરમેં પ્રગટાઈ,
સાધ્ય-સાધન દિખલાઈ....સખીરી આજ....૨.

ત્યાગ–વૈરાગ્ય સંયમ કે યોગ સે, નિસ્પૃહ ભાવ જગાઈ,
સર્વસંગ પરિત્યાગ કરા કર, અલખ ધૂન મચાઈ,
અપગત દુઃખ કહલાઈ....સખીરી આજ....૩.

અપૂર્વ કરણુ ગુણુસ્થાનક સુખકર, શ્રેણી ક્ષપક મંડવાઈ,
વેદ તીનોંકા છેદ કરા કર, ક્ષીણુ મોહી બનવાઈ,
જીવન-મુક્તિ દિલાઈ....સખીરી આજ....૪.

ભક્ત વત્સલ પ્રભુ! કરુણાસાગર, ચરણુ શરણુ સુખદાઈ,
જસ કહે ધ્યાન પ્રભુકા ધ્યાવત, અજર અમર પદ પાઈ,
દ્વંદ્વ સકલ મિટ જાઈ....સખીરી આજ....૫.

(૫)

કામ સુભટ ગયો હારી રે....થાશું કામ સુભટ ગયો હારી.
રતિપતિ આણુ વસે સહુ સુરનર, હરિહર બ્રહ્મ મુરારિ રે....થાશું.
ગોપીનાથ વિગોપિત કીનો, હર અર્ધાંગિત નારી રે....થાશું.
તેહ અનંગ કિયો ચકચૂરા, એ અતિશય તુજ ભારી રે....થાશું.
તેહ સાચું જિમ નીર પ્રભાવે, અગ્નિ હોવત સવી છારી રે...થાશું.
પણ વડવાનલ પ્રબલ જબ પ્રગટે, તબ પીવત સવિ વારી રે....થાશું.
એણી પરે તેં અતિ દહવટ કીનો વિષય અરત્તિ રતિ વારી રે....થાશું.
**નય વિમલ** પ્રભુ તુંહિ નીરાગી, મહામોટો બ્રહ્મચારી રે....થાશું.

(૬)

આવો મુજ મન ધામ, પ્રભુજી આવો....
સમ અમારા તુમે ન માનો હાથ ન ઝાલો દામ
નેહ નજરશું કોઈ ન નિહાળો, વીતરાગ તુજ નામ....પ્રભુજી.

કોઈ હરિહર બંભન માને, કોઈને મન રામ,
હું સરાગી વીતરાગનો રે, મોહિયો ગુણ ગ્રામ....પ્રભુજી.

તુંહી તુંહી તુંહી તુંહી જાપ જપંતા આમ,
કેઈ શુભ રાગે ભવ તર્યા એમ, કેતા કહું સ્વામ....પ્રભુજી.

લહે સરાગી શુભભાવશું વીતરાગતા પરિણામ,
તેહને શી ખોટ જસ શિર, તુંહી આતમરામ....પ્રભુજી.

(૭)

જિણુંદા ! વે દિન ક્યું ન સંભારે.
સાહિબ તુમ હમ સમય અનંતો, ઈકઠા ઈણુ સંસારે....જિણુંદા.

આપ અજર–અમર હોઈ બેઠે, સેવક કરીય કિનારે,
મોટા જેહ કરે તે છાજે, તિંહા તુમતે કુણુ વારે....જિણુંદા.

ત્રિભુવન ઠકુરાઈ અબ પાઈ, કહો તુમહો કુણુ સારે,
આપ ઉદાસીન ભાવ મેં આયે, દાસકું ક્યું ન સુધારે....જિણુંદા.

તુંહી તુંહી તુંહી તુંહી, તુંહી જે ચિત્ત ધારે,
યાહી હેતુ જે આપ સ્વભાવે, ભવજલ પાર ઉતારે...જિણુંદા.

જ્ઞાનવિમલ ગુણ પરમાનંદે, સકલ સમીહિત સારે,
બાહ્ય અભ્યંતર ઇતિ ઉપદ્રવ અરિયણુ દૂર નિવારે....જિણુંદા.

(૮)

## : શ્રી સીમંધર જિન સ્તવન :

તારી મૂરતિએ મન મોહ્યું રે....મનના મોહનિયા.
તારી સૂરતિયે જગ સોહ્યું રે....જગના જીવનિયા....૧.

તુમ જોતાં સવિ દુરમતિ વીસરી, દિન રાતડી નવી જાણી,
પભુ ગુણ ગુણ સાંકળશું બાંધ્યું, ચંચલ ચિત્તડું તાણી રે....
મનના....૨.

પ્રહેલાં તો એક કેવલ હરખે, હેજાલુ થઈ હળિયો,
ગુણ જાણીને રૂપે ભલિયો, અભ્યંતર જઈ મળિયો રે....
મનના....૩.

વીતરાગ ઈમ જસ નિસુણીને, રાગી રાગ કરે,
આપ અરૂપી રાગ નિમિત્તે, દાસ અરૂપ કરેહ રે....
મનના....૪.

શ્રી સીમંધર તું જગબંધુ, સુંદર તાહરી વાણી,
મંદર ભૂધર અધિક ધીરજધર, વંદે તે ધન્ય પ્રાણી રે....
મનના....૫.

શ્રી શ્રેયાંસનરેસર નંદન, ચંદન શીતલ વાણી,
સત્યકી માતા વૃષભ લંછન, પ્રભુ જ્ઞાનવિમલ ગુણ ખાણી રે....
મનના....૬.

## ✠ શ્રી સિદ્ધગિરિજીનાં સ્તવનો ✠

### (૧)

( રાગ–દુર્ગા )

ક્યું ન ભયે હમ મોર....વિમલગિરિ, ક્યું ન ભયે હમ મોર....૧.

સિદ્ધવડ રાયણ રુખકી શાખા, ઝુલત કરત ઝકોર, વિમલગિરિ....૨.

આવત સંઘ રચાવત અંગિયાં, ગાવત ગુણ ઘમઘોર-
વિમલગિરિ....૩.

હમ ભી છત્રકલા કરી નિરખત, કટને કર્મ કઠોર....
વિમલગિરિ....૪.

મૂરત દેખ સદા મન હરખે, જૈસે ચંદે ચકોર....
વિમલગિરિ....૫.

શ્રી રિસહેસર દાસ તિહારો, અરજ કરત કરજોર...
વિમલગિરિ....૬.

(૨)

મોરા આતમરામ! કુણ દિન શેત્રુંજે જાશું....
શેત્રુંજા કેરી પાજે ચઢંતાં ઋષભ તણાં ગુણ ગાશું....
મોરા....૧.

એ ગિરિવરનો મહિમા સુણીને. હિયડે સમકિત વાસ્યું....
જિનવર ભાવ સહિત પૂજીને, ભવે ભવે નિર્મલ થાશું....
મોરા....૨.

મન–વચ–કાયા–નિર્મળ કરીને, સૂરજ કુંડે ન્હાશું...
મરુદેવીનો નંદન નીરખી, પાતક દૂરે પલાશ્યું....મોરા....૩.

ઈણ ગિરિ સિદ્ધ અનંતા હુઆ, ધ્યાન સદા તસ ધ્યાસું....
સકલ જનમમાં એ માનવ ભવ, લેખે કરીય સરાશું....
મોરા....૪.

સુરવર પૂજિત પદકજ રજ મિલવટ તિલકે ચઢાશું....
મનમાં હર્ષી ડુંગર ફરસી, હૈડે હરખિત થાશું....મોરા....૫.

સમકિત ધારી સ્વામી સાથે, સદ્‌ગુરુ સમકિત લાસું....
છ'રી' પાળી પાપ પખાળી, દુર્ગતિ દૂરે પલાસ્યું....મોરા....૬.

શ્રી જિનનામી સમકિત પામી, લેખે ત્યારે ગણાશ્યું....
જ્ઞાનવિમલ કહે ધનધન તે દિન, પરમાનંદ પદ પાશું....
મોરા આતમરામ....૭

(૯)

શેત્રુંજા ગઢના વાસી રે, મુજરો માનજો રે,
સેવકની સુણી વાતો રે, દિલમાં ધારજો રે....
પ્રભુ મેં દીઠો તુમ દેદાર, આજ મુને ઉપન્યો હરખ અપાર,
સાહિબાની સેવા રે, ભવદુઃખ ભાંજશે રે....શેત્રુંજા....૧.

એક અરજ અમારી રે, દિલમાં ધારજો રે,
ચોરાસી લાખ ફેરા રે, દૂર નિવારજો રે....
પ્રભુ! મને દુર્ગતિ પડતો રાખ, તારું દરશન વહેલું રે દાખ....
સાહિબાની૦ ૨.

દોલત સવાઈ રે સોરઠ દેશની રે,
બલિહારી જાઉં રે પ્રભુ તારી વેશની રે....
પ્રભુ મેં દીઠું રૂડું તારું રૂપ,
મોહ્યા સુરનર વૃન્દ ને ભૂપ....સાહિબાની૦ ૩.

તીરથ કો નહીં રે શેત્રુંજા સારખું રે....
પ્રવચન પેખીને કીધું મેં તો પારખું રે....
ઋષભને જોઈ જોઈ હરખે જેહ....
ત્રિભુવન લીલા પામે તેહ....સાહિબાની૦ ૪.

ભવોભવ માંગું રે પ્રભુ તારી સેવના રે...
ભાવઠ ન ભાંગે રે જગમાં જે વિના રે....
પ્રભુ મારા પૂરજો મનના કોડ....
એમ કહે ઉદય રતન કર જોડ....સાહિબાની૦ ૫.

# * શ્રી ઋષભજિનનાં સ્તવનો *

બાલુડો નિસ્નેહી થઈ ગયો રે, છોડયું વિનીતાનું રાજ,
સંયમ રમણી આરાધવા, લેવા મુક્તિનું રાજ....
મેરે દિલ વસી ગયો વાલમો, મેરે મન વસી ગયો વાલમો....૧
માતાને મેલ્યા એકલા રે, જાય દિન નવિ રાત-(૨)
રત્ન સિંહાસન બેસવા, ચાલે અણુવાણે પાય. (૨) મેરે....૨
વ્હાલાનું નામ નવિ વીસરેરે, ઝરે આંસુડાની ધાર....(૨)
આંખલડીએ છાયાવલી, ગયા હર્ષ હજાર....(૨)....મેરે....૩
કેવલરત્ન આપી કરી રે ! પૂરી માતાની આશ-(૨)
સમવસરણ લીલા જોઈને, સાધ્યા આતમ કાજ (૨)....મેરે....૪
ભક્તવત્સલ ભગવંતને રે ! નમ્યે નિર્મલ કાય, (૨)
આદિજિણંદ આરાધતાં, મહિમા શિવસુખ થાય (૨)...મેરે....૫

(૨)

પ્રથમ જિનેશ્વર પ્રણમીએ, જાસ સુગંધી રે કાય....
કલ્પવૃક્ષ પરે તાસ ઈન્દ્રાણી, નયન જે ભૃંગપરે લપટાય....
પ્રથમ....૧

રોગ ઉરગ તુજ નવિ નડે, અમૃત જેહ આસ્વાદ,
તેહથી પ્રતિહત તેહ માનું કોઈ નવિ કરે,
જગમાં તુમશું રે વાદ, પ્રથમ...૨

વગર ધોઈ તુજ નિરમલી, કાયા કંચન વાન,
નહીં પ્રસ્વેદ લગાર, તારે તું તેહને, જે ધરે તાહરું ધ્યાન
પ્રથમ....૩

રાગ ગયો તુજ મન થકી, તેહમાં ચિત્ર ન કોઈ,
રુધિર : આમિષથી રાગ ગયો તુજ જન્મથી દૂધ સહોદર હોય,
પ્રથમ....૪

શ્વાસોચ્છ્વાસ કમલ સમો તુજ લોકોત્તર વાદ,
દેખે ન આહાર નિહાર ચર્મચક્ષુ ધણી એહવા તુજ અવદાત
પ્રથમ....૫

ચાર અતિશય મૂળથી, ઓગણીસ દેવના કીધ,
કર્મ ખપ્યાથી અગિયાર, ચોત્રીસ એમ અતિશયા,
સમવાયાંગે પ્રસિદ્ધ....પ્રથમ....૬

જિન ઉત્તમ ગુણ ગાવતાં, ગુણ આવે નિજ અંગ,
પદ્મવિજય કહે એહ સમય પ્રભુ પાળજો
જિમ લહીં અખય આભંગ. પ્રથમ....૭

## ★ અભિનંદન જિન સ્તવન ★

અભિનંદન સ્વામી હમારા, પ્રભુ ભવદુઃખ ભંજનહારા,
યે દુનિયા દુઃખ કી ધારા, પ્રભુ ઈન સે કરો નિસ્તારા. અભિ....૧

હું કુમતિ કુટિલ ભરમાયો. દુરનીતિ કરી દુઃખ પાયો,
અબ શરણુ લીયો હૈ થારો, મુજે ભવજલ પાર ઉતારો....અભિ....૨

પ્રભુ શીખ હૈયે નવિ ધારી, દુર્ગતિમાં દુઃખ લીયો ભારી,
ઇન કર્મોંકી ગતિ ન્યારી, કરે બેર બેર ખુવારી....અભિ....૩

તુમે કરુણાવંત કહાવો, જગતારક બિરુદ ધરાવો,
મેરી અરજીનો એક દાવો, ઇન દુઃખ સે કયું ન છુડાઓ...અભિ....૪

મેં વિરથા જનમ ગવાયો, નહીં તન ધન સ્નેહ નિવાયોં,
અબ પારસ પરસંગ પામી, નહીં વીરવિજય કું ખામી....અભિ....૫

## * શ્રી પદ્મપ્રભ જિન સ્તવન *

પદ્મપ્રભ પ્રાણુ સે પ્યારા, છોડાવો કર્મ કી ધારા,
કરમ ફંદ તોડવા ધોરી, પ્રભુજીસે અર્જ હૈ મોરી....પદ્મ....૧.

લઘુવય એક થેં જીયા, મુક્તિમેં વાસ તુમ કીયા–
ન જાની પીર થેં મોરી, પ્રભુ અબ ખીંચ લે દોરી...પદ્મ....૨.

વિષય સુખ માની મોં મનમેં, ગયો સબ કાલ ગફલતમેં,
નરક દુઃખ વેદના ભારી, નીકલવા ના રહી બારી....પદ્મ....૩.

પરવશ દીનતા કીની, પાપકી પોટ સિર લીની,
ભક્તિ નહીં જાની તુમ કેરી, રહ્યો નિશદિન દુઃખ ઘેરી...પદ્મ....૪.

ઇણવિધ વિનતી તોરી કરું મેં દોય કર જોરી,
આતમ આનંદ મુજ દીજો, વીરનું કાજ સબ કીજો....પદ્મ....૫.

## * શ્રી શાંતિનાથ જિનનાં સ્તવન *

હમ મગન ભયે પ્રભુ ધ્યાનમેં,
બિસર ગઈ દુવિધા તનમનકી, અચિરાસુત ગુણ ગાનમેં...હમ...
હરિહર બ્રહ્મા પુરંદરકી રિદ્ધિ, આવત નહીં કોઉ માનમેં,
ચિદાનંદ કી મૌજ મચી હૈ, સમતારસ કે પાનમેં...હમ...૧.

ઇતને દિન તુમ નાહિ પિછાન્યો, જનમ ગયો સબ અજાનમેં,
અબ તો અધિકારી હોઈ બેઠે, પ્રભુ ગુણ અખય ખજાનમેં,
...હમ...૨.

ગઈ દીનતા અબ સબહી હમારી, પ્રભુ તુજ સમકિત દાનમેં,
પ્રભુ ગુણ અનુભવ રસકે આગે, આવત નહીં કોઉ માનમેં...
હમ...૩.

જિન હી પાયા તિનહી છિપાયા, ન કહે કોઉ કે કાનમેં,
તાલી લાગી જબ અનુભવકી, તબ સમજે એક સાનમેં...
હમ...૪.

પ્રભુ ગુણ અનુભવ ચન્દ્રહાસ જ્યું, સોતો ન રહે મ્યાનમેં,
વાચક જશ કહે મોહ મહા અરિ જિત લિયો મૈદાનમેં
...હમ...૫.

(२)

શાંતિ જિનેશ્વર સાચો સાહિબ, શાંતિ કરણ ઇણ કલિમેં...
હો જિનજી...

તું મેરા મનમેં તું મેરા દિલમેં, ધ્યાન ધરું પલપલમેં સાહિબજી...
તું મેરા...૧.

ભવમાં ભમતા મેં દરિશન પાયો, આશા પૂરો એક પલમેં
હો જિનજી તું મેરા...૨.

નિરમલ જ્યોત વદન પર સોહે, નિકસ્યો જ્યું ચંદ બાદલમેં
હો જિનજી...૩.

મેરો મન તુમ સાથે લીનો, મીન વસે જ્યું જલમેં
હો જિનજી...૪.

જિનરંગ કહે પ્રભુ શાંતિજિનેશ્વર, દીઠો જી દેવ સકલ મેં હો
જિનજી...૫

## ▣ શ્રી પાર્શ્વનાથ પ્રભુનાં સ્તવન ▣

સમય સમય સો વાર સંભારું, તુજ શું લગની જોર રે
મોહન મુજરો માની લીજે, જ્યું જલધર પ્રીતિ મોર રે....૧

માહરે તનધન જીવન તુંહી એહમાં જૂઠ ન માનો રે
અંતરજામી જગજન નેતા, તું કીહાં નથી છાનો રે...૨

જેણે તુજને હિયડે નવિ ધાર્યો, તાસ જનમ કુણ લેખે રે
કાચે રાચે તે નર મૂરખ, રતનને દૂર ઉવેખે રે...૩

સુરતરુ છાયા મૂકી ગહરી, બાઉલ તલે કુણ બેસે રે
તાહરી ઓલગ લાગે મીઠી, કિમ છોડાય વિશેષે રે...૪

વામા નંદન પાસ પ્રભુજી, અરજી ચિત્તમાં આણો રે
રૂપ વિબુધનો મોહન પભણે, નિજ સેવક કરી જાણો રે...૫

(૨)

કોયલ ટહુકી રહી મધુવનમેં, પાર્શ્વ શામળિયા વસો મેરે દિલમેં,
કાશી દેશ વારાણસી નગરી, જન્મ લિયો પ્રભુ ક્ષત્રિય કુલમેં
...પાર્શ્વ. ૧

બાલપણુથી અદ્‌ભુત જ્ઞાની, કમ ઠકોમાન હર્યો એક પલમેં
...પાર્શ્વ. ૨

નાગ નિકાલા કાષ્ઠ ચિરાકર, નાગકું સુરપતિ કિયો એક છિનમેં
...પાર્શ્વ. ૩

સંયમ લઈ પ્રભુ વિચરવા લાગ્યા, સંયમેં ભીંજ ગયો એક
રંગમેં...પાર્શ્વ. ૪

સંમેતશિખર પ્રભુ મોક્ષ સિધાવ્યા, પાર્શ્વજીકો મહિમા તીન
ભુવન મેં...પાર્શ્વ. ૫

ઉદયરતનકી એહી અરજ હૈ, દિલ અટકો તોરા ચરણુકમલ મેં
...પાર્શ્વ. ૬

## * શ્રી મહાવીર પ્રભુનાં સ્તવન *

(૧)

વીર વીરની ધૂન જગાવો, પ્રભુ વીરનાં દરશન પાવો
પ્રભુ વીરને શિર ઝુકાવો, વીર વીરની ધૂન જગાવો....૧
ભવસાગરમાં વીર સુકાની, નૈયા પાર તરાવો,
પાપની ભેખડ દૂર હટાવો, શિવમંદિર બતલાવો....૨
દેહસદનમાં આત્મા જગાડી, જ્ઞાનજ્યોતિ પ્રગટાવો.
ભાવ ભરેલા અમીરસ સિંચી, આ ભવ પાર ઉતારો....૩

(૨)

રૂડીને રઢિયાળી રે વીર તારી દેશના રે,
એ તો ભલી યોજનમાં સંભળાય, સમકિત બીજ આરોપણુ થાય.
રૂડી૦ ૧

ખટ્ મહિનાની રે ભૂખ તરસ શમે રે, સાકર દ્રાક્ષ તે હારી જાય,
કુમતિ જનના મદ મોડાય....રૂડી૦ ૨

ચાર નિક્ષેપે રે સાત નયે કરી રે, માંહે ભલી સપ્તભંગી વિખ્યાત,
નિજનિજ ભાષાએ સમજાય...રૂડી૦ ૩

પ્રભુજીને ધ્યાતાં રે શિવપદવી લહે રે, આતમ ઋદ્ધિનો ભોક્તા થાય,
જ્ઞાનમાં લોકાલોક સમાય....રૂડી૦ ૪

પ્રભુજી સરિખા રે દેશક કો નહિ રે, એમ સહુ જિન
ઉત્તમ ગુણ ગાય, પ્રભુપદ પદ્મને નિત્ય, નિત્ય ધ્યાય....રૂડી૦ ૫

(૩)

જગપતિ તું તો દેવાધિદેવ ! દાસનો દાસ છું તાહરો,
જગપતિ તારક તું કિરતાર, મનમોહન પ્રભુ માહરો...૧.

જગપતિ તાહરે ભક્ત અનેક, માહરે એક જ તું ધણી,
જગપતિ વીરમાં તું મહાવીર, મૂરતિ તાહરી સોહામણી...૨.

જગપતિ ત્રિશલા રાણીનો તું તન, ગંધાર બંદરે ગાજિયો,
જગપતિ સિદ્ધારથ કુલ શણુગાર. રાજ રાજેશ્વર રાજિયો...૩.

જગપતિ ભકતોની ભાંગે તું ભીડ, પીડ પરાઈ પ્રભુ પારખે,
જગપતિ તું પ્રભુ અગમ અપાર, સમજ્યો ન જાયે મુજ સારિખે...૪.

જગપતિ ખંભાયત જંબુસર સંઘ, ભગવંત ચોવીસમો ભેટિયો,
જગપતિ ઉદય નમે કરજોડ, સત્તર નેવું સમે કિયો...૫.

(૪)

માતા ત્રિશલાનંદ કુમાર, જગતનો દીવો રે,
મારા પ્રાણ તણો આધાર, વીર ઘણું જીવો રે.
આમલકી ક્રીડાએ રમતાં, હાર્યો સુર પ્રભુ પામી રે
સુણજો ને સ્વામી આતમરામી વાત કહું શિરનામી રે
વીર ઘણું જીવો રે......માતા....૧.

સુધમા સુરલોકે રહેતાં, અમો મિથ્યાત્વ ભરાણાં રે,
નાગદેવની પૂજા કરતાં, શિર ન ધરી પ્રભુ આણા રે...૨.

એક દિન ઇન્દ્રસભામાં બેઠા, સોહમપતિ એમ બોલે રે,
ધીરજ બલ ત્રિભુવનનું નાવે, ત્રિશલા બાલક તોલે રે...૩.

સાચું સાચું સહુ સુર બોલ્યા, પણ મેં વાત ન માની રે,
ફણીધર ને લઘુ બાળક રૂપે, રમત રમિયો છાની રે...૪.

વર્ધમાન તુમ ધૈરજ મોટું, બાલપણામાં નહીં કાચું રે,
ગિરુઆના ગુણ ગિરુઆ ગાવે, હવે મેં જાણ્યું સાચું રે...૫.
એક જ મુષ્ટિ પ્રહારે મ્હારું, મિથ્યાત્વ ભાગ્યું જાય રે,
કેવલ પ્રગટે મોહરાયને, રહેવાનું નહિ થાય રે...૬.
આજ થકી તું સાહિબ મારો, હું છું સેવક તારો રે,
ક્ષણએક સ્વામી ગુણ ન વિસારું, પ્રાણ થકી તું પ્યારો રે...૭.
મોહ હરાવે સમકિત પાવે, તે સુર સ્વર્ગ સિધાવે રે,
મહાવીર પ્રભુ નામ ધરાવે, ઇન્દ્ર સભા ગુણ ગાવે રે...૮.
પ્રભુ મલપંતા નિજ ઘેર આવે, સરિખા મિત્ર સોહાવે રે,
શુભવીરનું મુખડું જોતાં, માતાજી સુખ પાવે રે...૯.

(૫)

## પ્રભુ વિણ વાણી કોણ સુણાવે?

જબ એ વીર ગયે શિવમંદિર, અબ મેરા સંશય કોણ મિટાવે...પ્રભુ૦
કહે ગૌતમ ગણ હર તમહર એ, જિનવર દિનકર જાવે રે જાવે...પ્રભુ.
કુમતિ ઉલૂક કુતીર્થિ કુતારા, તિગતિગાર તસ થાવે રે થાવે ...પ્રભુ૦
તુમ વિણ ચૌવિહ સંઘ કમલવન, વિકસિત કોણ કરાવે, કરાવે...પ્રભુ૦
મોંકુ સાથ લેઈ ક્યું ન ચલે, ચિત્ત અપરાધ ધરાવે ધરાવે...પ્રભુ૦
યૂં પરભાવ વિચારી અપનો, ભાવ સમભાવ લાવે રે લાવે...પ્રભુ૦
વીર વીર લવતાં વી અક્ષરે, અંતર તિમિર હટાવે હટાવે...પ્રભુ૦
ઇન્દ્રભૂતિ, અનુભવઅનુભૂતિ, જ્ઞાનવિમલ ગુણ પાવે રે પાવે...પ્રભુ૦
સકલ સુરાસુર હરખિત હોવત, જુહાર કરણકું આવે રે આવે...પ્રભુ૦

(૬)

દીન દુઃખિયાંનો તું છે બેલી તું છે તારણહાર
તારા મહિમાનો નહિ પાર....તારા૦
રાજપાટ ને વૈભવ છોડી છોડી દીધો સંસાર....તારા૦ ૧
ચરણે ચંડકોશિયો ડસિયો, દૂધની ધારા પગથી નીકળે,
વિષને બદલે દૂધ જોઈને, ચંડકોશિયો આવ્યો શરણે.
ચંડકોશિયાને તેં તારી, કીધો ઘણો ઉપકાર....તારા૦ ૨
કાનમાં ખીલા ઠોકયા જ્યારે, થઈ વેદના પ્રભુને ભારે,
તોયે પ્રભુજી શાંતિ વિચારે, ગોવાળનો નહિ વાંક લગારે,
ક્ષમા આપીને તે જીવોને, તારી દીધો સંસાર....તારા૦ ૩
મહાવીર! મહાવીર! ગૌતમ પુકારે,
આંખથી આંસુની ધાર વહાવે,
ક્યાં ગયા એકલા મૂકી મુજને, હવે નથી જગમાં કોઈ મારે,
પશ્ચાત્તાપ કરતાં કરતાં ઊપજ્યું કેવલજ્ઞાન....તારા૦ ૪
**જ્ઞાનવિમલ** ગુરુ વચણે આજે, ગુણ તમારા ગાવે હરખે,
થઈ સુકાની તું પ્રભુ આવે; નૈયા ભવજલ પાર તરાવે.
અરજ સ્વીકારી દિલમાં ધારો વંદન વારંવાર....તારા૦ ૫

# પ્રેમનું અમૃત પાવું છે....

પ્રેમનું અમૃત પાવું છે....

પ્રભુ તારું ગીત મારે ગાવું છે. (૨)

થાય જીવનમાં તડકા છાયા. માગું તારી એક જ માયા,
ભક્તિના રસમાં નહાવું છે, પ્રભુ તારું ગીત મારે ગાવું છે....૧

ભવસાગરમાં નાવ ઝુકાવી, ત્યાં તો અચાનક આંધી ચઢી આવી
સામે કિનારે મારે જાવું છે, પ્રભુ તારું ગીત મારે ગાવું છે....૨

તું વીતરાગી હું અનુરાગી, તારા જીવનની રઢ મને લાગી.
પ્રભુ તારા જેવું મારે થાવું છે, પ્રભુ તારું ગીત મારે ગાવું છે....૩

પ્રેમનું અમૃત પાવું છે,
ભક્તિના રસમાં નહાવું છે,
સામે કિનારે મારે જાવું છે,
પ્રભુ તારા જેવું મારે થાવું છે.
પ્રભુ તારું ગીત મારે ગાવું છે.

# સ્તુતિઓ (થોય)

## શ્રી ઋષભદેવની સ્તુતિ

પ્રહ ઊઠી વંદું ઋષભદેવ ગુણવંત
પ્રભુ બેઠા સોહે સમવસરણ ભગવંત
ત્રણ છત્ર બિરાજે ચામર ઢાલે ઇન્દ્ર
જિનના ગુણ ગાવે સુર નરનારીનાં વૃન્દ—૧.

## શ્રી મહાવીર પ્રભુની સ્તુતિ

જય જય ભવિ હિતકર વીરજિનેશ્વર દેવ
સુરનરના નાયક જેહની સારે સેવ
કરુણા રસ કંદો વંદો આનંદ આણી
ત્રિશલા સુત સુંદર ગુણમણિ કેરો ખાણી—૧.

## શ્રી સિદ્ધચક્રજીની સ્તુતિ

પ્રહ ઊઠી વંદું સિદ્ધચક્ર સદાય
જપીએ નવપદનો જાપ સદા સુખદાય
વિધિપૂર્વક એ તપ જે કરે થઈ ઉજમાલ
તે સવિ સુખ પામે જેમ મયણા–શ્રીપાલ—૧

## શ્રી સિદ્ધાચલ મહાતીર્થની સ્તુતિ

શ્રી શત્રુંજય તીરથ સાર, ગિરિવરમાં જેમ મેરુ ઉદાર,
ઠાકુર રામ અપાર.
મંત્ર માંહે નવકાર જ જાણું, તારામાં જેમ ચંદ્ર વખાણું,
જલનિધિ જલમાં જાણું.
પંખી માંહે જેમ ઉત્તમ હંસ, કુલ માંહે જેમ ઋષભનો વંશ,
નાભિ તણો એ અંશ.
ક્ષમાવંતમાં શ્રી અરિહંત, તપશૂરામાં મુનિવર મહંત
શત્રુંજય ગિરિ ગુણવંત—૧

## શ્રી આદિજિન સ્તુતિ

આદિ જિનવર રાયા, જાસ સોવન્ન કાયા.
મરુદેવી માયા, ધોરી લંછન પાયા.
જગત સ્થિતિ નિપાયા. શુદ્ધ ચારિત્ર પાયા.
કેવલસિરિ રાયા, મોક્ષ નગરે સિધાયા.

## સજ્ઝાય

### (૧)

લજ્જા મોરી રાખો દેવ ખરી
દ્રૌપદી રાણી ચૂંકર વીનવે, કર દોય શીશ ધરી,
દ્યુત રસે પ્રીતમ મુજ હાર્યો, વાત કરી ન ખરી....લજ્જા૦

દેવર દુર્યોધન, દુઃશાસન, એહની બુદ્ધિ ફરી,
ચીવર ખેંચે મોટી સભામેં, મનમેં દ્વેષ ધરી....લજ્જા૦

ભીષ્મ, દ્રૌણ, કર્ણાદિક સર્વે, કૌરવ બીક ભરી,
પાંડવ પ્રેમ તજી મુજ બેઠા, જે હતા જીવ જુરી....લજ્જા૦

અરિહંત એક આધાર હમારે, શિયલ સુંગધ ધરી,
પત રાખો પ્રભુજી ઈણુ વેલા, સમકિત વંત સુરી....લજ્જા૦

તતખિણ અષ્ટોત્તર શત ચીવર, પૂર્યા પ્રેમ ધરી,
શાસનદેવી જય જય બોલે, કુસુમની વૃષ્ટિ કરી....લજ્જા૦

શિયલ પ્રભાવે દ્રૌપદી રાણી, લજ્જા લીલ વરી,
પાંડવ કુંત્યાદિક સૌ હરખ્યા, કહે ધન્ય ધીર ધરી....લજ્જા૦

સત્ય શીલ પ્રતાપે કૃષ્ણાદિક ભવજલ પાર તરી,
જિન કહે શિયળ ધરે તસ જનને નમીએ પાય પરી....લજ્જા૦

(૨)

જગત હૈ સ્વાર્થ કા સાથી, સમજ લે કૌન હૈ અપના.
૧ યે કાયા કાચ કા કુમ્ભા નાહક તું દેખ કે ફૂલતા.
પલક મેં ફૂટ જાવેગા, પત્તા જ્યું ડાલસે ગિરતા....જગત૦
૨ મનુષ્ય કી ઐસી જિંદગાની, અભી તું ચેત અભિમાની,
જીવન કા ક્યા ભરુસા હૈ કરી લે ધર્મ કી કરણી....જગત૦
૩ ખજાના માલ ને મંદિર, ક્યું કહેતા મેરા મેરા તું,
ઈહાં સબ છોડ જાના હૈ, ન આવે સાથ અબ તેરા...જગત૦
૪ કુટુમ્બ પરિવાર સુતદારા. સુપન સમ દેખ જગ સારા,
નિકલ જબ હંસ જાવેગા, ઉસી દિન હૈ સભી ન્યારા....જગત૦
૫ તરે સંસાર સાગર કો, જપે જો નામ જિનવર કો,
કહે ખાંતિ યહી પ્રાણી, હટાવે કર્મ જંજીર કો....જગત૦

(૩)

૧ કૌન કિસીકો મિત્ત, જગત મેં કૌન કિસીકો મિત્ત,
માત તાત ઔર ભ્રાત સ્વજન સે કોઈ રહત નચિંત....જગત૦
૨ સબ હી અપને સ્વારથ કે હૈં, પરમારથ નહીં પ્રીત,
સ્વારથ વિણુસે સગો ન હોસી. મિત્તા મનમેં ચિંત....જગત૦
૩ ઉઠ ચલેગો આપ એકીલો, તુંહી તું સુવિહિત,
કો નહિ તેરા તું નહિં કિસકા, એહ અનાદિ રીત....જગત
૪ તાતે એક ભગવાન ભજનકી રાખો મનમેં ચિંત,
જ્ઞાનસાર કહે કાફી હોયી ગાયો આતમગીત....જગત૦

(૪)

અવસર બેર બેર નહિ આવે....(૨)

૧ જ્યું જાણે ત્યું કર લે ભલાઈ, જનમ જનમ સુખ પાવે....

૨ તન ધન જોબન સબહી જૂઠો, પ્રાણ પલકમેં જાવે....

૩ તન છૂટે ધન કૌન કામ કો, કાહેકું કૃષ્ણ કહાવે....

૪ જાકે દિલમેં સાચ બસત હૈ, તાકું જૂઠ ન ભાવે....

૫ આનંદઘન પ્રભુ ચલત પંથ મેં, સિમર સિમર ગુણ ગાવે....

(૫)

જગમેં ન તેરા કોઈ (૨) નર દેખ હું નિશ્ચે જોઈ, જગમેં૦

૧ સુત માત તાત અરુ નારી, સહુ સ્વારથ કે હિતકારી
બિન સ્વારથ શત્રુ સોઈ....જગમેં....

૨ તું ફિરત મહામદ માતા, વિષયન સંગ મૂરખ રાતા.
નિજ અંગ કી સૂધ બૂધ ખોઈ....જગમેં....

૩ ઘાટ જ્ઞાન કલા નવ જાકું પર નિજ માનત સુન તાકું
( માનત હૈ તાકું ) આખિર પછતાવા હો ઈ....જગમેં....

૪ નવિ અનુપમ નરભવ હારો, નિજ શુદ્ધ સ્વરૂપ નિહારો.
અંતર મમતા મલ ધોઈ....જગમેં....

૫ પ્રભુ ચિદાનંદ કી ધાર વાણી તું ધાર અબ મન પ્રાણી
તું નિશ્ચેત જગ પ્રાણી જિમ સફલ હોત ભવ દોઈ....જગમેં....

## પચ્ચક્ખાણ

૧. નવકાર સહિત (નમુક્કારસહિઅં), ૨–પૌરુષી (પોરિસી) ૩, પુરિમાર્દ્ધ, ૪, એકાસણું, ૫. એકલઠાણું, ૬. આયંબિલ, ૭. ઉપવાસ, ૮. દિવસચરિમ કે ભવચરિમ, ૯. અભિગ્રહ અને ૧૦. વિગઈનું – એમ કાળ પચ્ચક્ખાણ દશ પ્રકારે છે.

મન, વચન અને કાયા – એ ત્રણ યોગો, તથા કરવું, કરાવવું અને અનુમોદવું–એ ત્રણ કરણોના યોગે 'એક-સંયોગી' વગેરે ભાંગાઓ ત્રણ કાળને આશ્રીને કુલ ૧૪૭ થાય, તેની સમજપૂર્વક કરેલું પચ્ચક્ખાણ શુદ્ધ છે.

[પ્રવચન સારોદ્ધાર]

## પચ્ચક્ખાણનું ફળ

જે અપ્રમત્ત આત્માઓ હંમેશા ગંઠિસહિત પચ્ચક્ખાણની ગાંઠ બાંધે છે, તેઓ સ્વર્ગ અને મોક્ષનું સુખ પોતાની ગાંઠે બાંધે છે, એમ સમજવું.

વળી વિસ્મરણ ન થવા દેતાં તે ધન્ય પુરુષો શ્રી નમસ્કાર મંત્રનું સ્મરણ કરીને ગંઠિસહિતની ગાંઠ છોડવા સાથે કર્મની ગાંઠ છોડે છે.

માટે તેઓ ગંઠિસહિતનો અભ્યાસ કરે છે કે જેઓ શવપુરના માર્ગના અભ્યાસને ઇચ્છે છે. ગીતાર્થો આ ગંઠિ સહિત પચ્ચક્ખાણનું ફળ અનશનના જેટલું કહે છે.

[ યતિ દિનચર્યા ]

પચ્ચક્ખાણથી કર્મ આવવાનાં દ્વારો–નિમિત્તો બંધ થાય છે, તેથી તૃષ્ણાનો છેદ થાય છે.

તૃષ્ણા છેદથી મનુષ્યોને અતુલ ઉપશમ પ્રગટે છે, તેથી તેનું પચ્ચક્ખાણ શુદ્ધ થાય છે.

શુદ્ધ પચ્ચક્ખાણથી ચારિત્રધર્મ નિશ્ચયથી પ્રગટે છે, તેનાથી જૂનાં કર્મોની નિર્જરા થાય છે. તેનાથી અપૂર્વકરણ (આત્માનો અપૂર્વ વીર્યોલ્લાસ) ગુણ પ્રગટે છે, તેનાથી કેવલજ્ઞાન થાય છે અને કેવલજ્ઞાનથી શાશ્વત સુખના સ્થાનરૂપ મોક્ષ પ્રાપ્ત થાય છે.

[ આવશ્યક નિર્યુક્તિ ]

## પ્રભાતે-નમુક્કારસહિઅં મુટ્ઠિસહિઅં પચ્ચક્ખાણ.

ઉગ્ગએ સૂરે, નમુક્કાર સહિઅં મુટ્ઠિસહિઅં * પચ્ચક્ખાઈ ચઉવ્વિહંપિ આહારં, અસણં, પાણં, ખાઈમં, સાઈમં, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, મહત્તરાગારેણં, સવ્વ-સમાહિવત્તિયાગારેણં * વોસિરઈ.

## સાંજનાં પચ્ચક્ખાણ

### પાણાહાર

પાણાહાર દિવસચરિમં પચ્ચક્ખાઈ, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં, વોસિરઈ

### —ચઉવિહાર-તિવિહાર-દુવિહાર—

દિવસચરિમં, પચ્ચક્ખાઈ, ચઉવ્વિહંપિ આહારં, તિવિ-હંપિ આહારં દુવિહંપિ આહારં, અસણં, પાણં, ખાઈમં, સાઈમં, અન્નત્થણાભોગેણં સહસાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં, વોસિરઈ.

* પચ્ચક્ખાણ કરનારે ‘ પચ્ચક્ખામિ ’ અને ‘ વોસિરામિ ’ શબ્દ બોલવો.

# પચ્ચક્ખાણનો સમય

## આ સમય મુંબઇના સ્ટાન્ડર્ડ ટાઇમ પ્રમાણે છે.

| માસ | તા. | સૂર્યોદય ક. મિ. | સૂર્યાસ્ત ક. મિ. | નવકારશી ક. મિ. | પોરિસી ક. મિ. | સાડ્ઢપોરિસી ક. મિ. | પુરિમડ્ઢ ક. મિ. | અવડ્ઢ ક. મિ. |
|---|---|---|---|---|---|---|---|---|
| જાન્યુ. | ૧ | ૭—૧૩ | ૬—૧૧ | ૮— ૧ | ૯—૫૭ | ૧૧—૨૦ | ૧૨—૪૨ | ૩—૨૬ |
| ,, | ૧૬ | ૭—૧૬ | ૬—૨૦ | ૮— ૪ | ૧૦— ૨ | ૧૧—૨૫ | ૧૨—૪૮ | ૩—૩૪ |
| ફેબ્રુઆરી | ૧ | ૭—૧૫ | ૬—૩૦ | ૮— ૩ | ૧૦— ૩ | ૧૧—૨૮ | ૧૨—૫૨ | ૩—૪૧ |
| ,, | ૧૬ | ૭— ૮ | ૬—૩૮ | ૭—૫૬ | ૧૦— ૦ | ૧૧—૨૬ | ૧૨—૫૩ | ૩—૪૫ |
| માર્ચ | ૧૬ | ૭— ૦ | ૬—૪૩ | ૭—૪૮ | ૯—૫૬ | ૧૧—૨૪ | ૧૨—૫૧ | ૩—૪૭ |
| ,, | ૧૬ | ૬—૪૮ | ૬—૪૭ | ૭—૩૬ | ૯—૪૮ | ૧૧—૧૮ | ૧૨—૪૮ | ૩—૪૭ |
| એપ્રિલ | ૧ | ૬—૩૫ | ૬—૫૧ | ૭—૨૩ | ૯—૩૯ | ૧૧—૧૧ | ૧૨—૪૩ | ૩—૪૬ |
| ,, | ૧૬ | ૬—૨૩ | ૬—૫૪ | ૭—૧૧ | ૯—૩૧ | ૧૧— ૫ | ૧૨—૩૯ | ૩—૪૭ |
| મે | ૧ | ૬—૧૩ | ૬—૫૯ | ૭— ૧ | ૯—૨૪ | ૧૧— ૦ | ૧૨—૩૬ | ૩—૪૭ |
| ,, | ૧૬ | ૬— ૬ | ૭— ૪ | ૬—૫૪ | ૯—૨૦ | ૧૦—૫૮ | ૧૨—૩૫ | ૩—૪૯ |
| જૂન | ૧ | ૬— ૩ | ૭—૧૦ | ૬—૫૧ | ૯—૧૮ | ૧૦—૫૮ | ૧૨—૩૬ | ૩—૫૩ |
| ,, | ૧૬ | ૬— ૩ | ૭—૧૫ | ૬—૫૧ | ૯—૨૧ | ૧૧— ૦ | ૧૨—૩૯ | ૩—૫૦ |
| જુલાઈ | ૧ | ૬— ૬ | ૭—૧૮ | ૬—૫૪ | ૯—૨૪ | ૧૧— ૩ | ૧૨—૪૨ | ૪— ૦ |
| ,, | ૧૬ | ૬—૧૧ | ૭—૧૮ | ૬—૫૯ | ૯—૨૭ | ૧૧— ૬ | ૧૨—૪૫ | ૪— ૧ |
| ઑગસ્ટ | ૧ | ૬—૧૭ | ૭—૧૩ | ૭— ૫ | ૯—૩૧ | ૧૧— ૮ | ૧૨—૪૫ | ૩—૫૯ |
| ,, | ૧૬ | ૬—૨૧ | ૭— ૫ | ૭— ૯ | ૯—૩૨ | ૧૧— ૮ | ૧૨—૪૩ | ૩—૫૪ |
| સપ્ટેમ્બર | ૧ | ૬—૨૫ | ૬—૫૩ | ૭—૧૩ | ૯—૩૨ | ૧૧— ૫ | ૧૨—૩૯ | ૩—૪૬ |
| ,, | ૧૬ | ૬—૨૭ | ૬—૪૦ | ૭—૧૫ | ૯—૩૦ | ૧૧— ૨ | ૧૨—૩૪ | ૩—૩૭ |
| ઑક્ટોમ્બર | ૧ | ૬—૩૦ | ૬—૨૭ | ૭—૧૮ | ૯—૨૯ | ૧૦—૫૯ | ૧૨—૨૯ | ૩—૨૮ |
| ,, | ૧૬ | ૬—૩૪ | ૬—૧૫ | ૭—૨૨ | ૯—૨૯ | ૧૦—૫૭ | ૧૨—૨૪ | ૩—૨૦ |
| નવેમ્બર | ૧ | ૬—૪૦ | ૬— ૫ | ૭—૨૮ | ૯—૩૧ | ૧૦—૫૭ | ૧૨—૨૨ | ૩—૧૩ |
| ,, | ૧૬ | ૬—૪૭ | ૫—૫૯ | ૭—૩૫ | ૯—૩૫ | ૧૦—૫૯ | ૧૨—૨૩ | ૩—૧૧ |
| ડિસેમ્બર | ૧ | ૬—૫૭ | ૫—૫૯ | ૭—૩૫ | ૯—૪૨ | ૧૧— ૫ | ૧૨—૨૮ | ૩—૩૩ |
| ,, | ૧૬ | ૭— ૬ | ૬— ૨ | ૭—૫૪ | ૯—૫૦ | ૧૧—૧૨ | ૧૨—૩૪ | ૩—૧૦ |

# ચોવીસ તીર્થંકર( જિન )નાં નામ વગેરે

| તીર્થંકરનાં નામ. | વર્ણ | લંછન | પિતાનું નામ | માતાનું નામ |
|---|---|---|---|---|
| ૧, ઋષભદેવ | પીળો | વૃષભ | નાભિરાજા | મરૂદેવી |
| ૨, અજિતનાથ | પીળો | હાથી | જિતશત્રુ | વિજયા |
| ૩, સંભવનાથ | પીળો | ઘોડો | જિતારી | સેના |
| ૪, અભિનંદન સ્વામી | પીળો | વાંદરો | સંવર | સિદ્ધાર્થા |
| ૫, સુમતિનાથ | પીળો | ક્રૌંચપક્ષી | મેઘરાજા | મંગલા |
| ૬, પદ્મપ્રભ | રાતો | પદ્મ-કમલ | શ્રીધર | સુસીમા |
| ૭, સુપાર્શ્વનાથ | પીળો | સાથીઓ | પ્રતિષ્ઠ | પૃથ્વી |
| ૮, ચંદ્રપ્રભ | ધોળો | ચંદ્રમા | મહસેન | લક્ષ્મણા |
| ૯, સુવિધિનાથ | ધોળો | મગરમચ્છ | સુગ્રીવ | રામા |
| ૧૦, શીતલનાથ | પીળો | વત્સ | દૃઢરથ | નંદા |
| ૧૧, શ્રેયાંસનાથ | પીળો | ગેંડો | વિષ્ણુ | વિષ્ણુ |
| ૧૨, વાસુપૂજ્ય | રાતો | પાડો | વસુપૂજ્ય | જયા |
| ૧૩, વિમલનાથ | પીળો | સુઅરભુંડ | કૃતવર્મ | શ્યામા |
| ૧૪, અનંતનાથ | પીળો | સિંચાણો | સિંહસેન | સુયશા |
| ૧૫, ધર્મનાથ | પીળો | વજ્ર | ભાનુ | સુવ્રતા |
| ૧૬, શાંતિનાથ | પીળો | હરણ | વિશ્વસેન | અચિરા |
| ૧૭, કુંથુનાથ | પીળો | બોકડો | સુરરાજા | શ્રીરાણી |
| ૧૮, અરનાથ | પીળો | નંદાવર્ત | સુદર્શન | દેવીરાણી |
| ૧૯, મલ્લિનાથ | નીલો | કળશ | કુંભરાજા | પ્રભાવતી |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૦, મુનિસુવ્રત સ્વામી | કાળો | કાચબો | સુમિત્ર | ૨૦ | પદ્મા |
| ૨૧, નમિનાથ | પીળો | કમલ | વિજય | ૨૧ | વિપ્રા |
| ૨૨, નેમના | કાળો | શંખ | સમુદ્રવિજય | ૨૨ | શિવા |
| ૨૩. પાર્શ્વનાથ | નીલો | સર્પ | અશ્વસેન | ૨૩ | વામા |
| ૨૪. મહાવીરસ્વામી | પીળો | સિંહ | સિદ્ધાર્થ | ૨૪ | ત્રિશલા |

## પંડિત શ્રી વીરવિજયજી કૃત સ્નાત્રપૂજા

[ પ્રથમ કળશ લઈ ઊભા થવું ] [ કાવ્યમ્-દ્રુતવિલંબિતવૃત્તમ્ ]
સરસશાન્તસુધારસસાગરં; શુચિતરં ગુણરત્ન મહાકરં,
ભવિકપંકજબોધદિવાકરં, પ્રતિદિનં પ્રણમામિ જિનેશ્વરમ્ ॥૧॥

### દુહા

કુસુમાભરણ ઊતારીને, પડિમા ધરિય વિવેક,
મજ્જનપીઠે થાપીને કરીયે જલ અભિષેક....૨
[ અહિંયા પ્રભુના જમણા અંગૂઠા પર પ્રક્ષાલ કરીને અંગલૂંછણા કરીને પૂજા કર્યા બાદ થાળીમાં કુસુમાંજલિ લઈને ઊભા રહેવું ]

### ગાથા-આર્યાગીતિ

જિણજમ્મસમયે મેરૂસિહરે, રયણ-કણયકલસેહિં
દેવાસુરેહિં ણ્હવિઓ, તે ધન્ના જેહિં દિટ્ઠોસિ....૩.
[ જ્યાં જ્યાં 'કુસુમાંજલિ મેલો' આવે છે ત્યાં ત્યાં પ્રભુના અંગૂઠા પર કુસુમાંજલિ રાખવી. ]

## કુસુમાંજલિ-ઢાળ

નિર્મલ જલ કલશે ન્હવરાવે, વસ્ત્ર અમૂલક અંગ ધરાવે,
કુસુમાંજલિ મેલો આદિ જિણંદા, સિદ્ધ સ્વરૂપી અંગ પખાલી,
આતમ નિર્મલ હોઈ સુકુમાલી, કુસુમાં....૪
[ પ્રભુના જમણા અંગૂઠા પર કુસુમાંજલિ રાખવી ]

## ગાથા-આર્યાગીતિ

મચકુંદચંપમા લઈ, કમલાઇ પુપ્ફપંચવણ્ણાંઈ,
જગનાહન્હવણસમયે, દેવા કુસુમાંજલિં દિંતિ....૫
નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાય-સર્વસાધુભ્યઃ

## કુસુમાંજલિ-ઢાળ

રયણસિંહાસન જિન થાપીજે, કુસુમાંજલિ પ્રભુચરણે દીજે,
કુસુમાંજલિ મેલો શાન્તિજિણંદા....૬

## દુહા

જિણ તિહું કાલય સિદ્ધની, પડિમા ગુણભંડાર;
તસુ ચરણે કુસુમાંજલિ, ભવિક દુરિત હરનાર...૭
નમોઽર્હત્ સિદ્ધાચાર્યોપાધ્યાય-સર્વસાધુભ્યઃ

## કુસુમાંજલિ-ઢાળ

કૃષ્ણાગરૂ વર ધૂપ ધરીજે, સુગંધવર કુસુમાંજલિ દીજે;
કુસુમાંજલિ મેલો નેમિજિણંદા...૮

## ગાથા-આર્યાગીતિ

જસુપરિમલ બલ દહ દિસિં, મહુકર ઝંકાર સદ્દસંગીયા;
જિણ ચલણોવરિ મુક્કા, સુરનર કુસુમાંજલિ સિદ્ધા...૯
નમોઽર્હત્ સિદ્ધાચાર્યોપાધ્યાય-સર્વસાધુભ્યઃ

## કુસુમાંજલિ ઢાળ

પાસ જિણેસર જગ જયકારી, જલથલફૂલ ઉદક કરધારી;
કુસુમાંજલિ મેલો પાર્શ્વજિણંદા...૧૦

## દુહા:

મૂકે કુસુમાંજલિ સુરા, વીરચરણ સુકુમાલ,
તે કુસુમાંજલિ ભવિકનાં પાપ હરે ત્રણકાલ...૧૧
નમોઽર્હત્‌સિદ્ધાચાર્યોપાધ્યાય સર્વસાધુભ્યઃ

## કુસુમાંજલિ-ઢાળ

વિવિધકુસુમવર જાતિ ગહેવી, જિણચરણે પણમન્ત ઠવેવી;
કુસુમાંજલિ મેલો વીરજિણંદા.....૧૨

## વસ્તુ છન્દ

ન્હવણકાલે ન્હવણકાલે, દેવદાણવસમુચ્ચિઅ;
કુસુમાંજલિ તહિ સંઠવિય, પસરન્ત દિસિ પરિમલ સુગંધિય
જિણપયકમલે નિવડેઇ, વિગ્ઘહર જસ નામમન્તો,
અનન્ત ચઉવીસ જિન, વાસવ મલીય અસેસ;
સા કુસુમાંજલિ સુહકરો, ચઉવિહ સંઘ વિશેષ.
કુસુમાંજલિ મેલો ચઉવીસ જિણંદા....૧૩
નમોऽર્હત્-સિદ્ધાચાર્યોપાધ્યાય-સર્વસાધુભ્યઃ

## કુસુમાંજલિ-ઢાળ

અનંત ચઉવીસી જિનજી જુહારુ, વર્તમાન ચઉવીસી સંભારું,
કુસુમાંજલિ મેલો ચોવીસ જિણંદા....૧૪.

## દુહા :

મહાવિદેહે સંપ્રતિ વિહરમાન જિન વીસ.
ભક્તિ ભરે તે પૂજિયા, કરો સંઘ સુજગીશ....૧૫.
નમોऽર્હત્-સિદ્ધાચાર્યોપાધ્યાય સર્વસાધુભ્યઃ

## કુસુમાંજલિ ઢાળ

અપચ્છરમંડલી ગીત ઉચ્ચારા, શ્રી શુભવીરવિજય જયકારા
કુસુમાંજલિ મેલો સર્વ જિણંદા...૧૬.

[ સ્નાત્ર ભણાવવાવાળા પ્રભુના જમણા અંગૂઠાપર કુસુમાં-
જલિ રાખે ]

## કુસુમાંજલિ ઢાળ સંપૂર્ણ

ત્યાર બાદ દુહા બોલતાં બોલતાં ત્રણ પ્રદક્ષિણા
કરીને.... ઈચ્છામિ ખમાસમણો વંદિઉં.

જાવણિજ્જાએ નિસીહિઆએ, મત્થએણ વંદામિ ।।

( આ સૂત્ર ત્રણવાર બોલતાં ૩ ખમાસમણ દઈને
જગચિંતામણિ ચૈત્યવંદન જયવીયરાય સૂત્ર સુધી કરવું )

### પ્રદક્ષિણાનાં દુહા :

૧, કાલ અનાદિ અનંતથી, ભવ ભ્રમણનો નહિ પાર
તે ભવ ભ્રમણ નિવારવા પ્રદક્ષિણા દઉં ત્રણવાર
ભમતીમાં ભમતા થકાં ભવભાવઠ દૂર પલાય
દર્શન જ્ઞાન ચારિત્રરૂપ પ્રદક્ષિણા ત્રણ દેવાય.

૨, જન્મમરણાદિ ભય ટળે સીઝે જો દર્શનકાજ
રત્નત્રય પ્રાપ્તિ ભણી દર્શન કરો જિનરાજ;
જ્ઞાનવડું સંસારમાં જ્ઞાન પરમસુખ હેત,
જ્ઞાન વિના જગ જીવડા ન લહે તત્ત્વ સંકેત.

૩, ચય તે સંચય કર્મનો ખાલી કરે વળી જેહ
ચારિત્ર નિરુક્તે કહી વંદો તે ગુણગેહ
દર્શન જ્ઞાન ચારિત્ર એ રત્નત્રયી શિવદ્વાર
ત્રણ પ્રદક્ષિણા તે કારણે ભવદુઃખ ભંજનહાર.

[ત્યારબાદ મુખપર રૂમાલ બાંધીને હસ્તને ધૂપવાળા કરી કળશ હાથમાં લઈને ઊભા રહેવું.]

## દુહા:

સયલ જિણેસર પાય નમી, કલ્યાણક વિધિ તાસ;
વર્ણવતાં સુણતાં થકા, સંઘની પૂગે આશ.....૧

સમકિત ગુણઠાણે પરિણમ્યા, વળી વ્રતધર સંયમસુખ રમ્યા;
વીસસ્થાનક વિધિએ તપ કરી, એવી ભાવદયા દિલમાં ધરી....૧.
જો હોવે મુજ શક્તિ ઈસી, સવિ જીવ કરું શાસન રસી,
શુચિરસ ઢલતે તિહાં બાંધતા, તીર્થંકર નામ નિકાચતાં...૨.
સરાગથી સંયમ આદરી, વચમાં એક દેવનો ભવ કરી;
ચવી પન્નર ક્ષેત્રે અવતરી, મધ્યખંડે પણ રાજવીકુલે...૩.
પટરાણી કૂખે ગુણનીલો જેમ માનસરોવર હંસલો;
સુખ શય્યાયે રજની શેષે, ઊતરતાં ચૌદ સુપન દેખે...૪.

## ઢાળ – ચૌદ સ્વપ્નની.

પહેલે ગજવર દીઠો, બીજે વૃષભ પઈઠ્ઠો;
ત્રીજે કેસરી સિંહ, ચોથે લક્ષ્મી અબીહ,...૧.
પાંચમે ફૂલની માળા, છઠ્ઠે ચન્દ્ર વિશાલા;
રવિ રાતો ધ્વજ મ્હોટો, પૂરણ કલશ નહિ છોટો...૨.
દસમે પદ્મ સરોવર, અગિયારમે રત્નાકર,
ભુવન વિમાન રત્નગંજી અગ્નિશિખા ધૂમવર્જી...૩.
સ્વપ્ન લહી જઈ રાયને ભાખે, રાજા અર્થ પ્રકાશે;
પુત્ર તીર્થંકર ત્રિભુવન નમશે, સકલ મનોરથ ફલશે...૪.

## વસ્તુ – છંદ

અવધિ નાણે અવધિ નાણે, ઉપન્ય જિનરાજ.
જગત જસ પરમાણુઆ, વિસ્તર્યો વિશ્વજંતુ સુખકાર,
મિથ્યાત્વ તારા નિર્બલા, ધર્મ ઉદય પરભાત સુંદર;
માતા પણ આનંદીયા, જાગતી ધર્મ વિધાન,
જાણંતી જગતિલક સમો, હોશે પુત્રપ્રધાન...૧.

## દુહા :

શુભ લગ્ને જિન જનમીયા, નારકીમાં સુખજ્યોત;
સુખ પામ્યા ત્રિભુવન જના, હુઓ જગત ઉદ્યોત. ૧.

## ઢાળ – કડખાની દેશી.

સાંભળો કળશ જિન-મહોત્સવનો ઈહાં;
છપ્પન કુમરી દિશિ વિદિશિ આવે તિહાં;
માય સુત નમીય, આણંદ અધિકો ધરે,
અષ્ટ સંવર્ત વાયુથી કચરો હરે...૧.

વૃષ્ટિ ગંધોદકે અષ્ટ કુમરી કરે;
અષ્ટ કલશા ભરી, અષ્ટદર્પણ ધરે;
અષ્ટ ચામર ધરે, અષ્ટ પંખા લહી,
ચાર રક્ષા કરી ચાર દીપક ગ્રહી...૨.

ઘર કરી કેળના, માય સુત લાવતી,
કરણ શુચિકર્મ જળ-કળશે ન્હવરાવતી;
કુસુમ પૂજી, અલંકાર પહેરાવતી,
રાખડી બાંધી જઈ, શયન પધરાવતી...૩.

નમીય કહે માય તુજ બાળ લીલાવતી,
મેરુ રવિ ચન્દ્ર લગે, જીવજો જગપતિ;
સ્વામી ગુણ ગાવતી, નિજ ઘર જાવતી,
તેણે સમે ઈન્દ્રસિંહાસન કંપતી...૪.

## ઢાળ – એકવીશાની દેશી.

જિન જનમ્યાજી, જિણ વેળા જનની ઘરે,
તિણ વેળાજી, ઇંદ્રસિંહાસન થરહરે;
દાહિણોત્તરજી, જેતા જિન જનમેં યદા,
દિશિનાયકજી, સોહમ ઈશાન બિહુ તદા. ૧.

## ત્રોટક – છંદ

તદા ચિંતે ઇન્દ્ર મનમાં, કોણ અવસર એ બન્યો,
જિન જન્મ અવધિનાણે જાણી, હર્ષ આનંદ ઊપન્યો. ૧.
સુઘોષ આદે ઘંટનાદે, ઘોષણા સૂરમેં કરે,
(અહીં ઘંટ વગાડવો)
સવિ દેવીદેવા જન્મ મહોત્સવે આવજો સૂર ગિરિવરે. ૨.

## ઢાળ

એમ સાંભળીજી, સુરવર કોડી આવી મળે
જન્મ મહોત્સવજી, કરવા મેરુ ઉપર ચલે;
સોહમપતિજી, બહુ પરિવારે આવીયા
માય જિનનેજી, વાંદી પ્રભુને વધાવીયા....૩.
(અહીં પ્રભુને ચોખાથી વધાવવા)

### ત્રોટક :

વધાવી બોલે હે રત્નકુક્ષીધારિણી ! તુજ સુત તણો;
હું શક્ર સોહમ નામે કરશું, જન્મ મહોત્સવ અતિઘણો;
એમ કહી જિન પ્રતિબિંબ થાપી, પંચ રૂપે પ્રભુ ગ્રહી;
દેવદેવી નાચે હર્ષ સાથે સુરગિરિ આવ્યા વહી....૪.

### ઢાળ

મેરુ ઉપરજી પાંડુક-વનમેં ચિહું દિશે,
શિલા ઉપરજી, સિંહાસન મન ઉલ્લસે,
તિંહા બેસીજી, શક્રે જિન ખોળે ધર્યા,
હરિ ત્રેસઠજી, બીજા તિહાં આવી મળ્યા. .....૫.

### ત્રોટક :

મળ્યા ચોસઠ સુરપતિ તિંહા, કરે કળશ અડ જાતિના,
માગધાદિ જળ તીર્થ ઔષધિ, ધૂપ વળી બહુ ભાંતિના;
અચ્યુતપતિએ હુકમ કીધો, સાંભળો દેવો સવે,
ખીરજલધિ ગંગાનીર લાવો, ઝટિતિ જિન મહોત્સવે....૬.

## ઢાળ-વિવાહલાની દેશી

સુર સાંભળીને સંચરીયા, માગધ વરદામે ચલીયા.
પદ્મદ્રહ ગંગા આવે, નિર્મળ જળ કળશા ભરાવે....૧

તીરથ જળ ઓષધ લેતા, વળી ખીર સમુદ્રે જાતા;
જળકળશા બહુલ ભરાવે, ફૂલ ચંગેરી થાળા લાવે....૨

સિંહાસન ચામર ધારી, ધૂપધાણાં રકેબી સારી;
સિદ્ધાંતે ભાખ્યા જેહ, ઉપકરણ મિલાવે તેહ.....૩

તે દેવા સુરગિરિ આવે, પ્રભુ દેખી આનંદ પાવે,
કળશાદિક સહુ તિહાં ઠાવે, ભકતે પ્રભુના ગુણ ગાવે...૪

## ઢાળ-રાગ ધનાશ્રી

આતમભક્તિ મળ્યા કેઈ દેવા, કેતા મિત્તનું જાઈ,
નારીપ્રેર્યા વળી નિજકુલવટ, ધર્મી ધર્મસખાઈ;
જોઈસ વ્યંતર ભુવનપતિના, વૈમાનિક સુર આવે,
અચ્યુતપતિ હુકમે ધરી કળશા, અરિહાને નવરાવે.
આતમ....૧

અડજાતિ કળશા પ્રત્યેકે આઠ આઠ સહસ પ્રમાણો;
ચઉસઠ સહસ હુઆ અભિષેકે અઢીસેં ગુણા કરી જાણો
સાઠ લાખ ઉપર એક કોડિ, કળશાનો અધિકાર,
બાસઠ ઈન્દ્ર તણાં તિહાં બાસઠ, લોકપાલના ચાર
આતમ ..૨

ચન્દ્રની પંક્તિ છાસઠ છાસઠ, રવિશ્રેણિ નરલોકો;
ગુરુ સ્થાનક સુરકેરો એક જ, સામાનિકનો એકો;
સોહમપતિ ઈશાનપતિની, ઇન્દ્રાણીના સોળ;
અસુરની દશ ઇંદ્રાણી, નાગની બાર કરે કલ્લોલ.
આતમ...૩

જ્યોતિષ વ્યંતર ઇંદ્રની ચઉ ચઉ, પર્ષદા ત્રણનો એકો;
કટકપતિ અંગરક્ષક કેરો એક એક સુવિવેકો;
પરચૂરણ સુરનો એક છેલ્લો, એ અઢીસેં અભિષેકો;
ઈશાન ઇન્દ્ર કહે મુજ આપો, પ્રભુને ક્ષણ અતિરેકો.
આતમ ...૪

તવતસ ખોળે ઠવી અરિહાને, સોહમપતિ મનરંગે,
વૃષભરૂપ કરી શૃંગ જળે ભરી, ન્હવણ કરે પ્રભુ અંગે
પુષ્પાદિક પૂજીને છાંટે, કરી કેસર રંગરોળે;
મંગળદીવો આરતી કરતાં સુરવર જય જય બોલે-
આતમ...૫

ભેરી ભૂંગલ તાલ બજાવત, વળીયા જિન કર ધારી;
જનનીઘર માતાને સોંપી એણી પેરે વચન ઉચ્ચારી;
પુત્ર તુમારો સ્વામી હમારો, અમ સેવક આધાર;
પંચ ધાવી રમ્ભાદિક થાપી, પ્રભુ ખેલાવણ હાર.
આતમ...૬

બત્રીસ કોડી કનકમણિમાણિક, વસ્ત્રની વૃષ્ટિ કરાવે
પૂરણ હર્ષ કરેવા કારણ દ્વીપ નંદીસર જાવે;
કરીય અઠ્ઠાઈ ઉત્સવ દેવા, નિજ નિજ કલ્પ સધાવે;
દીક્ષા કેવલને અભિલાષે, નિત નિત જિન ગુણ ગાવે-
આતમ....૭-

તપગચ્છ-ઈસર સિંહસૂરીશ્વર, કેરા શિષ્ય વડેરા,
સત્યવિજય પંન્યાસતણે પદ, કપૂર વિજય ગમ્ભીરા;
ખિમાવિજય તસ સુજસવિજયના, શ્રી શુભવિજય સવાયા;
પંડિત વીરવીજય તસ શિષ્યે, જિન-જન્મ-મહોત્સવ ગાયા.
આતમ....૮

ઉત્કૃષ્ટા એકસો ને સિત્તેર, સંપ્રતિ વિચરે વીશ,
અતીત અનાગત કાલે અનન્તા, તીર્થંકર જગદીશ
સાધારણ એ કળશ જે ગાવે શ્રી શુભવીર સવાઈ;
મંગળ લીલા સુખભર પાવે, ઘર ઘર હર્ષ વધાઈ.
આતમ...૯-

[ અહીં પ્રભુને અક્ષતથી વધાવવા. કળશ દ્વારા અભિષેક કરીને પંચામૃત પ્રક્ષાલ કરવું. ત્યાર પછી ચંદન પૂજા કરીને પુષ્પ ચઢાવવા, મીઠું ઉતારીને આરતી તથા મંગળદીવો ઉતારવો – શાંતિકળશ કરવો ]

## શ્રી આદિજિણંદની આરતી :

જય જય આરતી આદિ જિણંદા, નાભિરાયા મરુદેવીકોનંદા. જ. ૧.
પહેલી આરતી પૂજા કીજે, નરભવ પામી લ્હાવો લીજે. જ. ૨.
દુસરી આરતી દીન દયાળા, ધૂલેવા મંડપમાં જગ અજવાલા. જ. ૩.
તીસરી આરતી ત્રિભુવન દેવા, સુરનર ઇન્દ્ર કરે તોરી સેવા. જ. ૪.
ચોથી આરતી ચઉગતિ ચૂરે, મનવંછિત ફલ શિવસુખ પૂરે. જ. ૫.
પાંચમી આરતી પુણ્ય ઉપાયા, મૂલચંદે ઋષભ ગુણ ગાયા. જ. ૬.

## મંગળ દીવો.

દીવો રે દીવો પ્રભુ મંગલિક દીવો, આરતી ઉતારીને બહુ ચિરંજીવો. દી. ૧.

સોહામણું ઘેર પર્વ દીવાળી, અમ્બર ખેલે અમરાવાળી દી. ૨.

દીપાળ ભણે એણે કુલ અજુવાળી, ભાવે ભગતે વિઘન નિવારી. દી. ૩

દીપાળ ભણે એણે એ કલિકાલ, આરતી ઉતારી રાજા કુમારપાલે. દી. ૪.

અમ ઘેર મંગલિક તુમ ઘેર મંગલિક મંગલિક ચતુર્વિધ સંઘને હોજો. દી. ૫.

**શાંતિકલશ.**

નમોઽર્હત્૦ કહી ત્રણવાર નવકાર ઉવસગ્ગહરં કહી મોટીશાંતિ બોલવી.

[સમાપ્ત]

विજયભુવનભાનુસૂરીશ્વરજી મહારાજનું

# પ્રેરક તાર્કિક અને તાત્ત્વિક સાહિત્ય

श्री महावीर जैन आराधना ... जि. गांधीनगर. पिन-382009

| પુસ્તકનું નામ | ભાષા | કિંમત |
|---|---|---|
| પરમતેજ ભાગ-૧ | ગુજરાતી | ૯-૦૦ |
| પરમતેજ ભાગ-૨ | ,, | ૧૫-૦૦ |
| પ્રતિક્રમણ સૂત્ર-ચિત્ર આલ્બમ | ,, | ૧૨-૦૦ |
| જાલિની અને શિખીકુમાર | ,, | ૭-૫૦ |
| સીતાજીના પગલે પગલે ભાગ-૧ | ,, | ૭-૫૦ |
| સીતાજીના પગલે પગલે ભાગ-૨ | ,, | ૭-૫૦ |
| ધ્યાન અને જીવન ભાગ-૧ | ,, | ૭-૫૦ |
| ધ્યાન અને જીવન ભાગ-૨ | ,, | ૭-૫૦ |
| રુકમી રાજાનું પતન અને ઉત્થાન ભા.-૧ | ,, | ૫-૦૦ |
| રુકમી રાજાનું પતન અને ઉત્થાન ભા.-૨ | ,, | ૭-૫૦ |
| ઉચ્ચ પ્રકાશના પંથે | ,, | ૬-૦૦ |
| ઉચ્ચ પ્રકાશના પંથે (પંચસૂત્ર) | ,, | ૩-૦૦ |
| સિંહ અને જીવન ભાગ-૧ | , | ૬-૦૦ |
| ધ્યાન શતક જીવન ભાગ-૨ | , | ૫-૦૦ |
| જૈન ધર્મનો પતન અને ઉત્થાન ભા.-૧ | ,, | ૫-૦૦ |
| નિશ્ચય-વ્યવહા પતન અને ઉત્થાન ભા.-૨ | ,, | ૩-૦૦ |
| યોગદષ્ટિ સમુચ્ચ પંથે | ,, | ૩-૦૦ |

પુસ્તક મંગાવનારે (પંચસૂત્ર) લગ લાગશે.

**પુસ્તકની રકમ મનીઓર્ડર દ્વારા મોકલવી.**

દિવ્ય દર્શન કાર્યાલય
C/o કુમારપાળ વિ. શાહ
૬૮. ગુલાલવાડી, ત્રીજે માળે
મુંબઈ ૪૦૦૦૦૪

શ્રી પ્રવીણ પ્રિન્ટરી, સોનગઢ-૩૬૪૨૫૦